શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૩

વિરાટ ગ્રંથાવલિ

પુસ્તક તેંતેરમું

# પુષ્પોની સૃષ્ટિમાં

રમણલાલ વ. દેસાઈ, એમ. એ.

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❊ સંપુટ-૧

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

❊ સંપુટ-૨

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

❊ સંપુટ-૩

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

❊ સંપુટ-૪

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો?

# અર્પણ

કાંટાને પણ 'પુષ્પોની સૃષ્ટિમાં' સ્થાન છે એમ સ્વીકારી, વાગતે કાંટે સદા ય પુષ્પ-બિછાતમાં નિવાસ હોય એવું માનસ કેળવી જીવન સાથે રમતા નાટકધૂની

**શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતાને**

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
PUSHPONI SRUSHTIMA, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૪૩–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ–૩૬૪ ૨૫૦

# પ્રસ્તાવના

'પુષ્પોની સૃષ્ટિમાં' એ નામથી મારાં નવાં પાંચ નાટકોનો સંગ્રહ બહાર પડે છે. એને નાટકો કહો, નાટિકાઓ કહો, એકાંકી કહો, જે નામ આપવું હોય તે આપી શકાશે. અંક લગભગ પ્રવેશની ગરજ સારે છે એ જોતાં ત્રણ અને એથી વધારે અંકવાળાં નાટકોને 'નાટક' નામ આપીએ, અને એથી નાનાં નાટકોને 'નાટિકા' નું નામ આપીએ તો ચાલી શકે એમ અત્યારના નાટકલેખનનો વ્યવસાય કહી રહ્યો છે.

બધી જ નાટિકાઓ ભજવાઈ ચૂકી છે: 'પુષ્પોની સૃષ્ટિમાં', 'શક્તિસંભવ' અને 'રસતરંગ' રંગભૂમિ ઉપર અને 'નવલખી વાવ' તથા 'હે રામ!' રેડિયો ઉપર. રેડિયો ઉપર ભજવાયેલી કેટલીક નાટિકાઓ સહજ ચાતુર્યભર્યા ફેરફારથી રંગભૂમિ ઉપર પણ ભજવી શકાય એમ મને લાગે છે.

ધંધાદારી નાટકો લોપાય છે; અવેતન રંગભૂમિ વધારે જોર પકડે છે. એનો અર્થ એમ નહિ કે બે વચ્ચે ખાસ સરસાઈ છે. નાટકના ધંધાને તો સિનેમાએ જબરદસ્ત ફટકો માર્યો છે. છતાં ચલચિત્ર–સિનેમા–પણ એક પ્રકારનું નાટક જ છે, અને અવેતન રંગભૂમિમાં ઊપજતો પ્રજાકીય રસ નાટ્યકલામાં રહેલા જીવંત સામર્થ્યને જ સૂચવે છે એ વસ્તુસ્થિતિ આપણે ધ્યાનમાં રાખવાની છે. કલા તરીકે નાટક જીવંત છે–ધંધાદારી રંગભૂમિ પડી ભાંગે છે તો ય.

ચલચિત્ર–સિનેમા અઢળક ખર્ચ માગે છે. અચેતન રંગભૂમિ પણ છેક પૈસા વગર ચાલી શકે એમ નથી–કલાકારોનો શોખ ગમે એટલો નિ:સ્વાર્થી બને તો ય.

વીસમી સદીએ બે નવાં કલાસાધનો આપણને આપ્યાં :

(૧) સિનેમા – ચલચિત્ર – ટોકી-બોલપટ – ચિત્રપટ. આપણી ભાષામાં જે અંતિમ નામ ઘડાય તે ખરું.

(૨) રેડિયો–બ્રોડકાસ્ટિંગ–નભોવાણી–આકાશવાણી.

આપણા કલાવિધાનમાં એ બંને સાધનો જબરદસ્ત ફેરફાર કરે છે. સાધનો ફરતાં કલાના આકારો પણ ફરે છે. કલાનાં વાહનો બદલાય તેમ તેમ તેના રૂપમાં ફેર પડતો જ ચાલે છે. ચલચિત્ર આંખને અને શ્રવણને બન્નેને સ્પર્શે છે, અને છબીકલા એને કાયમી પણ બનાવી શકે છે.

આકાશવાણી–રેડિયોનું વિશિષ્ટ સ્વરૂપ એ કે એમાં દૃશ્ય કશું જ નહિ. કાનને–શ્રવણને અનુલક્ષીને જ એમાં આખી કલારચના રચાય. એમાં ધ્વનિ મહત્ત્વ ભોગવે છે, દેખાતાં પાત્રો નહિ. ધ્વનિ જ એમાં પાત્ર બની જાય છે એમ કહીએ તો ચાલે. સાચું શ્રાવ્ય નાટક એ જ નભોવાણી નાટક નહિ ?

ધ્વનિ પાત્ર બને ત્યારે ધ્વનિએ પણ પ્રસંગને અનુરૂપ સ્વાંગ ધારણ કરવો પડે. ધ્વનિ સ્ત્રીનો હોય, પુરુષનો હોય, બાળકનો હોય, વૃદ્ધનો હોય–અને તે પણ જીવનને જડેલા વિધવિધ ભાવ અને રસને અનુરૂપ હોય. ધ્વનિ જ જ્યાં ભાવપ્રદર્શનનું મુખ્ય સાધન બને ત્યાં ધ્વનિ–કંઠ વિશિષ્ટ કેળવણી માગે છે. દેહઅભિનય અને [illegible] સહાય વગર માત્ર ઉચ્ચારણથી જ–[illegible]

કંઠકેળવણી – Voice cultu[illegible] [illegible]

આપણે ત્યાં કંઠના ઉત્કૃષ્ટ અભિનેતાઓ છે ખરા ? એકાદ–અદીમર્ઝબાન જેવા–ને યાદ કરીએ તો ! હશે. નહિ હોય તો થશે.

ધ્વનિએ–ધ્વનિકારે જ જ્યાં પાત્ર બનવાનું હોય ત્યાં પ્રસંગ પ્રમાણે, વસ્તુ પ્રમાણે, પાત્ર પ્રમાણે ધ્વનિફેરફારની આવડત અને સગવડ રાખવી જ જોઈએ. પરંતુ અંતે નભોવાણીમાં કંઠધ્વનિ જ મહત્ત્વ ધારણ કરે છે એ મૂલભૂત સિદ્ધાંત ન વિસરાય. રૂપાળી –આંખને પણ ગમે એવા–દેખાવની યુવતી જ નાયિકા બને એવો દૃશ્ય નાટકનો આગ્રહ નભોવાણીમાં નિરર્થક બને છે. કોઈ પણ યુવતી રૂપરહિત હોઈ શકે જ નહિ એ ધ્યાનમાં રાખીને પણ આપણે એટલું તો કહી શકીએ કે સુંદર, ઘટિત ધ્વનિવાળી, પ્રસંગને અનુરૂપ ઉચ્ચારણના આરોહઅવરોહની મરોડ સાચવે એવી કોઈ પણ યુવતી ધ્વનિપ્રભાવ વડે નાયિકા બની શકે – પછી ભલે રૂપની ક્રમગણતરીમાં તેના કરતાં બીજી યુવતી ચડિયાતી હોય !

પરંપરાગત નાટકોનાં સ્વરૂપો પણ બદલાતાં જ રહે છે. ચિત્રપટમાં 'ટેલિવિઝન' પણ ભારે ફેરફાર કરવા તલપી રહ્યું છે. આકાશવાણીએ ધ્વનિ ઉપર ભાર મૂકી આપેલાં નાટ્યસ્વરૂપોનાં નામ હજી સ્થિરતા પામ્યાં નથી. રૂપક, સંગીતરૂપક, રેડિયોનાટિકા જેવાં કૈંક નામો ફેંકાયે જાય છે. હું પણ એક બે નામ ફેંકું : શ્રાવ્ય નાટક અગર નાટિકા કે ધ્વનિનાટિકા જેવાં નામ આપી શકાય? એ આકારોને જે નામ મળે તે ખરું. સ્પષ્ટ સ્વરૂપ અને સ્વચ્છ નામ હજી ન પામેલા સાહિત્યઆકારો અહીં તેમ જ પશ્ચિમમાં ઘડાયે જાય છે.

નૂતનત્વને આપણે આવકારવું જ પડશે...ન ગમે તો પણ.

ધ્વનિનાટિકાના મારા બે પ્રયોગો 'નવલખી વાવ' અને 'હે રામ !' આ સંગ્રહમાં મૂક્યાં છે તેનો એક જ ઉદ્દેશ. નાટ્યકલાને નવાં નવાં સ્વરૂપો મળે એવા અખતરા થઈ રહ્યા છે. નૃત્ય, મૂક

અભિનય, મૂક દશ્ય રંગભૂમિ ઉપર ઉતારી પ્રસંગના નાટ્યભાવને પોષવા નેપથ્યે અપાતાં વિવેચન, સમજૂતી, અભિનય વાણી દ્વારા સ્પષ્ટ કરવાના પ્રયોગો પશ્ચિમમાં તેમ જ પૂર્વમાં – આપણે ત્યાં પણ – થઈ રહ્યા છે. બેલે, ઑપેરા, ટેબ્લો વગેરે પ્રકારોને આપણી અનુકૂળતા પ્રમાણે આપણે લઈ રહ્યાં છીએ, અને એમાં છેક અસફળતા મળી નથી.

ધ્વનિનાટિકાને–રેડિયોનાટિકાને આ ઢબે રંગભૂમિ ઉપર મૂકવાની સારી શક્યતા મને દેખાઈ છે. પ્રસંગનો સ્ફોટ કરતું વિવેચન આકાશવાણીમાં ભજવાતાં નાટકોમાં ઉપયોગી થઈ પડે છે; એ વિવેચન પ્રસંગોને, ધ્વનિને, વાતચીતને અર્થ અને સમજૂતી આપે છે. એ જ કાર્ય રંગભૂમિ ઉપર વિવેચનને સોંપતાં કેટલાંક સુંદર અભિનયદશ્યો સાર્થ અને રસમય બની શકે એમ છે. ધ્વનિ અને દશ્યના સંયોગીકરણનો અખતરો કેટલો સફળ થાય છે એ નાટ્યરસિકો અનુભવી શકે એ માટે બંને ધ્વનિનાટિકાઓ આ સંગ્રહમાં ઉતારી છે. ‘નવલખી વાવ’માં પ્રાચીનતાને પ્રગટાવવાનો પ્રયત્ન છે. ‘હે રામ !’ ગાંધીજીને સ્મરણાંજલિ આપતું રૂપક છે. એ મહાત્માની ભવ્યતાથી આપણે એટલા વ્યાપ્ત છીએ કે એ નથી એ ભાવ ઉપજાવવો મુશ્કેલ બની રહે છે. એટલે માત્ર તેમના અંતિમ ઉદ્‌ગારને જ અહીં ઉતારી, રૂપકને એ ઉદ્‌ગારનું જ નામ આપી, ગાંધીજી વગરનું છતાં ગાંધીજીથી વ્યાપ્ત રૂપક મારી નિર્બળ વાણીમાં મૂક્યું છે. ગાંધીજીના વિવિધ સમયના પહેરવેશવાળી છબીઓ અગર સ્વાંગ જે હવે શક્ય બનવા માંડચાં છે તેમનો ઉપયોગ એ નાટિકામાં થઈ શકે.

નાટકો વિષે મારે આથી બીજું કાંઈ કહેવાનું ન હોય–મારાં નાટકો વિષે તો કાંઈ નહિ જ.

કદી કદી ભજવવા માટે પરવાનગી માગતા પત્રો ઉપરથી એમ લાગે કે મારાં નાટકો તરફ સહજ કોઈની નજર જાય છે ખરી.

પરવાનગીના હક્ક એટલા પૂરતા પણ સાચવવા જેવા છે! પરવાનગી વગર ભજવનારને અપરાધના વર્તુલમાં લાવવા સરખું નાટકોનું મહત્ત્વ હજી વિકસ્યું નથી જ એ હું જાણું છું.

ભજવવામાં કદી કોઈ નાટક ઉપયોગી થઈ પડે એટલું જ એનું સાર્થક્ય. નાનપણનો નાટકો જોવાનો, ભજવવાનો અને લખવાનો શોખ હજી ઘટતો નથી એ વિચિત્રતાની કબૂલાત અત્રે હું આપી દઉં, જોકે વર્ષો થયાં ભજવણીમાં ભાગ લેવા કોઈ મને આગ્રહ કરતું નથી!

૯-૩-૫૨
કૈલાસ, મદનઝાંપા રોડ,
**વડોદરા**

**રમણલાલ વ. દેસાઈ**

## અનુક્રમ


| ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પુષ્પોની સૃષ્ટિમાં | ૧ |
| ૨ | નવલખી વાવ | ૪૨ |
| ૩ | શક્તિસંભવ | ૬૩ |
| ૪ | રસતરંગ | ૧૧૧ |
| ૫ | હે રામ ! | ૧૪૪ |



મુદ્રણો

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ, ૧૯૫૨

બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે, ૧૯૯૨

પ્રત : ૭૫૦

# પુષ્પોની સૃષ્ટિમાં

## વસ્તુ

અવકાશમાં ફરતી પૃથ્વીને એકાંતનો અણગમો આવે છે, શરમાતા ચન્દ્ર કરતાં વધારે તરવરતો અને વૈવિધ્યભર્યો સાથ માગે છે, અને અગમ્ય–ઈશ્વરી શક્તિ–પૃથ્વીને પુષ્પસૃષ્ટિ બક્ષે છે. એથી પણ સંતોષ ન પામતી પૃથ્વી પુષ્પસૃષ્ટિમાં આનંદ માણનાર વધારે જીવંત સૃષ્ટિ માગે છે અને અગમ્ય તે આપે છે. જળચર, ખેચર, ભૂચર પ્રાણીઓ અને અંતે માનવ જોડલું–સ્ત્રી અને પુરુષ–પ્રગટે છે. પુષ્પ સૃષ્ટિ પરખાશે એ વિચારે પૃથ્વી આનંદ પામે છે.

પુરુષપ્રતિનિધિ રાજન અને સ્ત્રીપ્રતિનિધિ સુંદરી પુષ્પસૃષ્ટિનો પરિચય સાધે છે, અને પરસ્પર મળે છે. સુંદરીને રાજન પુષ્પમાળા અર્પે છે, પરંતુ સુંદરી એ પહેરી રાજનને પણ એક જ પુષ્પમાળાના બંધનમાં બાંધવા માગે છે. રાજન બીજી માળા માગે છે એટલે સુંદરી એમાં અપમાન સમજી પોતાને અપાયેલી માળા ફેંકી દે છે. વીર–પુરુષવર્ગનો બીજો પ્રતિનિધિ સુંદરીને માળા અર્પે છે,

જે માળા એ રાજનને પહેરાવવા જાય છે, જેની વીર ના પાડે છે, કારણકે સુંદરી માટે સરજાયેલી માળા બીજાને ન આપી શકાય. આવી શકતી ભેટ ન સ્વીકારતી સુંદરી વીરની માળાને પણ ફેંકી દે છે.

ફેંકી દીધેલી બન્ને માળા પુરુષવર્ગનો ત્રીજો પ્રતિનિધિ ધનપાળ ઊંચકી લઈ પોતાની બનાવે છે. પારકી મહેનત અને માલિકીને યુક્તિથી પોતાની બનાવી દેનાર ધનપાલ રાજન અને વીર વચ્ચે યુદ્ધ ઉપજાવે છે. અને વગર લડચે સુંદરીને પોતાની બનાવવા આગ્રહ કરે છે. ધનથી ન વેચાતી સુંદરી ધનપાલને દૂર કરે છે.

પુષ્પસૃષ્ટિની અધિષ્ઠાત્રી માલિની એ સૃષ્ટિના માલિક બનેલા ધનપાલની સૂચના અનુસાર પુષ્પોને વેચવા કાઢે છે. ધર્માનન્દ, રસિક. કવિ, અને સેવક પુષ્પો લેવા આવે છે. પુષ્પો સુકાઈ જાય છે. સુંદરી પ્રવેશ કરી પુષ્પસૃષ્ટિમાં પોતાનો પુરુષ સરખો જ હક્ક–હિસ્સો આગળ કરી પુષ્પો વહેંચવા માલિનીને જણાવે છે. પુષ્પોની આવી લૂંટ સામે ધનપાલ રાજન સમક્ષ ફરિયાદ કરે છે. સુંદરીની હઠીલાઈ અંગે રાજન સુંદરી ઉપર શસ્ત્ર ઉગામે છે. એકાએક સ્ત્રીશક્તિના અર્કરૂપ ચંડીનું સ્વરૂપ પ્રગટ થાય છે, જે ઓસરતાં ધનપાલ રાજનની સત્તા દૂર કરવા વીરને આગળ કરે છે. રાજનને સમજાય છે કે તેની સત્તા ધનપાલના ધનને વેચાઈ ચૂકી છે. વીરનું વીરત્વ ધનપાલના ધનને વેચાતું મળતું નથી. ગ્રીષ્મના પ્રલયથી બળતી પુષ્પસૃષ્ટિને બચાવવા સહુ કોઈ પ્રયત્નશીલ થાય છે. પ્રયત્નની સફળતા ન નિહાળતાં માનવી વેચાણમાત્ર બંધ કરવાની પ્રતિજ્ઞા લઈ અગમ્યની પ્રાર્થના કરે છે. અને અંતે વર્ષા આવી પુષ્પસૃષ્ટિને સજીવન કરે છે.

ધન, નફો અને વેચાણની પ્રથા માનવીના સંસ્કાર સરખી પુષ્પસૃષ્ટિને બાળી રહી છે. એ પ્રથાને બદલતાં, અબાધિત–અમાલિક વર્ષાના સંકેત સરખી મજિયારી–સહુની સમાન સુખવ્યવસ્થા રચાતાં સૃષ્ટિ સજીવ બની શકે એ ધ્વનિ આ નાટિકામાં ઉપજાવવા પ્રયત્ન કર્યો છે.

## સ્થળ

કોઈ પણ ગહનતાનું ભાન કરાવતું સ્થળ, જેમાં પુષ્પો ઊગી બગીચો ખીલી નીકળે એવું.

નાનકડું ચંડીમંદિર ઢંકાયલું અગર વગર ઢંકાયલું એક સ્થળે ઊભું રાખવું, જેનો ઉપયોગ નાટિકામાં દર્શાવેલા પ્રસંગે કરવાનો છે.

## સમય

ચંદ્રનો પ્રકાશ ઝીલતી પૂર્ણિમા, અને ગ્રીષ્મનો મધ્યાહ્ન બન્ને યોગ્ય સમયે બતાવવાં.

## સૂચન

કલ્પનાને રંગભૂમિ ઉપર જીવંત બતાવવા જેટલી સામગ્રી ઉપયોગમાં લેવાય એટલી આ નાટિકામાં લઈ શકાય એમ છે.

પૃથ્વી, ચંદ્ર અને પુષ્પો સરખાં પાત્રો Symbolic—સંકેત-રૂપ છે એટલે તેમને ઓળખી શકાય એવી ઢબે શણગારવાં પડશે

નાટિકામાં પ્રકાશ-છાયાનો બને એટલો વધારે ઉપયોગ કરી શકાશે.

અગમ્યનું અને ચંડીનું દર્શન ખાસ પડદાની યોજના માગે ખરું. આ એકઅંકી નાટિકાનો મુખ્ય પડદો ખુલ્લો જ રહે છે. અંદર બીજા એક-બે પડદાની જરૂર લાગે તો તે યોજવા. અગમ્યનું મૂર્તસ્વરૂપ માત્ર બે ચમકતી કૃત્રિમ આંખો પડદા ઉપર દેખાડવાથી ઊપજી શકશે.

જેવી સગવડ તેવી રંગભૂમિ : જેવી રંગભૂમિ તેવી સગવડ : એ સૂત્ર ગમે તે નાટકને ગમે ત્યાં ભજવવા યોગ્ય બનાવી દે છે.

પુષ્પોના પ્રાગટ્ય સમયે રંગભૂમિ અને શ્રોતાવર્ગની બેઠકોમાં કોઈ સુવાસિત દ્રવ્ય ફેલાવવાની યોજના બને તો કરવી.

## પાત્રો

પૃથ્વી
ચન્દ્ર
અગસ્ત્ય
વિવિધ પુષ્પો—પુષ્પ સ્વરૂપો
રાજન
સુંદરી
વીર
ધનપાલ
માલિની
ધર્માનન્દ
રસિક
કવિ
સેવક
યુવક, યુવતી, બાલિકા
ચંડી
વર્ષા
વગેરે

## દૃશ્ય

[ આકાશમાં તારા, નક્ષત્ર, રાશિમંડલો ચમકી રહ્યાં છે. શાંતિ પ્રસારતો અદૃશ્ય વાદ્યસમૂહ સૂરાવલિ વેરે છે.

[ પૃથ્વી પ્રવેશ કરે છે, ચારે પાસ જુએ છે અને અને ગાય છે. ]

પૃથ્વી :

દિન વીતે, રજની વીતે,
હસી આછું ચંદ્ર રિસાય,
અમીભર આંખ નિત્ય મીંચાય;
એવા સુહૃદયને હું શું કરું ?

[ સ્મિતસહ ગાતાં ગાતાં ચંદ્ર પ્રવેશ કરે છે. ]

ચંદ્ર :

દિન વીતે, રજની વીતે,
જરી સુહૃદ કદી રિસાય;
ખીજવી પક્ષભર સંતાય;
સખી, શું રક્તલોચન થાય ?
તેજબિછાત કહે ક્યાં પાથરું ?

પૃથ્વી : આવ, આવ, ચંદ્ર ! સદા ય સંતાતો, શરમાતો, રિસાતો ! મને બહુ એકલું લાગે છે. તારી પૂનમબિછાતમાં આપણે ફરીએ અને નાચીએ.

[ ચંદ્રને સાથમાં લઈ પૃથ્વી નૃત્યગીત ગાય છે. અવકાશમાં એનો પડઘો પડે છે. ]

એકલાં રમતાં ન ફાવે.
સાથમાં કોણ કોણ આવે?
હો એકલાં રમતાં ન ફાવે.
યુગયુગની કૂદડી ને કલ્પની પ્રદક્ષિણા!
સળગેલ સૂર્ય કંઈ ન કહાવે.
હો એકલાં રમતાં ન ફાવે.
ધ્યાન ધરી તારલા તપમાંહી ઊતર્યા,
સાદ નવ એકે સુણાવે.
હો એકલાં રમતાં ન ફાવે.
અણબોલ અંતરીક્ષ, અણજાણ્યા આભમાં
ગંગા યે નીર ના રેલાવે.
હો એકલાં રમતાં ન ફાવે.
સહિયરનો સાથ ભળે, તાળીભર્યો હાથ મળે,
કોણ આવી ગરબે ઝુલાવે?
હો એકલાં રમતાં ન ફાવે.

અર્ધ અંધકાર અને અર્ધ પ્રકાશનાં આ સનાતન નૃત્યથી મને હવે કંટાળો આવ્યો છે.

ચંદ્ર : હું છું ને?

પૃથ્વી : અબોલ! મહિને એક વાર પૂરો દેખાય! પછી પાછું મુખ ઢાંકચે જ જવાનો! મારો નૃત્યશ્રમ કશું જ નિપજાવતો નથી.

ચંદ્ર : માગ, અગમ્ય પાસે જે માગવું હોય તે! એના ભંડાર ભરપૂર છે. જે માગીએ એ મળે જ છે. મને માગ્યો અને હું મળ્યો. પણ જોજે, મળ્યા પછી કંટાળતી! મારાથી કંટાળે છે તેમ!—જો...જો...અગમ્ય સ્પષ્ટ થાય છે શું?

[અગમ્યનું દર્શન થાય છે, આછું, ન સમજાય એવું કોઈ સ્વરૂપ માત્ર બે આંખો રૂપે પ્રગટ છે.]

અગસ્ત્ય : શ્રમ એટલે જ તપ. અને તપને કશું જ અસાધ્ય નથી.

પૃથ્વી : મારા તપે શું સાધ્ય કર્યું ? નિષ્ફળ નાચ્યા જ કરું છું.

અગસ્ત્ય : માગ, માગ ! જે માગે તે આપું. તારે શું જોઈએ ? મારા ભંડાર ભરપૂર છે, અખૂટ છે.

પૃથ્વી : મને સમજાતું નથી કે મારે શું જોઈએ. પણ કાંઈ નિત્ય નવું નવું જોઈએ. હે અગસ્ત્ય ! જુઓ ને, આકાશને આપે કેવું શોભાયમાન કર્યું છે ? તેજતેજનાં બિંદુઓ ! તેજતેજનાં સાથિયા ! તેજતેજનાં તોરણો ! તેજતેજભરી નિહારિકાની નદીઓ ! પણ એ બધાં ય મૂક. આંખને ઝબકાવતા તેજ સિવાય એમની પાસે કશું જ નહિ. મને કાંઈ એવું આપો જે બીજે ન હોય ! મને કાંઈ એવું આપો જે મારી આંખને ગમે અને મારા જડ પટને પ્રફુલ્લિત કરે, સુવાસિત કરે, પુષ્પિત કરે.

અગસ્ત્ય : તથાસ્તુ !

[ અગસ્ત્ય અદૃશ્ય થાય છે. અપૂર્વ સુવાસ વ્યાપક બને છે. નાનકડા સરોવરમાં કમળ ખીલે છે. કંદબનું વૃક્ષ ફૂલથી ઉભરાઈ જાય છે. બકુલ અને પારિજાતમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે. ગુલાબ અને મોગરાના છોડ ઉપર પુષ્પો ચમકી રહે છે. વેલી ઉપર જાઈ-જૂઈનાં પુષ્પ ઝૂલી રહે છે. ચંપાકળી વિકસી પુષ્પ બને છે, કાંટા ઉપર કાંટા-સેરિયા, આંકડા અને થોર ઉપર પણ પુષ્પ. જમીન ઉપરના ઘાસમાં પણ નાનાંમોટાં રંગીન કે ધોળાં પુષ્પો વેરાયલાં છે.

પૃથ્વી એ સર્વ નિહાળી પ્રથમ મુગ્ધ બને છે: ચંદ્ર શીત અવિકારી રહે છે. પછી પૃથ્વીમાં સ્ફૂર્તિ આવી જાય છે. ]

પૃથ્વી : પરિમલનું જાણે સ્વર્ગ સરજ્યું ! નહિ નહિ, આંખે પણ સ્વર્ગસૃષ્ટિ જોઈ ! એને શું કહું ? પરાગસૃષ્ટિ ? રંગસૃષ્ટિ ? પુષ્પસૃષ્ટિ કહું ? લાવ, એમની ઓળખાણ કરું.

[ કમળ પાસે જાય છે. કમળ માનવ બાલક સ્વરૂપ ધરી પ્રત્યક્ષ થાય છે...પ્રત્યેક પુષ્પ માનવ-મૂર્તિ ધારણ કરી વાતચીત કરે છે. ]

તારું નામ ?

કમળ : નામ જ કોઈનાં ન પાડશો ને ! નામ એટલે ખીજ !

પૃથ્વી : તું તો બહુ રિસાળ. નામ વગર કેમ ચાલે ?

[ ગુલાબ પાસે જાય છે. ]

તને શું કહું ?

ગુલાબ : કાંઈ જ નહિ. નામ સાથે નાશ સર્જાશે તો ?

પૃથ્વી : અપશુકનિયાળ ! આવા સૌંદર્ય સાથે નાશને યાદ કરાય ?

પારિજાત : નાશ કાંઈ અપશુકનિયાળ નથી. હું ખીલીશ, ફૂલીશ, ખરીશ—પાછળ મારી નિત્ય ખિલાવટ મૂકી જઈશ. નાશ પામતાં પામતાં તમે મને નિત્ય નિહાળશો. ઢગલે ને ઢગલે.

પૃથ્વી : પણ બધાંને ઓળખવાં તો પડે ને ?

[ ચંપા પાસે અને એમ વિવિધ પુષ્પછોડ કે વૃક્ષ પાસે જઈ વાતચીત કરે છે. ]

બોલ, તને શું કહીને બોલાવું ? રંગ કહું ?

ચંપો : અમને જુઓ, નિહાળો, ઓળખો. પછી જરૂર પડચે નામ આપજો. મને એકલો રંગ કહો એ મને ન ગમે.

બકુલ : એને રંગ કહેશો તો મને શું કહેશો ?

પૃથ્વી : તું તો જરા તીખી લાગે છે !

મોગરો : હું મિઠ્ઠો છું.

જૂઈ : એની તો ઘટ્ટ મીઠાશ; મારાસરખી મગતી—સમાતી—સોહાતી મીઠાશ નહિ. મીઠાશ પણ વધારે હોય તો વાગે.

ચંદ્ર : ( પૃથ્વીને ) ક્યાં તેં આ જંજાળ ઊભી કરી ? મારા જેવી શીત શાંતિ રાખી હોત તો...

પૃથ્વી : નહિ, નહિ. મને આ જંજાળ ગમી. રંગ અને સુવાસના જાણે કટોરા સરજાયા !

ચંદ્ર : ( સ્વગત ) આ પૃથ્વીને જરા ય જંપ નથી...

પૃથ્વી : ચાલ ચાલ, ચંદ્ર ! આપણે આ નવાં પુષ્પસૌંદર્યની સાથે નાચીએ...તું તો બહુ ટાઢો !

ચંદ્ર : હું નાચવા માટે હતોસ્તો ! આવડા મોટા ટોળાંની સાથે પગ મૂકતાં પણ મને નહિ ફાવે !

પૃથ્વી : તું એવો ને એવો જ રહ્યો !...રિસાળ ! અદેખા ! શરમાળ ! ત્રીસ અંધારિયે એક વાર પૂરો હસે ! રોજ કંઈ ને કંઈ વાંકું જ પડવાનું ! તને હસાવતાં હું હારી ગઈ, માટે તો આ પુષ્પસૃષ્ટિ માગી !

ચંદ્ર : હજી કોણ જાણે તું શું શું માગીશ ! જોજે, માગતાં એવું ન મગાઈ જાય કે તને પસ્તાવો થાય...

પૃથ્વી : ( પુષ્પવૃંદને ) આવો મિત્રો ! સખીઓ ! આપણે એવું માગીએ કે રિસાતો ચંદ્ર મનાય. રિસાતો પણ ચંદ્ર મને અને તમને અમૃત પાશે.

[ ચંદ્રને મનાવતાં પૃથ્વી પુષ્પોની છૂટી પડેલી માનવ આકૃતિઓ સહ રાસ માંડે છે. ]

રાસ

આજે મયંકરાજ હો ! શાને રિસાણા.
ચૂક્યા શેં આજનાં ટાણાં ? હો શાણા !
મયંકરાજ હો ! શાને રિસાણા.

સ્મિતના સોહાગને રે, બુરખે ન ઢાંકીએ,
પુષ્પોનાં આજ આવે આણાં—અણજાણ્યાં—
મયંકરાજ હો ! શાને રિસાણા.

ચંદનના ચોકમાં રે, આવો ને ખેલીએ,
જોજો ન જાય વીતી વહાણું, ને લહાણું.
મયંકરાજ હો ! શાને રિસાણા.

કાળી કાળી કીકીઓ રે, સુરમે સજેલી,
ઝેરભર્યાં તીર કેમ તાણ્યાં–વીંધાણાં.
મયંકરાજ હો ! શાને રિસાણા.

કુમળી કટોરીઓ રે, લાવતી વધામણાં,
ઉરના સંદેશ શેં ન જાણ્યા કે માણ્યા ?
મયંકરાજ હો ! શાને રિસાણા.

ચંદ્ર : ( સહજ સ્મિત સહ ) હવે તને સંતોષ થયો ? મારી સાથે એકલાં ગાતાં ન ફાવ્યું, તો લે, આ પુષ્પસૃષ્ટિ તને મળી.

પૃથ્વી : પણ, ચંદ્ર ! તને નથી લાગતું કે તારી તેજબિછાત અને મારી પુષ્પબિછાતને ઓળખે, પારખે, એમાં આનંદે, એમાં મોજ માણે, એને ગાય એવી કોઈ ભાનભરી સૃષ્ટિપરંપરા ઊપજે તો સુખસુખના પુંજ પથરાય ? હું અને તું એકલાં સુવાસને ભોગવીએ એના કરતાં...

ચંદ્ર : એ પણ માગ, આટલું ઓછું હોય તો !...અરે જો, માગતાં પહેલાં તને કાંઈ કાંઈ મળે છે ! અગમ્ય તને પ્રસન્ન છે.

[ પૃથ્વી સહર્ષ જુએ છે. જીવનની પ્રગતિસૂચક જળચર, ખેચર, ભૂચર અને અંતે માનવજોડલું–પુરુષ અને સ્ત્રી પ્રગટ થાય છે. પુરુષના હાથમાં ધનુષબાણ છે. ]

પૃથ્વી : હવે મારી પુષ્પસૃષ્ટિ પરખાશે.

[ પુરુષ પાસે જઈને ]

તારું નામ ?

રાજન : મને રાજન કહો, સહુ કોઈ ! નજરે પડતી સૃષ્ટિનો માલિક હું જ ને ?

પૃથ્વી : માલિક છો કોણ જાણે! માલિક થવાની જરૂર નથી. પૃથ્વી ઉપર જે જોઈએ તે મળે એમ છે.
અને તું કોણ?
[ સ્ત્રી પાસે જઈ ]

સુંદરી : મને શું કહેશો ?

રાજન : હું એને સુંદરી કહીશ. બહુ સુંદર લાગે છે. હું એને મારી બનાવી લઈશ.

પૃથ્વી : સૌંદર્યને પ્રીછજે, પૂજજે. સૌંદર્ય ત્યારે જ સત્ય અને શિવ બનશે. સૌંદર્યને તારું એકલાનું જ ન બનાવી રાખીશ. નહિ તો એ સૌંદર્ય પણ તારા હાથમાંથી સરી જશે.

રાજન : એટલે ?

પૃથ્વી : પ્રથમ તમે બન્ને પિછાનો આ પુષ્પસૃષ્ટિને. એનો સાચો પરિચય સાધશો તો સ્વર્ગની એક બારી ખૂલી જશે. પુષ્પ સાથે રમો હવે. પુષ્પ સાથે રમતાં આવડશે તો સનાતન રમત આવડી જશે. તમને રમતાં રમાડતાં આવડશે તો એ તમારાં છે...નહિ તો કોઈનાં યે નહિ થાય.

[ પૃથ્વી અને ચંદ્ર જાય છે. સુંદરી હસતી હસતી સંતાઈ જાય છે; રાજન તેને શોધે છે. જરા જરા દેખાતી સુંદરીનું ગીત સંભળાયા કરે છે. ગીતની લહરી જુદી જુદી પુષ્પલતાઓ વચ્ચેથી આવે છે. અને ત્યાં ત્યાં રાજન સુંદરીને ખોળતો જાય છે. ]

સુંદરી :

૧ કુસુમ જગ જાગે !
મન શું શું માગે ?
ચંદ્રે રંગ્યાં, અરુણે રસિયાં,
ઊછળે ઉષા પરાગે......
મન શું શું માગે ?

---

૧ રાગ-તિલક કામોદ.

ઝૂલે ઝૂલતાં, રૂપે ખીલતાં,
રમતાં રસભર ફાગે......
મન શું શું માગે ?

સ્નિગ્ધ સુવાસ કટોરે છલકચાં
કુસુમ કપોલે વાગે......
મન શું શું માગે ?

રાજન : તું ક્યાંથી ગાય છે? મને દેખાતી જ નથી તું.

સુંદરી : તને આંખ જ ક્યાં છે? હું તો તારી પાસે જ છું. આ રહી.

રાજન : તું બોલે છે, પણ જડતી નથી. મારી ચારે પાસ તો હું પુષ્પોના ગુચ્છ જોઉં છું. તને પુષ્પો સંતાડી રાખે છે.

સુંદરી : જડ ! અરસિક ! તો પૂછી જો પુષ્પોને કે હું ક્યાં છું.

રાજન : પુષ્પો ! મારી આંખને ગમતી એ મૂર્તિ તમે ક્યાં સંતાડી છે ?...જવાબ આપો.

[ પુષ્પો હસે છે. ]

હસો છો? મને ગુસ્સે કરશો તો હું તમારી જડ ઉખાડી નાખીશ.

પુષ્પ : ઓ માનવી ! તારી તાકાત એટલી જ લાગે છે. એ તારી જ તાકાત તારી જડ ઉખાડી ન નાખે એટલું જોજે.

રાજન : તો હું કેમ પૂછું? કોને પૂછું? સુંદરીને સંતાડો છો એ સહન થતું નથી.

પુષ્પ : હાં, એમ જરા નમતો જા. પૂછ ભાવસહ, માનસહ. એકાદ પુષ્પ જવાબ આપશે જ.

રાજન : પણ કોને પૂછું? હું નથી તમને ઓળખતો, નથી તમારું નામ જાણતો.

પુષ્પ : તને ગમે તે નામ આપ. અમે જરૂર ઉત્તર આપીશું.

રાજન : ( કમળને ) તને કમળ કહું? કમળ ! સુંદરીને તેં સંતાડી છે?

કમળ : હા હા, એની આંખ મેં મારી પાંદડીમાં સંતાડી છે, અને એના હાથની હથેળી અને પાની પણ...

રાજન : તો તે સોંપી દે.

કમળ : ટુકડા ટુકડા કેમ સોંપાય?

[ હસે છે. રાજન બીજા પુષ્પ પાસે જાય છે ]

રાજન : ગુલાબ! તને ગુલાબ કહું? મારી રસભાવના તેં ક્યાં ઢાંકી દીધી?

ગુલાબ : એનો આખો રંગ મારી પાસે છે, અને એની કુમાશ પણ.

ચંપો : હું વાંધો ઉઠાવું છું, એનો રંગ તો મારામાં ભળી ગયો.

[ ચંપા પાસે જઈને ]

રાજન : તારું નામ? તને ચંપક કહું?

ચમેલી : અને એની કુમાશ તો મારામાં છે, ગુલાબમાં નહિ!

રાજન : તને શું કહીને બોલાવું? ચમેલી કહું? તમે માગશો એ નામ તમને આપીશ. પણ એ સંતાડેલું સૌન્દર્ય મને પાછું સોંપો!

પારિજાત : મને તો કોઈ પૂછતું જ નથી!

રાજન : તું કોણ? પારિજાત! તારી સૌરભ મને ખોવાયેલી સુંદરી જરૂર આપશે. તારા સૌરભપુંજમાંથી જ સુંદરી પ્રગટેલી લાગે છે...

બકુલ : આવે તો ખરો લેવા! સુંદરી કાંઈ તારી નથી...

રાજન : મીઠી તીખાશભરી બોરસલી! સુંદરીનો અંશ તારામાં જરૂર છે! સુંદરી એ માનવીની સમૃદ્ધિ, માનવીનું સૌન્દર્ય, માનવીની ભાવના! એને સંતાડવી અને પાછું પુરુષની નિઃસહાયતા ઉપર હસવું! પુષ્પોને શોભશે?

કમળ : તું શું એકલો જ માનવી છે?—પુરુષ છે? બીજાને એ ગમતી હોય તો?

રાજન : હું રાજન છું, સત્તાશીલ છું. માગું તે મેળવી શકું છું...

ગુલાબ : આ સુંદરી તો મળતી નથી!

રાજન : તમે પુષ્પોએ જ એને ભરમાવી છે.

મોગરો : પૂછી જો એને અમે ભરમાવી હોય તો!

રાજન : પણ ક્યાંથી પૂછું? એ છે ક્યાં?

બકુલ : મૂર્ખ! હજી ન સમજ્યો? જુદાં જુદાં પુષ્પોમાં સુંદરી સંતાઈ હોય તો પુષ્પોને ભેગાં કર; આપોઆપ એમાંથી સુંદરી મળી આવશે! સુંદરી એટલે સર્વ પુષ્પોનું મિલન! સૌંદર્યગુચ્છ!

[ રાજન પુષ્પોને ભેગાં કરે છે. સુંદરી પાછળથી આવી તેની આંખ મીંચે છે ]

રાજન : કોણ છે?

સુંદરી : કાળો કાળો ચોર છે!

[ આંખેથી હાથ ખસેડી હસે છે. ]

રાજન : હું ક્યારનો તને શોધ્યા કરું છું!

સુંદરી : જીવનભર તું મને અને હું તને શોધ્યાં જ કરીએ... મળીએ – છતાં આપણે મળતાં હોઈએ એવું લાગતું જ નથી. નહિ? રાજન! એમ કેમ થાય છે?

રાજન : આપણે આ પુષ્પોની સૃષ્ટિમાં જ રહીએ તો? એ સૃષ્ટિમાં સૌન્દર્ય છે, રમૂજ છે. આનંદ છે! એ સૃષ્ટિને હું મારી બનાવું. જો આ પુષ્પ માળ! તારા માટે હું ગૂંથું છું બનાવું. જો આ પુષ્પમાળ! તારે માટે હું ગૂંથું છું!

સુંદરી : તું કેટલાંને તારાં બનાવીશ? મને તારી બનાવવા મથે છે; હવે પુષ્પસૃષ્ટિને!

રાજન : તું બોલ્યા કર. મને તારું એ બોલવું ગમે છે...એટલામાં... હું માળા પરોવી લઉં.

સુંદરી : લાવ, લાવ, એ મને ખૂબ ગમશે...પુષ્પો જ માનવીનાં સાચાં આભૂષણ...લાવ...

[ માળા પહેરે છે. ]

હવે સાથે સાથે તને પણ એ જ પહેરાવી બાંધી લઉં...તો?

[ પહેરાવવા જાય છે – પોતાના ગળામાં રાખીને. ]

રાજન : ( સ્વગત ) બાંધી લેવા માટે? હું રાજન! બંધાઉં?... મને રાજનને, પુરુષવર્ગને બંધન કેવાં? ( પ્રકટ ) અરે જો ને સુંદરી! મને તું બીજી માળા જ ગૂંથી આપ ને? આટલાં પુષ્પો છે; તેમાં કંજૂસાઈ શા માટે કરવી?

સુંદરી : એક માળા બન્નેથી સાથે ન પહેરાય? જે મારી માળા ન પહેરે એ મારું હોય જ નહિ! એક જ માળા હું અને તું પહેરીએ.

રાજન : જરા ફાવે ઓછું; નહિ? બન્નેને બંધન લાગે! એના કરતાં તું મને બીજી માળા જ ગૂંથી આપ ને? મેં તને આપી. તું મને આપ; બદલો વળી ગયો!

સુંદરી : બદલો માગે છે? સ્વાર્થી! નહિ જોઈએ તારી માળા!

[ માળા ફેંકી દે છે. વીર હાથમાં માળા લઈ પ્રવેશે છે. ધનપાળ ખાલી હાથે – હાથનું ખાલીપણું પ્રદર્શિત કરતો – પ્રવેશ કરે છે પુષ્પોનાં સત્ત્વ ધીમે ધીમે પુષ્પવૃક્ષોમાં અલોપ થાય છે. અલોપ થતાં થતાં...]

પુષ્પ : પુષ્પોની સૃષ્ટિમાં માનવપુરુષે ઉજાડ શરૂ કર્યો...માલિકીની મમતામાં!

વીર : સુંદરી! આ મારી માળા લે. રાજનની માળા કરતાં વધારે સારી છે! અને હું કશો જ બદલો નહિ માગું!

સુંદરી : કાંઈ જ બદલો નહિ? એનું જ નામ સાચી ભેટ! લાવ.

[ માળા હાથમાં લે છે ]

પણ જોજે. બદલો નહિ ને? કશી શરત ન જોઈએ.

[ માળા રાજનના ગળામાં ભેરવવા જાય છે. ]

વીર : ( ઉગ્રતાથી ) એ નહિ બને ! કોઈને આપી દેવા એ માળા તને પહેરાવી નથી; તું જાતે પહેર.

સુંદરી : હું જાતે પહેરું અને તારી જ આંખનું રમકડું બનું, ખરું ? એ શરતી ભેટ છે. શરતી ભેટ એટલે જ બદલો. નહિ જોઈએ તારી માળા ! સુમન, સૌરભ અને સુંદરી વેચાતાં નહિ મળે, બદલામાં નહિ મળે, શરતોમાં નહિ મળે ! વેચાતાં મળે એ સુમન નહિ, સૌરભ નહિ, સુંદરી નહિ. સૌંદર્યના એ કાળા પડછાયા !

[ માળા ફેંકી દે છે. ધનપાળ બન્ને માળા ઉઠાવી લે છે ]

ધનપાળ : ( સ્વગત ) હું બે માળાનો માલિક બન્યો...એક પણ માળા ગૂંથ્યા વગર. માટે જ હું ધનપાળ ને ?

રાજન : અરે ધનપાળ ! અમારી માળા તું શા માટે ઉઠાવી લે છે ?

ધનપાળ : રાજન ! હવે એ તારી માળા ક્યાંથી ? તે તો સુંદરીને આપી દીધી...હવે એ તારી રહી નહિ.

સુંદરી : મારી તો છે ને ? મને આપેલી માટે...

ધનપાળ : લે ! તેં તો ફેંકી દીધી ! હવે ફેંકી દીધી પછી માળા તારી ક્યાંથી રહી ?

વીર : ભલે અમે માળા આપી દીધી અને સુંદરીએ ફેંકી દીધી. તારું એમાં શું લાગે ? તું કેમ માળાનો માલિક થાય છે ?

ધનપાળ : તમે માલિક મટી ગયા માટે ! ( સ્વગત ) બે મૂર્ખની મહેનત ભેગી કરી હું સાચવું એમાં કોઈને શું ? ( પ્રકાશ ) જુઓ, રસ્તે પડેલી ચીજ મેં લીધી – તમારી મટી ગયેલી ચીજ લીધી. હું તો ધૂળમાં રગદોળાતાં પુષ્પોને લઈ સાચવી ઊભો છું. સુંદરી હા પાડે તો હું બન્ને માળા એને પહેરાવી

દઉં ! મારે પાસે રાખવી નથી...( સ્વગત ) એમાંથી સુંદરીને મારી બતાવી દઈશ.

સુંદરી : પણ કોની માળા તું કોને આપે છે ?

ધનપાળ : હવે મારી...અરે જવા દો ! એમ જ માનો ને કે હું તમારે માટે આ ફૂલમાળા સાચવી ઊભો છું ! પછી કાંઈ ? ( સહજ હસે છે. )

રાજન : અમારે માટે ?

ધનપાળ : હા હા, તમારા ત્રણેને માટે !

વીર : એ કેવી રીતે ?

ધનપાળ : જરા શાંત પડો તો હું સમજાવું. સહેલી વાત છે. આ સુંદરી તમારા બન્નેમાંથી કોની માળા સ્વીકારે છે એ નક્કી કર્યો, ત્યાં સુધી હું માળા સાચવી આ ઊભો. તમારે જ માટે ...તમે જાતે સાચવી શક્યા નહિ એટલે !...હું તમારી માળાનો વાલી બન્યો છું. તમારી માળાનો ઉદ્દેશ તો સુંદરીને અર્પણ કરવાનો, નહિ ? નક્કી કરો ચાલો.

રાજન : પણ હવે સુંદરી કોની માળા સ્વીકારે એ નક્કી કેમ થાય ? એણે તો અમારી બન્નેની માળા નકારી !...અને એને પૂછવું કેમ ? એ તો મુખ ફેરવી દૂર થાય છે.

[ સુંદરી જરા દૂર જઈ પુષ્પો જુએ છે ]

ધનપાળ : એમાં શું ? ઝઘડાનો ઝટ નિકાલ કરી નાખો.

વીર : પણ તે કેવી રીતે ?

ધનપાળ : બધા ઝઘડાનો નિકાલ થાય છે એવી રીતે. બન્ને અરસપરસ બળ અજમાવો; જીતે તે સૌન્દર્ય પામે – અરે, જીવન પણ પામે ! જીવનો એ નિયમ છે.

રાજન : એમ ? હું તૈયાર છું.

વીર : ઠીક...હું પણ તૈયાર છું. ખબરદાર !

[ રાજન અને વીર શસ્ત્રો ઉઠાવે છે.]

ધનપાળ : ( ધીમેથી ) રાજન ! હું તારે પડખે છું બરાબર લડી લે. હું ઊભો છું. તને જ જિતાડીશ.

[ વીર સાંભળી લે છે. ]

વીર : જોઉં છું તું કેમ રાજનને જિતાડે છે તે !

[ રણવાદ્ય વાગે છે. દૂર સંભળાય છે. શંખધ્વનિ થાય છે. રાજન અને વીર યુદ્ધનૃત્ય–યુદ્ધતૈયારી શરૂ કરે છે ]

ધનપાળ : ( વીર પાસે જઈ ધીમેથી ) હું તો રાજનને પટાવતો હતો. ગભરાઈશ નહિ. જરા ઝપટ કરી લે. રાજનને બાજુએ મૂકીશું–તું જો જરા જોર બતાવે તો...

[ વીર ધનપાળને ધક્કો મારી ખસેડે છે. યુદ્ધ શરૂ થાય છે. ]

સુંદરી : ( પાસે આવી ચિંતાથી ) ધનપાળ ! તેં આ શું કર્યું ? બન્ને જરૂર ઘવાશે.

ધનપાળ : જરૂર જરૂર, ઘવાશે...અને મરશે કે મૂર્છિત થશે. માત્ર હું જ છુટો રહીશ, વગર જખમે. ચાલી આવવું છે મારી સાથે ?

સુંદરી : ના, હું તો બનશે તો બન્નેને છોડાવીશ અને જે ઘવાશે તેને પાટા બાંધીશ.

ધનપાળ : તો સતત સારવારમાં જ રહેવું પડશે. યુદ્ધ પછી કોઈ-નામાં ફૂલ આપવાની તાકાત જ રહી નહિ હોય. હજી તું કહે તો આ બન્ને માળા તને હું પહેરાવી દઉં. ભલે લડતા એ બન્ને ! આપણે ખસી જઈ મોજ કરીશું !

સુંદરી : મહેનત વગરની માળા મારે ન જોઈએ. કોઈના રુધિરથી ભીંજાયલી મોજ પણ મારે ન જોઈએ.

[ યુદ્ધ વધે છે વધારે માણસો ભેગાં થાય છે

મૃદંગના યુદ્ધ પ્રેરક બોલ સંભળાય છે યુદ્ધનૃત્યની યોજના થઈ યુદ્ધ જામે છે. ]

અરેરે!... કોણ જીતશે ?

ધનપાળ : હું અને તું.

સુંદરી : વગર લડયે ?

ધનપાળ : એ જ ખૂબી છે...યુદ્ધમાં તો જીત્યો તે હાર્યો અને હાર્યો તે મર્યો !...વગર યુદ્ધે વિજેતા હું છું; હું ધનપાળ! મરે બીજા; જીવે અને જીતે ધન–ધનપાળ! એ જ ધનની ખૂબી ! માળા પહેરાવું ?

સુંદરી : મને એ ખૂબી પણ ન ખપે, અને ખૂબીથી મેળવેલી માળા પણ ન ખપે. તું જા...

ધનપાળ : ક્યાં જાઉં ?

સુંદરી : જ્યાં જવાય ત્યાં. મારી નજર આગળથી દૂર થા! તારા જ લોભ અને પાપથી આ યુદ્ધ ઊભું થયું. તું, ધનપાળ, વગર શ્રમે વિજય મેળવતો કલિકાળ, જ્યાં હોઈશ ત્યાં છતે અન્ને દુષ્કાળ પડશે, છતી વસન્તે ગ્રીષ્મ સળગશે. અને છતી મહેલાતે માનવી છત્રવિહોણો રહેશે! મને તારો ભય લાગે છે–જા, દૂર થા...પુષ્પોની સૃષ્ટિને પીંખ નહિ!

ધનપાળ : અને હું દૂર ન થાઉં તો?

[ પાસે પડેલો એક ભાલો ઊંચકી ]

સુંદરી : તો મને ભાલો વાપરતાં વાર નહિ લાગે!

ધનપાળ : વાપરતાં આવડે છે ખરો? સ્ત્રીને એ શોભે? સમજી લે. તારો ભાલો પણ વેચાઈ જશે...મૂકી દે શસ્ત્ર!

સુંદરી : સ્ત્રીને શસ્ત્ર ઉપાડતી બનાવનાર પાજી! જો, મને આવડે છે કે નહિ તે! ધનને ન વેચનાર ધનને જીતશે.

[ સુંદરી ભાલો તાકે છે ધનપાળ ભાગે છે; પાછળ સુંદરી દોડે છે, યુદ્ધે ચડેલા પક્ષો અદશ્ય

થાય છે. વાદ્ય બંધ પડે છે, શૂન્યતા છવાય છે. પુષ્પસૃષ્ટિની અધિષ્ઠાત્રી માલિની આવે છે. યુદ્ધનાં ચિહ્ન અને પુષ્પની કરમાયેલી સ્થિતિ જુએ છે.]

માલિની :

ગઝલ

ચમેલી ગુલછડી ઝાંખી
ગુલોમાં આગ શું નાખી?
બની આ ગુલશને ખાખી.
રમત રંગત ગયાં ઊડી.
નથી બુલબુલ, નથી ચીડિયાં;
નજર કોની પડી કૂડી?
રૂપાળી પુષ્પસૃષ્ટિ શું—
રુધિર રેલે જશે બૂડી?

[ધનપાળ રાજી થતો પ્રવેશ કરે છે]

ધનપાળ : તું કેમ રડે છે? અત્યારે રાજી થવાનો પ્રસંગ છે.

માલિની : આ મોગરો હસતો નથી; ચંપો ઝાંખો પડી ગયો છે; બોરસલી બિડાઈ ગઈ છે અને જાઈ-જૂઈ ધ્રૂજે છે.

ધનપાળ : એની હરકત નહિ. જરા યુદ્ધ જોયું એટલે પુષ્પ કરમાયાં. પુષ્પોની એ ટેવ છે. એ પાછાં ખીલશે...અને...અને મને આ પુષ્પસૃષ્ટિની માલિકી મળી ગઈ છે. જાણે છે, હવે પુષ્પસૃષ્ટિ મારી બની ગઈ છે તે?

માલિની : માલિકી? કોણે આપી? પુષ્પોની સૃષ્ટિમાં માલિકી હોય નહિ.

ધનપાળ : રાજને મને માલિકી આપી—અરે કહે ને કે મારી સહાયના બદલામાં મને મળી...અરે માની લે કે કોઈએ આપી નથી છતાં હું મારા ધનથી પુષ્પસૃષ્ટિનો માલિક બની ચૂક્યો છું. હવે જો, મારી આજ્ઞા છે. એક પણ પુષ્પ બદલા વગર

કોઈને આપીશ નહિ. આપીશ તો હું તને અહીંથી દૂર કરી દઈશ.

માલિની : બદલો એટલે ?

ધનપાળ : બદલો એટલે કિંમત. સામું કાંઈ ન મળે તો પુષ્પ આપવાં જ નહિ. બસ, બધું જ વેચાય ! હવે ફૂલની પરબ નહિ, ફૂલની દુકાન બની ગઈ. મૂર્ખાઓ હોય તે પરબ બંધાવે, અગર પરબમાંથી પન્ના-હીરા મેળવવા હોય તે બંધાવે; ધનપાળ કદી નહિ. પરબમાંથી પૈસો ઉપજાવતી પ્રતિષ્ઠા મળે તો જ પરબ ! તે સિવાય નહિ. બદલો માગવો જ, સહુની પાસે.

માલિની : બદલો શો માગવો ?

ધનપાળ : જેની જેવી ગરજ. કોઈ પૈસો પણ આપે અને રૂપિયો પણ આપે. હું જોઉં છું આજે તું પુષ્પોની કેટલી કિંમત લાવે છે !

માલિની : મને મન હોય તો ય હું બદલા વગર ફૂલ ન આપી શકું ?

ધનપાળ : ના. એ અધિકાર મારો છે. બીજી રીતે બદલો મળતો હોય તો ફૂલ મફત અપાય. પણ એ જોવાનું મારે, માલિકને.

માલિની : પણ હું ધનપાળની માલિકી ન સ્વીકારું તો ?

ધનપાળ : તને આખી પુષ્પસૃષ્ટિ સાથે મેં વેચાતી લઈ લીધી છે. તું મારું કહ્યું નહિ માને તો હું બીજી માલિની ખરીદી લાવીશ. તું પુષ્પસૃષ્ટિની અધિષ્ઠાત્રી નહિ, હવે રખવાળ બની છો.

માલિની : ( હસીને ) પછી હું પણ રખવાળીનો બદલો માગીશ ત્યારે ?

ધનપાળ : જરૂર આપીશ. વ્યવહારની વાત છે; નફામાં ભાગ જરૂર.

માલિની : બીજું કોઈ વધારે નફો મેળવી આપે તો ?

ધનપાળ : તો તારે આ પુષ્પસૃષ્ટિ છોડવાની ! અને યાદ રાખ, વધારે નફો આપનારને હું શોધતો જ રહેવાનો ?

માલિની : એમ ? હું જોઉં. આ મારી પુષ્પસૃષ્ટિ છોડાવી મને ગમતી નથી. પુષ્પની બને એટલી ભારે કિંમત હું ખેંચીશ ...અહીં પુષ્પો ભેગાં રહેવા માટે.

ધનપાળ : જરા વારમાં અહીં રાજન આવશે. એને માળા પહેરાવવી છે. તું તૈયાર કર – અને સાથે સાથે પુષ્પો વીણી તેની કિંમત ઉઘરાવ. જો. આ પુષ્પશોખીનો બધા આવ્યા...હું રાજનને આમન્ત્રણ આપું.

[ ધનપાળ જાય છે. કેટલાક યુવકો અને યુવતીઓ આવે છે, અને પુષ્પ લેવા જાય છે ]

માલિની : થોભો. પુષ્પ એમ નહિ લેવાય. એની કિંમત ચૂકવતા જાઓ.

ધર્માનન્દ : ( સાધુ વેશમાં ) અને ન આપીએ તો ?

માલિની : ધનપાળની આણ છે. પુષ્પસૃષ્ટિનો એ માલિક છે. એને પુષ્પેપુષ્પની કિંમત જોઈએ.

ધર્માનન્દ : પણ હું તો ધર્મરક્ષક છું. મારી સત્તામાંથી અગમ્ય, ઈશ્વર, અવતાર, અલ્લાહ, પ્રભુ, પ્રકાશ, પયગંબર, પ્રતિમા, ફ્રાતીમા પ્રગટે છે જેના ઉપર જગતનો આધાર છે. ધર્મને સઘળું મફત મળવું જોઈએ.

માલિની : એ હું ન જાણું. બદલા વગર પુષ્પ મળશે જ નહિ. તું કહે છે ધર્મ ઉપર જગતનો આધાર છે. ધનપાળ કહેશે ધન ઉપર ધર્મનો પણ આધાર છે. બદલો જોઈએ જ.

ધર્માનન્દ : કહે તો બદલામાં હું આશીર્વાદ આપું...તને...અરે ધનપાળને. મારે અહીં જ પ્રભુની પ્રતિષ્ઠા કરવી છે!

માલિની : પ્રભુની પ્રતિષ્ઠા ? એ તો બધે જ હોય છે ને ?

ધર્માનન્દ : રાજનને રાજ્યાસન મળે તો મારે ધર્માસન અહીં રચવું છે. રાજ્યાસન અને ધર્માસન સાથે સાથે જ નભે. પ્રભુની સ્પષ્ટ પ્રતિષ્ઠા અહીં કરું તો તેની આસપાસ મારું ધર્માસન રચાય. મઠ-મંદિર વગર પ્રભુ પકડમાં આવતો નથી.

માલિની : વારુ. આપો આશીર્વાદ.

ધર્માનન્દ : શુભં ભવતુ ! ધનપાળને પ્રભુ ધન આપ્યે જ જાઓ ! એને સ્વર્ગ પણ પૈસાનું જ મળો !

[ શંખ વડે માલિનીના હાથમાં પાણી રેડે છે. ]

માલિની : આ પાણીથી ધનપાળ રીઝશે ? તેમ નહિ થાય તો કાલે ફૂલ નહિ આપું ! નિદાન શંખ તો આપો ! બદલામાં.

ધર્માનન્દ : શંખની તો ભારે કિંમત થાય. શંખ વગર ધર્મ ન ચાલે.

[ ધર્માનન્દ શંખ ન આપતાં હસીને નાનકડી મંદિરરચનામાં મૂર્તિ ગોઠવે છે. બીજા પુરુષ તરફ ફરી માલિની પ્રશ્ન કરે છે. ]

તારે કયું પુષ્પ જોઈએ ?

રસિક : ( શૃંગાર ધારી ) મને ચંપો આપ.

માલિની : એની કિંમત ?

રસિક : કિંમત ? કિંમત તો શી આપું ? મારું સ્મિત બસ છે. આ મારો સોહામણો દેહ...

માલિની : તારા સ્મિતનું સોનુંરૂપું તારા મુખ ઉપર જ રહેવાનું ! એ કામ ન લાગે. અને...પુષ્પને તો બધા ય દેહ સોહામણા !

રસિક : તો પછી...જો આ સુંદર અકીક મને જડયો છે તે ! ચાલશે ?

માલિની : જોઉં !...આજ માટે ઠીક છે...ધનપાળ કહેશે તો !...

[ ચંપાની માળા આપે છે. અને બીજા પુરુષને પ્રશ્ન કરે છે. ]

અને તારે ?

કવિ : મને ગુલાબ આપ.

માલિની : અને કિંમત ? હવે કિંમત વગર કાંઈ ન મળે.

કવિ : કિંમતમાં કવિતા.

માલિની : તે તું ગાયા કર. એનું ફૂલ ન મળે.

કવિ : અરે રસિક! તારી કવિતા બનાવું તો તું કાંઈ મને આપે ખરો ?

રસિક : મારો રસભર્યો દેખાવ નીરખી લે! સહુને એ મફત મળે છે.

કવિ : દેખાવનાં કાંઈ ગીરોવેચાણ થાય છે? આપણે તો સાટે હાથમાં આવે એવું કાંઈ જોઈએ. પેલી માલિની બદલા વગર ફૂલ નથી આપતી!...અરે, તેં આ શો શણગાર કર્યો છે? એકાદ ચીજ હું લઈ લઉં તો? તારી આંગળી ઉપર બૃહસ્પતિ ચમકે છે. તારા કાનમાં શુક્ર ઝોલાં ખાય છે...તારે ગળે ચંદ્ર...

[ હાથ ફેરવી એક રત્ન લઈ લે છે. ]

રસિક : એ તો ફરતાં ફરતાં જે રૂપાળી ચીજ મળે તે ઊંચકી હું દેહને શણગારું છું...અરે! મારું રત્ન તું ઉતારી લે છે?...

કવિ : (માલિનીને) કવિઓ મારાતારાનો ભેદ ભૂલી જ જાય છે. હવે ગુલાબ આપીશ? રસિકને રત્ન કોઈ ભૂમિએ આપ્યું; મને એ રત્ન એના દેહ ઉપરથી જડયું. બન્ને ક્રિયા કાવ્ય કહેવાય; માત્ર છંદમાં ફેર.

[ માલિની રત્ન આપે છે. ]

માલિની : ઠીક છે. ધનપાળને ગુલાબના બદલામાં આ રત્ન ગમશે એમ લાગે છે...લે, આ ગુલાબ. હવે ફાવે એટલી કવિતા એના ઉપર લખ.

[ ગુલાબની માળા આપે છે. ]

રસિક : પણ એ ગુલાબ તો મારું છે...મારા રત્નમાંથી મળેલું છે.

કવિ : મારું અને તારું એવો ભેદ કેમ પાડે છે? ભાઈ? જાણતો નથી, કાવ્યજીવનમાં તારું એ જ મારું! અને મારું એ તો મારું છે જ...

[ સેવક ઝડપથી આવે છે ]

સેવક : આવો! લાવો! પુષ્પથી મને વધારો! કુસુમની માળાઓ

પહેરાવો! પુકારો મારો જય! હું જનતાજનાર્દનનો નમ્ર સેવક છું.

માલિની : કિંમત આપ, અને પછી માળા પહેર. અગર કોઈને કિંમત આપી પહેરવવા માટે આદેશ આપ.

સેવક : કિંમત ? મારી સેવાની કિંમત ? એની કિંમત કોઈ આંકી શક્યું નથી...

માલિની : જેની સેવા કરી હોય તેને ત્યાં જા. અહીં તો ચોખ્ખું સાટું છે.

સેવક : મારી સેવા ઈશ્વર જેટલી વ્યાપક છે.

માલિની : તે ઈશ્વર તને બદલો આપશે; ધનપાળ નહિ. આ તો ધનપાળની વાડી છે!

સેવક : તે હું ધનપાળની પણ સેવા કરીશ...પરોક્ષ રીતે કરું છું.

માલિની : તે ધનપાળ જાણે. અત્યારે તો વગર કિંમતે માળા નહિ મળે...

સેવક : એમ ? ધનપાળને એવડું ગુમાન છે ? હું ભાષણ કરીશ, લેખ લખીશ, વ્યંગચિત્રો દોરીશ અને ધનપાળની જિંદગી ઝેર...

[ ધનપાળ ઝડપથી આવે છે ]

ધનપાળ : હઠો! ખસો! ખસો! મારી ખરીદેલી પુષ્પસૃષ્ટિમાં આ ધાંધલ શું ? શાંત રહો! રાજન પધારે છે...

સેવક : શાંત રહે એ બીજા! સેવક શાંત કદી નહિ રહે!

ધનપાળ : પણ છે શું ? ધાંધલ કેમ કરે છે ?

સેવક : ધાંધલ કરવી એ અમારો સેવકોનો ધર્મ છે! મને માળા આપ! ત્યાં સુધી હું શાંત પડીશ નહિ.

ધનપાળ : મફત માળા નહિ મળે.

સેવક : બદલામાં હું સેવા આપીશ...અને નહિ તો...

ધનપાળ : જોજે હો ? ( માલિનીને ) નાખ એને ગળે એક ઝાંખરું! ...કોઈ દિવસ કામનો છે...એનું ધાંધલ એ એની કિંમત.

[ મલિની સેવક ઉપર માળા ફેંકે છે. માલિની સિવાય બીજાં બધાં ચાલ્યાં જાય છે. પ્રકાશ ઓછો થાય છે એકાએક પુષ્પો, પર્ણો સુકાતાં જાય છે પાણીની ઝારી લઈ માલિની જલ સિંચન કરે છે. ]

માલિની : પુષ્પો કેમ જળ લેતાં લાગતાં નથી ?

[ યુવતીઓ અને બાલિકાઓનું એક ટોળું આવે છે ]

આજે હવે કોઈને પુષ્પ મળશે નહિ !

૧ યુવતી : કારણ ? હજી બધાં પુષ્પ ચૂંટાયાં નથી.

૨ યુવતી : અને તું અમને ના પાડનાર કોણ ? તારો તો ધર્મ છે કે પુષ્પના પુંજ ઉગાડવા અને વેરવા.

માલિની : ( હસીને ) એ ધર્મ આજથી બદલાઈ ગયો. હવે પુષ્પો વેરાય એમ નથી. હવે તો એકેએક પુષ્પ ગણવું પડશે, અને તેની કિંમતનો હિસાબ આપવો પડશે.

૩ યુવતી : પુષ્પો ગણવાં પડશે ? એ પાર કેમ આવશે ? અને ગણીને તું કરીશ શું ?

માલિની : એને હવે વહેંચવાનાં નથી – વેચવાનાં છે.

૧ બાલિકા : એટલે ? સમજ ના પડી.

માલિની : જો તારે આ ચંપાકળી લેવી હશે તો એના બદલામાં કાંઈ આપવું પડશે.

૧ બાલિકા : હું શું આપું ? મારી પાસે શું છે ?

માલિની : બદલામાં અનાજ મૂકી જા, ફળ મૂકી જા, પશુપક્ષી આપતી જા, હીરામોતી આપ કે... કે... પૈસા આપ.

૨ બાલિકા : પણ એ બધું શા માટે ? કોને માટે ? તું કરીશ શું એ બધું લઈને ?

માલિની : તે તો મને ખબર નથી. પણ પેલો ધનપાળ કહી ગયો

છે કે પુષ્પેપુષ્પની એ ગણતરી કરશે અને પુષ્પેપુષ્પનો બદલો માગશે.

૧ યુવતી : ધનપાળને એમાં શું લાગેવળગે ?

માલિની : ધનપાળ આ પુષ્પસૃષ્ટિનો માલિક બની ગયો છે.

૨ યુવતી : કોણે બનાવ્યો એને માલિક ?

માલિની : રાજને......

૧ યુવતી : રાજનની આણ અમારે માનવી નથી; પુષ્પોની સૃષ્ટિમાં સહુ આઝાદ છે. અમારી મરજી સાચવે એ અમારો રાજન. એને એની પોતાની મરજી રાખવી હોય તો–એ અમારો રાજન નથી. હું પુષ્પ જરૂર લેવાની. પુષ્પ વગર મારી લટ બંધાશે જ નહિ.

૨ યુવતી : અને મારે બન્ને હાથે ગજરા પહેરવા છે!

માલિની : કોને રીઝવવા ?

૨ યુવતી : મને–મારા મનને. હું પુષ્પો પહેરું છું તે કોઈને ય રીઝવવા માટે નહિ!

૩ યુવતી : અને મારે તો, બહેન! કોઈને રીઝવવા માટે જ ફૂલ માળા બનાવવી છે!

માલિની : તારે વળી રીઝવવું પડે એવું કોણ છે?

૩ યુવતી : છે કોઈ!

માલિની : કોઈ પુરુષ હશે. જુઓ, સાંભળો. બધા ય પુરુષો અહીં પુષ્પ લેવા આવ્યા હતા તે પુષ્પોની કિંમત આપતા ગયા છે.

૧ યુવતી : પુરુષો પુષ્પની કિંમત ભલે આપે; અમારે આપવી નથી જ.

૨ યુવતી : હા, ઠીક છે. કોઈ પુરુષ માળા ગૂંથી આપતો હોય, વેણી ગૂંથી આપતો હોય, ગજરા ગૂંથી આપતો હોય. ફૂલને

ગોઠવતો હોય અને મહેનતાણું માગે તો ભલે! પરંતુ ફૂલનો માલિક કોઈ જ હોય નહિ; ફૂલની કિંમત અપાય જ નહિ.

૧ બાલિકા : મારે તો દેવને ચઢાવવાં છે.

૨ બાલિકા : અને મારી ઢીંગલી તો ફૂલ વગર એવી રિસાઈને બેઠી છે કે વાત નહિ! ફૂલ નહિ આપો તો એ આજ બોલવાની નથી. રડે નહિ તો સારું!

માલિની : મને પણ એમ જ મન થાય છે કે તમને બધાંયને પુષ્પોથી ભરી દઉં. પણ મારો ઇલાજ નથી. ધનપાળ મને પુષ્પસૃષ્ટિમાંથી દૂર કરશે.

[ સુંદરી પ્રવેશ કરે છે. ]

સુંદરી : પુષ્પસૃષ્ટિમાંથી કોણ કોને દૂર કરશે? એ સૃષ્ટિ એકલા રાજનની નથી. મારી પણ છે, અને તમારી સહુની છે.

માલિની : રાજને ધનપાળને સોંપી દીધી.

સુંદરી : એની સોંપણી હું નિરર્થક કરું છું.

[ પ્રકાશ ઝાંખો થઈ ફરી જેવો હતો તેવો જ થતાં કરમાતાં પુષ્પો પાછાં ખીલતાં લાગે છે. ]

જુઓ જુઓ. પુષ્પો પણ પ્રસન્ન છે-વહેંચણીથી, વેચાણથી નહિ!

૧ યુવતી : તો અમે પુષ્પો હવે લઈએ?

સુંદરી : જરૂર. મન ફાવે એટલાં પુષ્પો વીણો, ચૂંટો અને પહેરો!

[ સુંદરી અને માલિની સહ યુવતીઓ અને બાલિકાઓ ફૂલ વીણતાં વીણતાં ગીતનૃત્ય શરૂ કરે છે.

ખીલી ખીલી, કુસુમોમાં કળીઓ ખીલી,
ઝાકળનાં અમૃત ઝીલી,
દીપ્તિ દીપી રહે અંગઅંગમાં—ખીલી ખીલી...

ઝીણી વાંકી કાળી લટમાં જાગતાં તોફાન !
વેણી માગે, કુમળાં ફૂલ ઊગ્યાં બાગે,
રમતાં ઝૂલતાં અનુરાગે,
આવે લટ પાછી રંગઢંગમાં ખીલી ખીલી...

હૈયે મારે ઉભરે નિત્યે સંગીતશોભન તાન.
પહેરું માળા, ઊછળે અંતર ઉછાળા.
ધબકંતા હૈયાચાળા,
તરતી સંગીત તરંગ રંગમાં – ખીલી ખીલી...

એ તે પુષ્પ હશે કે સુરભિભરિયાં દેવવિમાન ?
પ્રભુની આંખો, પયગંબરની એ પાંખો,
ર સ નિ ર્ઝ રી લા ખો ઝાં ખો,
રમતા શું રાસે યૌવન ફાગ ત્રિભંગમાં–ખીલી ખીલી...

[ રાજન, ધનપાળ વગેરે આવે છે. ]

ધનપાળ : જો, રાજન ! મારી આ ફરિયાદ. તારી બક્ષેલી પુષ્પસૃષ્ટિ સુંદરીએ લૂંટાવી દીધી.

સુંદરી : મને લૂંટાવી દેવાનો અધિકાર છે. સ્ત્રી, સૌન્દર્ય અને સુમન કોઈની માલિકી માનતાં નથી.

રાજન : ધરતીમાતાએ પુષ્પસૃષ્ટિ તને એકલીને આપી નથી; હું પણ એમાં ભાગ માગીશ.

સુંદરી : ભાગ મળશે – માલિકી નહિ. જોઈએ એટલાં ફૂલ વીણી જા. ફૂલની પરબ હોય, બજાર નહિ.

રાજન : ( ધનપાળને ) હવે આને શું કરીશું ? મારી પાસે સત્તા છે. પણ તે સ્ત્રી સામે વાપરતાં ફાવતું નથી...અને સ્ત્રી મને ગમે છે...

ધનપાળ : હમણાં એને સમજાવી લઈએ – હું અને તું બન્ને. પછી તારી સત્તા તો છે જ. પેલી પુષ્પમાળા આપવી બાકી છે.

પધરાવી દે ! હું સુંદરીને નિત્ય એક એક માળા આપવાનો, કહે તો કરાર લખી આપું !

રાજન : પુષ્પસૃષ્ટિ ઉપર સહઅધિકાર સ્થાપવા માટે, સુંદરી ! પેલી માળા તને પહેરાવું ને ?

સુંદરી : માળા તો હું તેની જ પહેરું કે જેના અર્પણમાં શરત ન હોય...અને તો ય એ હું પહેરું કે નહિ એ મારી મન-મોજ...વીરની માળા એવી શરત માટે જ મેં ન પહેરી !

રાજન : આખી સૃષ્ટિની કઠણાશ અને જિદ્દ ભેગી કરીને જ બ્રહ્માએ સ્ત્રી સર્જી લાગે છે !

સુંદરી : સ્ત્રીને હજી ન સમજનાર પુરુષની આખી જાત મૂર્ખાઈ અને ઘમંડમાંથી જ ઘડાઈ લાગે છે.

[ ધનપાળ આગળ આવે છે, ]

ધનપાળ : હું રાજનથી જુદો છું. મારા હાથમાં એક નહિ પણ બે માળા છે. બેની બાવીસ પણ કરી બતાવું ! અરે પુષ્પ તો શું પુષ્પો તો ઘડીમાં પાંગળાં બની જાય છે ! હું એવી માળા આપું જે કદી કરમાય જ નહિ...જો, અંહ – ચંદ્ર-તેજનાં બિંદુની મોતીમાળા...શુક્રના ટુકડામાંથી સર્જવેલો હીરાનો હાર...કમળને કરમાવે એવી નીલમની સેર...અને ચંપાને ચમકાવે એવી સોનાસાંકળી...કહો, શું ગમે છે? માગો તે માળા આપું ! તમને બન્નેને...તમે કહો એટલી. તમારી સહચરીઓને પણ...

[ માલિનીની નજર અલંકારો ઉપર જાય છે, અને લેવા માટે ધીમે ધીમે હાથ લંબાવે છે. ]

સુંદરી : માલિની ! રખે એ તરફ નજર કરતી !

માલિની : નજર ખેંચાય એમ છે ! આંખને એ સઘળું ગમે એવું છે.

સુંદરી : ક્યાં છે એમાં પુષ્પસૃષ્ટિનો પરાગ ! અને એ આપનારને ઓળખે છે તું ?

માલિની : હા, પુષ્પસૃષ્ટિની રખવાળી મને સોંપનાર ધનપાળને હું જરૂર ઓળખું છું.

સુંદરી : પણ એણે તો પુષ્પો વેચવા માંડયાં છે! જે પુષ્પ વેચશે એ પ્રેમદાને પણ વેચશે. એ સહુથી વધારે ભયંકર છે! ખસ વેગળો!

[ પાસે આવેલા ધનપાળને ધક્કો મારે છે. ]

ધનપાળ : રાજન! આ ધન ઉપર હુમલો એટલે તારી સત્તા ઉપર હુમલો! હવે તું જાણે!

રાજન : ( સ્વગત ) ધર્મ, રસ, સાહિત્ય કે ધન કશાથી આ સુંદરી રિઝાતી નથી. હવે હું એને મારી સત્તાનો પરચો બતાવું! ( પ્રકાશ ) સુંદરી!

[ રાજન તલવાર કાઢે છે. સુંદરીએ તેના ઉદ્દગાર સાંભળ્યા હોય છે. ]

સુંદરી : તલવાર? અરે અરે, ઓ પામર પુરુષ! પરચો બતાવવો રહેવા દે! જાણતો નથી કે સુંદરીને મોતનો ભય નથી?

[ રાજન તલવાર ઉગામી એક ડગલું આગળ વધે છે. ]

રાજન : સાચા મોતને નિહાળીશ ત્યારે તને સમજ પડશે.

સુંદરી : મોતને ભેટવા સુંદરી જળમાં ડૂબી શકે છે! ઝેરના પ્યાલા હસતે મુખે એ પી શકે છે! જખમની ઝડીઓને એ પુષ્પસૃષ્ટિ માની ઝીલે છે! અગ્નિસ્નાન એને આવડે છે! સત્તાધારી-ઓનાં શિર પણ જરૂર પડયે એ પગ નીચે કચરી શકે છે...

રાજન : ( હસીને ) સુંદરીની જીભ ઝેરભરી છે એ હું જાણું છું!

[ તલવાર સહ આગળ ધસે છે. સ્ત્રીઓ પણ સામે દૃઢતાથી ઊભી રહે છે ]

સુંદરી : ત્યારે તો તું પણ સુંદરીનો પરચો જોઈ લે! સુંદરી

ચંડી બની શકે છે! આ ઉપર આક્રમણ એટલે નિશ્ચય ચંડીનો અવતાર!

[ પ્રથમ અંધકાર—પુષ્પસૃષ્ટિમાં આછું દેખાતું મંદિર ફાટે છે. ત્રિશૂળધારી મહિષાસુરમર્દિનીનું દૃશ્ય સહુને ભય પમાડતું પ્રગટ થાય છે. રાજન સામે ત્રિશૂળ તાકયું હોય છે. અવકાશભરનું ગીત સંભળાય છે ઝાંઝ, શંખ, મૃદંગના સાથ સહ ]

ગીત

પ્રલયના વાજી રહે રણકાર,
જાગતી અગ્નિજ્યોત ઝબકાર!
મરુતો ઊલટે, સાયર સળકે,
ડગમગ ડગતો શેષ.
ફાટી આંખે સૂર્ય નિહાળે
પલટાયા જગવેશ... પ્રલયના...
ઉડુગણ વરસે, વીજલ ઝબકે,
જ્વાલામુખીની ઝાળ,
ચંડમર્દિની શક્તિ પ્રગટે,
પ્રજળે પાપ કરાળ... પ્રલયના...

[ ધીમે ધીમે દૃશ્ય સમેટાય છે. અંધકાર ધીમે ધીમે ઓસરી પ્રકાશને સ્થાન આપે છે. સુંદરી, માલિની અને યુવતીઓ અદૃશ્ય થાય છે. ભયનું વાતાવરણ વ્યાપક હોય છે. સુંદરી અદૃશ્ય થતાં થતાં ]

સુંદરી : સુંદરીના સૌંદર્યમાં ભૂલા પડેલા એ પુરુષ! સુંદરીના ચંડ સ્વરૂપને પણ નિહાળી લે.

રાજન : ભયંકર દૃશ્ય...

ધનપાળ : (સ્વગત) હવે રાજનને ખસેડી નાખું. અંધકારની ક્ષણોએ મને તો પ્રકાશ જ આપ્યો. (પ્રકાશ) રાજન! સુંદરી ભલે ગઈ! માલિની ભલે અલોપ થઈ! આપણને પ્રલયનાં સ્વપ્ન ભલે આવ્યાં! ફૂલમાળા આપની જ છે, અને આપને જ એ અર્પણ થવી જોઈએ.

રાજન : લાવો...પણ મને એ વૈજયંતીમાં જય દેખાતો નથી... છતાં લાવો. અંતે હું સત્તાધીશ તો છું જ ને?

[વીર અને સુંદરી આવે છે.]

વીર : સત્તાધીશ? રાજન! તારી સત્તા ક્યાં ક્યાં ચાલે છે?

રાજન : આ વીરને બંધનમાંથી કોણ છોડાવી લાવ્યું?

વીર : એ પૂછીશ નહિ. મને તેં સદાનો વિરોધી માન્યો. તારી એ ભૂલ છે. હું તો માત્ર ખેલાડી છું. વીરરમત રમું છું – જીતવા નહિ, રમવા માટે જ. હું સત્તા વિહોણો, વધસ્તંભ ઉપર જઈને પણ આઝાદ રહીશ અને તું સત્તાધારી સિંહાસને બેસીશ તો ય બંદીવાન રહીશ.

રાજન : શા ઉપરથી કહે છે?

વીર : માગી જો આ પુષ્પસૃષ્ટિ પાછી ધનપાળ પાસે! પછી કહે કે તારી સત્તા અને સામર્થ્ય કેટલાં છે?

રાજન : ચાલ, ધનપાળ! તારા ફૂલબજારની હું તને કિંમત ચૂકવી દઉં!

ધનપાળ : નહિ ચૂકવાય. રાજન! વીરનું કહેવું સાચું છે.

રાજન : શા માટે નહિ ચૂકવાય? કહે તને મનગમતી કિંમત...

ધનપાળ : કહું? રાજન! ફરી કહું છું કે વેચેલી વસ્તુનું મૂલ્ય કરી નહિ ચૂકવાય!...તો સાંભળ! મારા ફૂલબજારની કિંમતમાં રાજનનું રાજ્ય અને ઉપર માત્ર એક આનો જ, અરે એક પૈસો જ હું માગીશ! હું લોભી નથી!

રાજન : આપી ન શકાય એટલી કિંમત માગવી અને લેવી એનું

જ નામ કાળું બજાર, નહિ? એની જ બૂમ આ ધનપાળને સોંપેલા ધનવહીવટમાં છે. વારુ, હું તારી પાસે ફૂલબજારનું દાન માગું છું, ધનપાળ!

ધનપાળ : દાન તો, રાજન! પાત્ર જોઈને થાય. રાજનને દાનપાત્ર ગણું તો મારી મૈત્રી લાજે, હું પાપી બનું.

રાજન : તો...હવે ધ્યાન રાખ. હું મારી સત્તાથી તારી પુષ્પસૃષ્ટિ પાછી ઝૂંટવી લઉં છું!

ધનપાળ : હું દિલગીર છું...પણ...એ તારી આજ્ઞા હોય તો...ભલે. અમલ કર...તારી સત્તા હવે રહી હોય તો!

વીર : રાજન! તારી આજ્ઞા તારા શબ્દોની બહાર હવે જઈ શકે એમ નથી. સત્તા પણ વેચાઈ શકે છે. અને જેને તું તારી સત્તા માને છે તે તો વેચાઈ ચૂકી છે. સાચી સત્તા તારી પાસે નથી...તું ધનપાળના ધનનું રમકડું છે!...તારી સત્તા રહી નથી.

રાજન : મારી સત્તા?...રહી નથી? ક્યાં ગઈ મારી સત્તા?

સેવક : હા હા, તારી સત્તા! એ તારી રહી નથી. હું એનો ઉમેદવાર છું! એકેએક માનવી એકે અવાજે કહે છે કે સત્તાની સોંપણી મને થવી જોઈએ...મત લો...પ્રજાનો અવાજ સાંભળો!...ધનપાળ મતને પણ કિંમત આપી મારા બનાવી શક્યો છે...હવે હું સત્તાધીશ!

રાજન : અને ધનપાળ! આ સેવકની સત્તા વધી જશે ત્યારે?

વીર : ધનપાળને તું ઓળખતો નથી. એણે મને કરાર કરી આપ્યો છે કે આ સેવક ફાટે એટલે મારે એની સામે થવું! સેવક ધનપાળની સેવા ન કરે તો સત્તા મારે હાથે આવવાની છે!... ધનપાળનો એ કોલ છે...કરાર છે...લેખ છે!

રાજન : વીર! તું પણ વેચાયો - શરતી સત્તા તેં લીધી?

વીર : વેચાવામાં...હું હા કહું એટલી જ વાર છે. મારા કરારમાં સહી હજી બાકી છે. એ સહી હું કરી ધનપાળને વેચાઈશ એ ધારણામાં તો તેં ફરમાવેલો મારો વધ અટક્યો છે! એટલું

સમજી લે કે તારી સત્તા તો તારા વિજયદિનથી જ ઓસરી ગઈ છે.

રાજન : તો તું સત્તા લઈ કેમ લેતો નથી ? સહી કરી નાખ.

વીર : માનવજાતમાં એકાદ વીર પણ પૈસાથી વેચાતો મળતો નથી એટલું સાબિત કરવા ! બદલો મળ્યા વગરની સત્તા મળશે ત્યારે હું સત્તા ઉપર હોઈશ. આજ નહિ !

ધનપાળ : તારા સરખા કંઈક વીર મારી પાસે વેચાઈ ચૂકયા છે, વીર ! તારા વગર ચાલશે.

વીર : ધનપાળ ! સમજી લે. જો જરા આંખ ખોલ. તારી પુષ્પ-સૃષ્ટિમાં દાવાનળ પ્રગટ્યો છે !...કોઈ કોઈ વાર અગ્નિ વેચાતો ન મળે...તને અને તારી ખરીદેલી સૃષ્ટિને મફત મળ્યો છે...

[ આછો આછો અગ્નિ દેખાય છે. ]

ધનપાળ : એવા કંઈક દાવાનળ હોલવી નાખ્યા !

વીર : પણ એ ધનની વૃષ્ટિથી નહિ ! બદલો માગતું વીરત્વ, બદલો માગતું સૌન્દર્ય, બદલો માગતી સેવા અને બદલો માગતું ધન શાપરૂપ છે...યાદ રાખ જ તને અને તારી સૃષ્ટિને બાળી નાખશે.

ધનપાળ : શાપનો મને ભય નથી.

વીર : જરા આંખ ખોલ ! તારી આસપાસ જો ! આ પુષ્પસૃષ્ટિ સૂકાઈ ચાલી ! એના ઉપર અગ્નિ વરસે છે !

[ અગ્નિ પ્રજળતો દેખાય છે. ]

પુષ્પસૃષ્ટિએ તારી જોડે અસહકાર આદર્યો છે અને તારા ધનને પણ નિરર્થક બનાવ્યું છે ! એકે પુષ્પ ખીલતું નથી, એકે પર્ણ લીલું નથી. અને...અને સાંભળ ! તારે હાટે તાળાં વસાય છે તે !

[ તાળાંસાંકળ વસાતાં સંભળાય છે. ]

ધનપાળ : મારે હાટે તાળાં ? હું દાવો કરીશ, 'બેલિફ' લાવીશ, જપ્તી કરીશ, આખી પુષ્પસૃષ્ટિની હું હરાજી બોલાવીશ... પુષ્પસૃષ્ટિનો અસહકાર હું નહિ સાંખી લઉં !

## ૩૬ : પુષ્પોની સૃષ્ટિમાં

વીર : અસહકાર આગળ ધનનું કે ધનપાળનું પણ કાંઈ નહિ ચાલે. બહુ જોર કરીશ તો નાદારીના પાતાળી કૂવા ફૂટી નીકળશે! આ દાવાનળમાં, ચાલ, બે ઘડા પાણી રેડીએ.

[ દાવાનળ વધે છે. ]

ધનપાળ : એક ઘડાની કિંમત શી?

વીર : ઘડાની કિંમત પછી પૂછજે. આજ તો પાણીના એક બિંદુની કિંમત એટલે મારું, તારું અને સહુનું જીવન!

રાજન : પણ પાણી જ ક્યાં છે?...ચાલ, ચાલ. મારી સત્તાને હું વિખેરી નાખું અને આપણે સહુ ભેગાં મળી પાણી શોધીએ—સૃષ્ટિ શોષાઈ જાય તે પહેલાં...

વીર : રાજન! સુંદરીના શબ્દોનો ભણકાર...બદલા વગરની વહેંચણી, શરતી નહિ!

[ અગ્નિ વધે છે અને પાણી શોધતાં સહુ અદૃશ્ય થાય છે. અગ્નિ સમેટાય છે. પુષ્પસૃષ્ટિ સૂકી બની જાય છે; પૃથ્વી અને ચંદ્ર પ્રવેશ કરે છે. ]

પૃથ્વી : જો ચંદ્ર! માનવીએ આ પુષ્પસૃષ્ટિને બાળી નાખી તે, ભોગવવાને બદલે!

ચંદ્ર : મેં શું કહ્યું હતું?—મારી માફક શાંતિને ધારણ કર. જીવનને જન્માવીશ જ નહિ! પણ તને ય ક્યાં જંપ છે? પુષ્પો સર્જ્યાં એટલે જીવ સર્જ્યા! જળચર અને ખેચરથી સંતોષ ન થયો એટલે તેં ભૂચર સર્જ્યાં! ભૂચર વિકસ્યાં અને અંતે તેમાંથી મહા ક્રૂર માનવી જાગ્યો! માનવીએ તારી જ બક્ષેલી પુષ્પસૃષ્ટિ જલાવી તને બદલો આપ્યો! જો!

પૃથ્વી : હવે શું?

ચંદ્ર : સહુને સમેટી લે! તારી ભ્રમણ ચાલુ રાખ! પુષ્પોની સાથે એને બધા ય સજીવ સૃષ્ટિને બાળી જવા દે! જીવન ભયંકર છે; એની કોઈ ખેવના ન કર.

પૃથ્વી : જીવન ભયંકર ખરું, પણ માફક તો છે જ, નહિ ? હવે, પેલાં માનવી આવ્યાં ! શું કરે છે એ આપણે જોઈએ... મને ગમે છે.

[ સંતાઈ જવા ચંદ્રને ખેંચે છે. ]

ચંદ્ર : ( સંતાતાં ) પહેલાં એ માનવીને જ બાળી નાખ ! નહિ તો એનો ઉત્પાત એને તો બાળશે...સાથે સાથે વિશ્વને ય બળશે !

[ સંતાય છે. સુંદરી, વીર, રાજન, ધર્માનન્દ, ધનપાળ સહુ આવે છે. તાપતૃષાથી વ્યાકુળ હોય છે. ]

રાજન : ભૂતાવળ દેખાય છે.

વીર : અને એ ભૂતાવળ ગાતી હોય એમ લાગે છે. શું હશે ?

ધનપાળ : એ શું ગાય છે ?

સુંદરી : પુષ્પની સૃષ્ટિને સળગાવી મૂકનાર પુરુષજાતને પુષ્પોનાં પ્રેમની વાચા નહિ સમજાય.

રાજન : કહે, કહે; એ શું ગાય છે ? આપણને જરૂર માર્ગ જડશે.

[ પુષ્પોનાં ભૂત અંધકારમાં જાગૃત થઈ ગાય છે ]

કોણે અમારી, સારી દુનિયા સળગાવી ?
અંગારે ક્યારી વાવી...

કુમળી કુંજન સંગીત ગુંજન,
રમતગમત બહુ ભાવી,
રંગરંગના વાઘા પહેરી
જીવન રહ્યાં ઝુલાવી—અંગારે ક્યારી વાવી...

પરાગની પરબો બહુ ખોલી,
શીખવ્યાં હાસ્ય હસાવી,
ઠરમાવું ખીલવું ક્રમ સાધ્યો,
સર્ગવિસર્ગ રચાવી—સારી દુનિયા સળગાવી...

માનવજાત કુટિલ કરાલી,
જગમાં ક્યાંથી આવી ?
પુષ્પપુષ્પના અંગે અંગે
અગ્નિહોળી પ્રકટાવી—અંગારે ક્યારી વાવી...

અનશન લીધાં, જલ નવ પીધાં,
મૃત્યુસોડ બહુ ફાવી,
માનવજાત ભલે જગ મ્હાલે
વેરઝેર વરસાવી—સારી દુનિયા સળગાવી...

[ પુષ્પનાં પ્રેત અદશ્ય થાય છે. ]

ધનપાળ : હવે પગ ચાલતા નથી ! પુષ્પોના શાપે હવે આપણી અહીં રાખ ઊડશે ! બળી ગયાં !

સુંદરી : તમે પુરુષોએ ભેગા મળી આખી પુષ્પસૃષ્ટિ ભસ્મ કરી. હવે ?...

રાજન : સુંદરી ! સાચી વાત અમારો સ્પર્શ સૃષ્ટિને બાળે છે. હવે તારા ઉપર આશા બાંધી છે. તારે તો પદસ્પર્શે પણ પુષ્પસૃષ્ટિ પછી જાગશે.

ધનપાળ : અને એ પુષ્પસૃષ્ટિની માલિક તું બનજે !

સુંદરી : માલિક ? માલિકીમાં જ માનવીનું જહન્નમ જન્મે છે ! આ સૃષ્ટિમાં કોઈ કોઈનું માલિક ન હશો.

ધનપાળ : તેમ તો તેમ, બાપલા ! જિવાડ તો ખરી ?

સુંદરી : પછી ધ્યાનમાં રાખજે. પુષ્પની હાટ નહિ, પુષ્પની પરબ માંડવી પડશે !

ધનપાળ : કબૂલમંજૂર ! જ્યાં જ્યાં પુષ્પ ત્યાં ત્યાં પરબ બનાવીશું. હવે જગાડ આ પુષ્પોને !

સુંદરી : પુષ્પોનાં ઓ પ્રેત ! તમે જીવંત બનો. તમારા વગર માનવસૃષ્ટિ મૃત બને છે !

ગુલાબ : માનવી જીવે તો અમારે જીવવું નથી.

સુંદરી : કેમ એમ ? જરા કુમળારા રાખો !

ગુલાબ : જોતી નથી ? અમને કચેરીને એ માનવી ગુલાબજળ બનાવે છે !

ચમેલી : અને એટલેથી સરતું નથી ! વળી પાછું અમને કચરી અત્તર કાઢે છે !

મોગરો : ત્યાં સુધી તો ઠીક. પણ અમને વેચવા કાઢે છે એ વેઠાતું નથી.

ચંપો : બદલો માગતા માનવીના જગતમાં અમારે જીવવું નથી.

જૂઈ : પુષ્પો તો વહેંચાય, વેચાય નહિ !

સુંદરી : તમે બધાં ય પાછાં આવો ! અમારી માનવજાતને શીખવો કે માત્ર પુષ્પ જ નહિ પણ કશું ય વેચાય નહિ, સઘળું વહેંચાય.

વનપાળ : જરૂર, જરૂર. વહેંચવાની વ્યથા હું માથે લઈશ. નફાના ટકા ઘટાડીશું. કહેશો તો નુકસાન ભરપાઈ કરી આપીશ.

બકુલ : નુકસાન તો ઠીક. પણ આ ગ્રીષ્મને જરા ટાઢી પાડવા લાગો ! નહિ તો અમારી સાથે તમને પણ એ બાળી જ નાખવા આવે છે !

ધનપાળ : ખરેખર ! આ ગ્રીષ્મ સહુને ભસ્મ કરવા બેઠી છે ! ઉત્તર ધ્રુવ કે દક્ષિણધ્રુવના બરફમાં આ ગ્રીષ્મ જાય તો એની કેટલી કિંમત વધે ?

[ સહુ કડક આંખે ધનપાળ તરફ જુએ છે. ]

ભૂલ્યો...કિંમત નહિ...પેલી બદલો માગતી કિંમત નહિ. એને શું કહીશું ?

સુંદરી : ગ્રીષ્મ ટાઢી કેમ પડે ? અમારા કૂવા, તળાવ અને નદીઓ પણ સુકાઈ ચાલ્યાં !

પારિજાત : ગ્રીષ્મની ઝાળ વર્ષા ટાઢી પાડે ! વર્ષાને આમંત્રણ આપો

ધનપાળ : તો બોલાવ વર્ષાને. એને વ્યાજખાધ આપીએ ! એને માટે વાહન મોકલીએ ! ઉપરામણી આપીએ... કોથળી છોડામણી...

મોગરો : આ તો વર્ષાને પણ વેચાતી લેશે ! વર્ષા એમ નહિ આવે !

વીર : હજી સૃષ્ટિમાં એવું ઘણું છે જે સત્તાથી, ધનથી, લાંચથી મળતું નથી.

રાજન : સુંદરી ! શો ઇલાજ ? તું જ માર્ગ ચીંધી શકે એમ છે !

સુંદરી : મને તો એક ઇલાજ દેખાય છે. જ્યાં માનવીનું કાંઈ ન ચાલે ત્યાં તે સહુનું કલ્યાણ ઇચ્છે અને પ્રભુની પ્રાર્થના કરે.

ધર્માનન્દ : સાચામાં સાચું ! હું સહુને પ્રાર્થના શીખવી શકીશ ! પ્રભુ, અલ્લાહ, ગૉડ, રામ, જીહોવા, બુદ્ધ, અહુરમઝ્દ—એ બધાંની પ્રાર્થના મને આવડે છે. જેનામાં સત્ હશે તેને પ્રાર્થના પહોંચશે. કહો તો મેલડી, વંતરી, શક્તિનાં સ્તોત્રો બોલીએ. સૂર્ય, અગ્નિ, મરુત......

સુંદરી : એ અગમ્યને નામ જ ન આપશો. ન ફાવે તો એને પ્રભુ પણ ન કહેશો. જેમ સમજાય તેમ સમજી, નમ્ર બની, આવો આપણે સહુ મસ્તક નમાવીએ. વર્ષા લાવવાનો બીજો ઉપાય દેખાતો નથી. વર્ષા એટલે જ સહુની મજિયારી મિલકત ! જેને જોઈએ એટલું પાણી આપે.

[ સહુ પ્રાર્થનાની ઢબે મસ્તક નમાવે છે. પૃથ્વી અને ચંદ્ર આવે છે. ]

પૃથ્વી : વહેંચી વાપરવું શીખતાં મારાં માનવી ભલે જીવે ! વર્ષા ! આવ, વરસ અને પુષ્પસૃષ્ટિને પાંગરવા દે ! માનવજાતે વેચાણ બંધ કર્યું.

[ વાદળાંના કટકા જેવાં વસ્ત્રો ઉડાડતી વર્ષા અને તેની વાદળીઓ—યુવતીઓ કે બાલિકાઓ ગીત-નૃત્ય સહ આવે છે. ]

વર્ષાનૃત્ય

કજરી

કેવી ધીરે ધીરે નાચતી નચાવંતી,
રસરેલંતી હું આવું ગગને...

મારાં ઝમકે રૂમઝુમ પાયલ,
ચમકે રંગ ભર્યાં મુજ છાયલ,
હું તો વાદળી વર્ષાની,
તરસ્યાંની,
રસરેલંતી હું આવું ગગને...

કહો તે વેરું આછાં મોતી,
ઢાંકું ચાંદા સૂરજ જ્યોતિ,
લાવું ફુલડાં હું ગોતી, મન મ્હોતી
રસરેલંતી હું આવું ગગને...

મારી સોડે સમીરણ આવે,
રીમઝીમ ઝાંઝરી બજાવે,
કહો તો ઝંઝાવાતે તાંડવો ખેલાવું.
રસરેલંતી હું આવું ગગને...

મારું સ્મિત ભરી દે સૃષ્ટિ,
મારાં હાસ્યે અમૃત વૃષ્ટિ,
મારે અંગેઅંગ ફુવારા, જલધારા.
રસરેલંતી હું આવું ગગને...

[ આછી વર્ષા સહ પુષ્પસૃષ્ટિ પ્રફુલ્લ બને છે. અને દૃશ્ય સમેટાય છે. ]

# નવલખી વાવ

## વસ્તુ

વડોદરાના લક્ષ્મીવિલાસ રાજમહેલના બગીચાને એક છેડે આવેલા પ્રાચીન સ્થાપત્યના નમૂના સરખી નવલખી વાવના દર્શને આ નાટિકા સ્ફૂરી.

એ વાવમાં બે લેખ છે : એક ફારસીમાં અને બીજો નાનો સરખો બ્રાહ્મીમાં. ફારસી લેખમાં ગુજરાતના સૂબાએ નવાણોની દુરસ્તી કરાવવા સ્થાનિક અધિકારીઓ દ્વારા કરેલી તજવીજ અંગે નવલખી વાવની દુરસ્તી કરાવનાર નથ્થુ ઠાકોરનો ઉલ્લેખ કરેલો છે. ગુજરાતનો સૂબો ઝફર પછીથી મુઝફ્ફરશાહ તરીકે ગુજરાતનો પ્રથમ સુલતાન બન્યો હતો.

બ્રાહ્મી લિપિમાં તો માત્ર ત્રણ જ અક્ષરો—સુરાજ—વંચાયા છે, જે શોધકોએ નન્ના કલચુરીની રાણી દદા તથા તેના જમાઈ સૂર્યરાજ સાથે સાંકળી લેવા પ્રયત્ન કર્યો છે.

એટલો ઇતિહાસ-પડછાયો.

એમાંથી આ નાટિકાનું વસ્તુ મેળવ્યું. વાવસ્થાપત્ય એ ગુજરાતની વિશિષ્ઠતા. એના ઉપર અનેક કલાશૃંગારો રચાયલા છે. વડોદરાની નવલખી વાવ વડોદરાના લક્ષ્મીવિલાસ રાજમહેલના બગીચામાં હજી ઊભી છે. એની પાસે જ વડોદરા શહેરનું વિદ્યુત-કારખાનું પણ આવેલું છે. આજથી તેરસો પચાસેક વર્ષ ઉપર—સાતમી સદીમાં—થઈ ગયેલા નન્ના કલચુરીના જમાઈ સૂર્યરાજે મૂળ આ વાવ બંધાવી, જે ઈ. સ. ૧૪૦૫માં નસીરૂદ્દૌલા-વાજુદ્દીન અમીર નથ્થુ ઠાકોરે દુરસ્ત કરાવી અને આમ અનેક અનાવૃષ્ટિનાં વર્ષોમાં વાવ ઉપયોગી થઈ પડી.

વાવ—સ્થાપત્યના શોખીન મુસાફરને નવલખી વાવમાં ઊતરતાં જ નવલખા વાવની અધિષ્ઠાત્રી દેવી મળે છે, એ મુઝફ્ફરશાહને તેમ જ સૂર્યરાજને પ્રગટ કરે છે અને મુસાફરની દૃષ્ટિએ અનેક સદીઓને આ વાવ દ્વારા જોડે છે. આ નાટિકાનું એ મુખ્ય વસ્તુ.

## સ્થળ

નવલખી વાવ–વડોદરાના રાજમહેલની પડખે.

## સમય

સવાર કે સાંજ

## સૂચન

બગીચાનું દશ્ય પડદા ઉપર તેમ જ રંગભૂમિ ઉપર લાવી શકાય.

બની શકે ત્યાં વડોદરાના લક્ષ્મીવિલાસ–અગર કોઈ પણ મહેલને પડદા ઉપર લાવી શકાય તો ઠીક. ખાસ જરૂર નહિ.

વાવનું દશ્ય ચિત્રથી અને બે ત્રણ પગથિયાંથી ઊભું કરી શકાશે. બે આછા લેખ–ફારસી તથા બ્રાહ્મીમાં–સૂચન પૂરતા બતાવી શકાય.

ટોર્ચ દ્વારા બન્ને લેખ વંચાવવા અને બન્ને લેખમાંથી–અગર લેખના પડદા પાછળથી મુઝફ્ફર અને સૂર્યરાજ પ્રગટ થઈ શકશે. દેવી વાવમાંથી પ્રગટ થતી બતાવવી સંગીત પાર્શ્વભૂમિમાં આવી શકશે.

## પાત્રો

મુસાફર : સ્થાપત્ય શોખીન વટેમાર્ગુ.

દેવી : વાવની અધિષ્ઠાત્રી દેવી.

મુઝફ્ફરશાહ : પંદરમી સદીની શરૂઆતમાં થઈ ગયેલો ગુજરાતનો પ્રથમ સુલતાન.

સૂર્યરાજ : સાતમી સદીની શરૂઆતમાં કલચુરી વંશના રાજા નન્નાનો ગુર્જર સેનાપતિ.

[ મુસાફર પ્રવેશ કરે છે. ]

મુસાફર : આ જ નવલખી વાવ ! રસાળ ગુર્જરી ભૂમિ પાણી ઉપર પણ મંદિરો રચે છે. કૂવા વગરનું ગુજરાતમાં એકે ગામ ન હોય. અને કૂવાની બહેન વાવ ! એને તો પૂર્ણ શણગાર જ જોઈએ. ગુજરાતના સ્થાપત્યસૌંદર્યમાં વાવને ન ભૂલાય. સ્થળે સ્થળે, માર્ગે માર્ગે રાજવીઓ, મહાજનો, વણઝારાઓ વાવની હારમાળા ઊભી કરતા જ ચાલે ! રાણકી વાવ જોઈ !...... અને અડાલજની વાવ ? વાહ, વાહ ! ગુજરાતનાં સ્થાપત્ય-સૌંદર્ય જોવાં હોય તો અડાલજની વાવ ન જ વિસરાય... અને આ જોવા આવ્યો છું એ વડોદરાની નવલખી વાવ પણ ક્યાં ઓછી ભવ્ય અને સુંદર છે ? અને બગીચો, વૃક્ષઘટા તથા ફૂલક્યારીઓ તો ચારે પાસ છવાયાં છે ! શી ઠંડક અનુભવાય છે ! શ્રીમંત સયાજીરાવની યાદ આપતા 'લક્ષ્મી-વિલાસ'નો મિનાર વાવની એક બાજુએ ઝૂમે છે, બીજી પાસ વડોદરાને પ્રકાશ કરતું વિદ્યુતકેન્દ્ર પણ પોતાના સંચા ખખડાવે છે. લાવ, હું આ વિશાળ વાવનાં વિશાળ પગથિયાં ઊતરી વાવને નિહાળું !

[ અદૃશ્ય સ્ત્રીનો ગીતરણકો સંભળાય છે. ]

[ આઠ કૂવા ને નવ વાવડી રે લોલ !
સોળસેં પનીહારીની હાર !
મારા વ્હાલાજી હો !
હાવાં નહિ જાઉં મહી વેચવા રે લોલ ! ]

મુસાફર : આ તો પેલી દયારામની બહુ ગવાતી ગરબી! વાવ નિહાળતાં જ રસિક દયારામ ગુંજી ઉઠે છે. વાવ, કૂવા અને પનઘટ એ આર્યજીવનનાં રસસ્થાન.

[ અદૃશ્ય ઝીણો અવાજ સંભળાય છે જે વાવની અધિષ્ઠાત્રી દેવીનો હોય છે. ]

અદૃશ્ય અધિષ્ઠાત્રી : માત્ર રસસ્થાન નહિ, ધર્મસ્થાન પણ ખરાં જીવનમાં રસ અને ધર્મ એકબીજાને હાથ આપીને જ ચાલે. નહિ તો રસમાં ધર્મ નહિ રહે અને ધર્મમાં રસ નહિ હોય.

મુસાફર : અહીં કોણ બોલે છે?......જે હો તે! એ વાણી મને માન્ય છે. વાવનાં પગથિયાં ઊતરતાં મને રસદર્શન પણ થયું અને ધર્મસ્મરણ પણ થયું. પાણીના પ્રભુ વરુણ. વેદકાળથી પાણીપૂજા આર્યોએ સાધ્ય કરી છે. જીવનનું સાચું અમૃત તે. પાણી પશુ, પક્ષી, માનવી અને વનસ્પતિની એ તૃષા છિપાવે અને અનાજને જન્માવી માનવીને એ જિવાડે. પાણી એટલે સ્વચ્છતા, પવિત્રતા–તન અને મનની અંઘોળ પાણીને નહિ તો બીજા શાને પૂજીએ?

અદૃશ્ય અધિષ્ઠાત્રી : પાણીની એક બાજુ તું ભૂલ્યો.

મુસાફર : કઈ બાજુ?

અદૃશ્ય અધિષ્ઠાત્રી : એની રસબાજુ.

મુસાફર : એટલે?

અદૃશ્ય અધિષ્ઠાત્રી : દયારામને યાદ કરનારથી જળની રસબાજુ ભુલાય? પાણી માત્ર જીભને અને જીવને જ પોષે છે એમ નહિ. જળફુવારા અને જળધોધ આંખનાં સૌન્દર્ય છે! નહિ?

મુસાફર : કબૂલ.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : અને જલતરંગનું વાદન કદી સાંભળ્યું છે? એ શ્રવણનું સૌંદર્ય : એટલે પાણી સંગીત પણ આપે છે. મુસાફર! કહે, પાણી શું નથી? પાણી શું નથી આપતું?

વ્યવસ્થિત પાણી આપતાં જલાશયો આપણાં સાચાં મંદિર! તું કહેતો તેમ!

મુસાફર : જરૂર. અને અમારી ગુજરાતી ભાષાએ તો પાણીને બહુ સાચો અર્થ પણ આપ્યો છે. પાણી એટલે ચમકતું, ઝળકતું, જીવતું જીવન! શિથિલતા, દારિદ્રય, રોતલપણું, માંદગી, ભીરુતા હોય ત્યાં પાણી ન હોય. માનવી પાણીદાર જોઈએ; જાનવર પણ પાણીદાર જોઈએ; શસ્ત્ર પણ પાણીદાર જોઈએ...પણ આપ કોણ છો? વાવમાં સંતાઈ અદૃશ્ય રહી શા માટે બોલો છો?

અદૃશ્ય અધિષ્ઠાત્રી : વાવમાં કોણ સંતાય?

મુસાફર : ચોર, ડાકુ કે બહારવટિયા.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : એમાંથી હું કોણ હોઈશ? કરી જો કલ્પના.

મુસાફર : આપ ચોર, ડાકુ કે બહારવટિયા જેવાં લાગતાં નથી. એ હો તો આમ ખુલ્લી વાત ન કરો. વળી આપનો કંઠ સ્ત્રીનો કંઠ લાગે છે.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : સ્ત્રીઓ ચોર, ડાકુ કે બહારવટિયેણ ન બની શકે એમ તું માને છે? અને સ્ત્રી પુરુષને સરખા હક્ક આપતા આ યુગમાં?

મુસાફર : હું ચોર કે ડાકુ બનવાના સ્ત્રીપુરુષના સમાન હક્ક કબૂલ રાખું છું...પણ...મોટે ભાગે સ્ત્રીઓની ચોરી કે બહારવટાં જરા જુદા પ્રકારનાં હોય. વળી તમારો કંઠ ચોર જેવો લાગતો નથી.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : ત્યારે કેવો લાગે છે? ચોર, ડાકુ કે બહારવટિયા સિવાય બીજું કોણ અહીં સંતાય?

મુસાફર : એ સિવાય તો...વાવમાં...કદાચ...જુગારીઓ...કે પ્રેમીઓ સંતાય...પણ...

અદૃશ્ય અધિષ્ઠાત્રી : હું તો અહીં એકલી જ છું. અને પ્રેમની વાત કરનાર બેશરમ માનવીઓને ખબર છે કે પ્રેમ કઈ વયમાં હોય?

મુસાફર : અરે, ગધાપચ્ચીસી પહેલાં જાગતો પ્રેમ પચાસે પહોંચતાં

પહોંચતાં તો હોલવાઈ જાય છે. પૂરી પચ્ચીસી પણ પહોંચતો નથી. અને......પછીનો પ્રેમ એટલે ધૂમ્રપાન! વરાળમાં બાચકા!

અદૃશ્ય અધિષ્ઠાત્રી : મારી વય કેટલી હશે?

મુસાફર : નવા યુગના વિવેકમાં સ્ત્રીની ઉંમર પૂછાય પણ નહિ અને કહેવાય પણ નહિ.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : છતાં કહેવી પડે તો? મારો આગ્રહ છે. સાચું કહે.

મુસાફર : તો પચીસે આડો આંક. કોઈ પણ સ્ત્રીની વય પચીસથી વધારે કહીએ તો 'बायकांचे बंड' ઊભાં થાય...અને... આપ તો અદૃશ્ય રહીને વાત કરો છો. જરા નજરે પડો તો હું અંદાજ પણ કરી જોઉં!

અદૃશ્ય અધિષ્ઠાત્રી : કંઠ ઉપરથી વય ન પરખાય?

મુસાફર : કદાચ ભૂલ થાય. કંઠ ઉપરથી તો આપની વય વીસ વર્ષથી વધારે ન જ હોય.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : મારી ઉંમર કહું? બીશ તો નહિ ને?

મુસાફર : આપ પ્રગટ થાઓ અને...પછી...હું કહી આપું. હું બનતાં સુધી ભૂલ કરતો નથી......સ્ત્રીઓની વયપરખમાં.

અદૃશ્ય અધિષ્ઠાત્રી : એમ? જો! આંખ મીંચીશ નહિ, હો!

[ સહજ વાદ્યો અને ઝાંઝર વાગે છે. પ્રાચીન વેશવિભૂષિત એક યુવતી – વાવની અધિષ્ઠાત્રી દેવી પ્રગટ થાય છે. ]

અધિષ્ઠાત્રી : અત્યાર સુધી હું તારા શ્રવણને પ્રત્યક્ષ હતી; હવે તારી દૃષ્ટિને પણ હું પ્રત્યક્ષ થાઉં છું. કહે, હવે હું દેખાઉં છું?

મુસાફર : આપ ખરેખર દેખાઓ છો; સાથે મારું આશ્ચર્ય પણ વધે છે. આપને સમજી ઓળખી ન શકું તો આપ માફ કરજો.

જાણે અજંતા-ઇલોરાના શિલ્પમાંથી તો આપ જાગૃત ન થયાં હો ! આપનો વેશ, આપના અલંકાર, આપનું મુખ મંડળ આપને ગુજરાતી સન્નારી તરીકે ઓળખાવતાં નથી.

અધિષ્ઠાત્રી : હું જરૂર ગુજરાતી છું. હવે તું કહી શકીશ મને કેટલાં વર્ષ થયાં તે ?

મુસાફર : વીસ કરતાં વધારે નહિ જ. કંઠ ઉપરથી પારખ્યાં હતાં એવડાં જ આપ છો.

અધિષ્ઠાત્રી : ( સહજ હસીને ) મારી વય વીસની નહિ, ત્રીસની નહિ પરંતુ તેરસો પચાસ વર્ષની ! સાડી તેરસો વર્ષની હું છું. તેર અને ઉપર અડધી સદી મારા જન્મ ઉપર હું ઝીલી રહી છું. કાંઈ સમજાય છે ?

મુસાફર : ન હોય. હું તો ગૂંચવાઉં છું. સાડી તેરસો વર્ષ ? આપને ? ન બને.

અધિષ્ઠાત્રી : કેમ ? મને પ્રત્યક્ષ નિહાળે છે છતાં કેમ ગૂંચવાય છે ?

મુસાફર : સો વર્ષની વય સાંભળી છે...પત્રકારો અને ખબરપત્રીઓ વધારે ખેંચીને સવાસો સુધી એ વયને તાણે છે......પણ... ...એક હજાર ત્રણસો અને પચાસ વર્ષનું આયુષ્ય ? કદી નથી સાંભળ્યું ! કાં તો હું સ્વપ્નમાં છું કે કાં તો મારું મગજ હાલી ઊઠ્યું છે.

અધિષ્ઠાત્રી : સ્વપ્નમાં અને જાગૃતિમાં બહુ ફેર નથી...માનવીના મગજ બધાં યે હાલતાં-ડોલતાં ! ડહાપણ અને ઘેલછા વચ્ચે નહિ જેવું જ અંતર છે. એટલે મારાં જીવનવર્ષ સાંભળી મૂંઝાઈશ નહિ.

મુસાફર : તો...આપ માનવી તો ન જ હો !...જોકે આજ સુધી અમાનવી કે અતિમાનવી મેં નિહાળ્યાં નથી.

અધિષ્ઠાત્રી : ( સહજ હસતાં ) હું ભૂતપ્રેત તો નથી લાગતી ને ?

મુસાફર : આ વીસમી સદીમાં જૂના ભૂતપ્રેત ભાગી ગયાં છે...

અધિષ્ઠાત્રી : અને નવાં ઊભાં થાય છે તે તું જાણે છે ? ભૂત ભાગ્યાં

હશે એના કરતાં વધારે ભુત આ સદીમાં જાગ્યાં છે. વીસમી સદીનું વિજ્ઞાન એક ભયંકર ભૂવો જ છે. પણ મારે તેની દરકાર નથી. હું તો સદીઓના વાવા અને વાગા મારા ઉપર વીંટાળ્યે જ જાઉં છું.

મુસાફર : હવે...કૃપા કરી આપ કહો કે...ખરેખર...આપ કોણ છો.

અધિષ્ઠાત્રી : હું ચોર નથી, ડાકુ નથી; હું બહારવટે ચઢી નથી કે હું પ્રેમમાં પડી નથી; હું ભુત નથી કે હું પ્રેત નથી. હું માનવી પણ નથી—તારા કહેવા પ્રમાણે. તો હું કોણ હોઈ શકું ?

મુસાફર : પ્રભુ જાણે કે આપ જાણો !

અધિષ્ઠાત્રી : પ્રભુ તો વળી બહુ જૂનો, પુરાણ પુરુષ. એની વય કોઈ કળી શક્યું નથી. એની આંખના પલકારામાં મારાં સાડી તેરસો વર્ષ તો દેખાય પણ નહિ. હું છું...આ નવલખી વાવની અધિષ્ઠાત્રી. એનો પાયો નાખ્યો ત્યારથી હું અહીં જ છું.

મુસાફર : એટલે...વાવનું દેવસ્વરૂપ તે આપ, ખરું ? સ્થળનાં દેવ-દેવી હોય ખરાં ?...ન હોય તો થવાં જોઈએ.

અધિષ્ઠાત્રી : તું મને પ્રત્યક્ષ જોઈ સાંભળી શકે છે, છતાં શંકા રાખીશ તો......હું અલોપ થઈ જઈશ. **संशयात्मा विनश्यति.** વિશ્વાસ હોય તો ચાલ મારી સાથે. હું તને આખી વાવ બતાવું......તું વાવ જોવા આવ્યો છે ને ?

[બન્ને એકએ પગથિયાં ઊતરે છે.]

મુસાફર : કેવાં સુંદર, લાંબાં અને પહોળાં પહોળાં પગથિયાં છે ! અને આ જબરદસ્ત સ્થંભો ! અત્યંત મજબૂત સ્થાપત્ય...

અધિષ્ઠાત્રી : જે વાવને ચૌદસો વર્ષ ઉપરાંત જીવવું હોય એનું સ્થાપત્ય મજબૂત હોવું જ જોઈએ ને ?

મુસાફર : માનવીને ચૌદસો વર્ષ જીવવું હોય તો ?

અધિષ્ઠાત્રી : જરા આફત મોટી થાય. નવા જન્મો અટકાવી દેવા પડે, અને આખી સમાજરચના બદલવી પડે ! સો વર્ષ પણ

જીવી ન શકતો માનવી આટઆટલા ઉત્પાતો મચાવે છે તો એને હજાર વર્ષ ક્યાં જિવાડવો ? જેમ છે એમ જ રહેવા દે ને, ભાઈ !

મુસાફર : માનવજાત તમને...બહુ ગમતી હોય એમ લાગતું નથી.

અધિષ્ઠાત્રી : નથી પણ ગમતી, અને ગમે છે પણ ખરી. આ નવલખી વાવની પાછળ કેટકેટલા માનવહાથ કામે લાગેલા હું જોઈ શકું છું. યોજકો, શોધકો, સ્થપતિઓ, કલાકારો, કારીગરો, મજદૂરો, પાણીપરખનારાઓ, ધનિકો; કેટકેટલા ભેગા મળ્યા ત્યારે આ વાવ તૈયાર થઈ. એમાંથી કોઈએ તેરસો વર્ષ જીવવાની ઇચ્છા ન કરી; છતાં એમનું સત્કાર્ય સદીઓ સુધી જીવંત છે...આજ સુધી.

મુસાફર : સાચું. મને કોઈએ કહ્યું કે આ વિશાળ રાજમહેલના આખા બગીચાઓને એ વાવનું પાણી જીવંત રાખે છે.

અધિષ્ઠાત્રી : તું તો આ રાજમહેલને જ જુએ છે. હજી એ સદી જૂનો પણ નથી. જ્યારે મારી આંખે નિહાળેલી તેરચૌદ સદીઓમાં કૈંક યુદ્ધો થયાં, કૈંક દુષ્કાળના ઓળા ફરી વળ્યા, અને કૈંક આસમાની-સુલતાની મેં અનુભવી; છતાં આ વાવના પાણીએ દુષ્કાળની ધરી ઝીલી અનેક માનવીઓને અને પશુઓને જીવતાં રાખ્યાં છે, નાસતા-ભાગતા માનવીઓની તૃષા છિપાવી છે, અને બળબળતા તાપમાં કૈંક પક્ષીઓને અને માનવીઓને ટાઢક આપી જિવાડચાં છે. માનવી બહુ લાંબું જીવે એના કરતાં વધારે સત્કાર્યો કરે તો વધારે સારું, નહિ ?

મુસાફર : સાચું કહ્યું આપે. આ વાવ બનાવનારનું નામ આપણે નથી જાણતા. પણ તેથી શું થયું ? એનું કામ તો આજે પણ જીવંત છે ને ? આપણે કામ સાથે કામ; નામને શું કરવું છે ? નામ તેનો નાશ...

અધિષ્ઠાત્રી : મુસાફર ! છેક નગુણો ન થઈશ. આશીર્વાદ આપવા પૂરતું પણ સુકૃત્ય કરનારનું નામ જાણીએ તો શું ખોટું ! તારી આંખને આ સ્થાપત્ય ગમ્યું હોય તો એના ઉપજાવનારને આશીર્વાદ તો આપ !

મુસાફર : નવલખી વાવના રચનારને મારા અંતઃકરણના આશીર્વાદ ...પણ એ વાવની અધિષ્ઠાત્રી દેવી ! આપને શું નથી લાગતું કે માનવીના મોટા ભાગનાં નામ ભુલાઈ જવા જેવાં હોય છે ?

અધિષ્ઠાત્રી : એ જ સારું છે. યાદ કરવા જેવાં બહુ માનવી હોય તો માનવઇતિહાસો બહુ મોટા થાય અને વિદ્યાર્થીઓ ગોખતાં ગોખતાં શાપ આપે.

મુસાફર : આમે વિદ્યાર્થીઓ સાલવારી ગોખતાં સહુને શાપે જ છે...પણ મને તો અત્યારે એમ જ થાય છે કે આવી નમૂનેદાર નકશીની આછી છાંટવાળી, પાંચ પાંચ ઘુમ્મટ કમાનથી શોભતી વાવના રચનારનું નામ જાણું તો હું એ નામે આશીર્વાદ આપું.

અધિષ્ઠાત્રી : કદાચ તું મહેનત કરે, આંખને વધારે તીક્ષ્ણ બનાવે તો વાવના જીર્ણોદ્ધારકનું...અને એના સ્થાપકનું પણ...નામ તને જડી આવે...જો, આ તારી પાછળની જબરદસ્ત દીવાલો ! એમાં કાંઈ દેખાય છે ?

મુસાફર : આ વીજળીની બત્તીઓ વાપરી વીસમી સદીની આંખ પણ ચૂંચળી બની ગઈ છે. વીજળીબત્તી ન હોય ત્યાં વીસમી સદીનો માનવી આંધળો ઘુવડ !

[ ટૉર્ચ—વીજળીની હાથ બત્તી ઉઘાડે છે. ]

અધિષ્ઠાત્રી : પણ......આંખને મદદ કરવા માટે તું આ વીસમી સદીની પ્રકાશિકા લઈને તો ઊભો છે. વીસમી સદીને કેમ વગોવે છે ?

મુસાફર : મુસાફર : હાં......હાં......આ ટૉર્ચ ! વીજળીની હાથ-બત્તી ! એને આપ પ્રકાશિકા કહો છો ? દેવી ! તમે સંસ્કૃતના શોખીન લાગો છો. તમારી તેરસો વર્ષ ઉપરની જન્મભાષા તો સંસ્કૃત જ ને ?...કે શૌરસેની પ્રાકૃત ?...વાહ ? ટૉર્ચના પ્રકાશમાં કેવો સુંદર આરસપહાણ દેખાય છે ! અંદર કાંઈ લખેલું પણ છે. શિલાલેખ લાગે છે.

અધિષ્ઠાત્રી : વાંચી જો.

મુસાફર : ન ઊકલે એવી લિપિ લાગે છે......ફારસી, અરબી કે ઉર્દૂ ?...

અધિષ્ઠાત્રી : હજાર હજાર વર્ષથી હિંદુ-મુસલમાન ભેગા રહો અને ફારસી લિપિ ન આવડે એ કેવું ? પ્રયત્ન કરી જો. બધું સમજાશે.

મુસાફર : ( પ્રથમ ધીમે ધીમે ) બિ...સ...મિ...લ્લાહ...અ...ર'હે-...માન...અ...ર્'હીમ...પરમ કૃપાળુ, પરમ દયાળુ પ્રભુને નામે...વાહ ! પ્રભુને તો હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી સહુ પરમ દયાળુ અને પરમ કૃપાળુ જ કહે છે. પ્રભુનું નામ લેતાં ધર્મભેદ, જાતિભેદ, કોમભેદ, રંગભેદ ભુલાઈ જવા જોઈએ...

અધિષ્ઠાત્રી : મુસાફર ! ભાષણ ન કરીશ. શ્રોતામાં હું એક જ છું ! પહેલો આ નવલખીનો લેખ વાંચ. પછી એ લેખ સમજ. પછી કોઈ પુરાતત્ત્વ-સંશોધકમંડળ સભા ભરી તને બોલાવે તો ભાષણ આપજે. અહીં રાજકીય સભા કોઈ ન ભરે. વાંચ...આગળ વધ.

મુસાફર : ( સ્વગત ) આ તેરસો વર્ષનાં દેવી ધમકાવે છે પણ ખરાં ! ( પ્રકાશ )...વારુ...હું...આગળ વાંચું...ઓહ ! આ તો સમજાય છે...ગુજરાતનું પ્રાન્ત તરીકે નામ પણ આમાં છે...એ ગુજરાતનો સૂબો ઝફરખાન...તઘલખ વંશનો સૂબો...એના સમયમાં...અરે વાહ......ચોખ્ખું ' બરોદરા ' વંચાય એમ લખ્યું છે...વડોદરા નામ બહુ જૂનું લાગે છે...એ

વડોદરાના હાકેમ માલિક આદમના શાસન સમયે...નસીરૂદ્દૌલા વાંજુદ્દાન અમીર નથ્થુ ઠાકુરે......પ્રભુકૃપાથી આ વાવની યોજના કરી વાવ બંધાવી...વાહ! આ નથ્થુ ઠાકોર ખરો! વિદ્વાનોને ખબર આપવા જેવી છે કે નથ્થુ નામ આજકાલનું નથી. બાદશાહી વખતનું છે, અને એ નામ એકલા હિંદુઓનો જ ઇજારો નથી; મુસ્લિમ અમીરો પણ નથ્થુ તરીકે ઓળખાતા. નથ્થુ ઠાકુર! વાહ! અને એ પાછા નસીરૂદ્દૌલા...અરે! આ શિલાલેખમાંથી જીવંત માનવી કોણ નીકળી આવે છે?

[ હથિયાર અને મુસ્લિમ વેશ તથા તાજધારી માનવી પ્રવેશે છે ]

પધારો, પધારો. સાડી તેરસો વર્ષનાં દેવી પ્રગટ થાય તો ઈસ્વીસન ૧૪૦૫માં આ લેખ લખાવનાર સાડી પાંચસો વર્ષના આપ જાગૃત થાઓ એમાં કેમ વાંધો લેવાય?... પધારો નથ્થુ ઠાકોર! ઉપરાંત આપનો ઇલ્કાબ ' નસીરૂદ્દૌલા વાજુદ્દાન '! નહિ?

ઝફરખાન : હું નથ્થુ ઠાકુર નહિ.

મુસાફર : ત્યારે આપ, પેલા, વડોદરાના પ્રાચીન હાકેમ...મલિક આદમ તો નહિ ને?

ઝફરખાન : નહિ. મને તમે ઓળખી શકતા નથી? મારાં રાજચિહ્નો તો જુઓ!

મુસાફર : જોયાં. પણ...આ પાંચ સદીમાં તો કૈંક સુલતાનો અને રાજા-મહારાજા થયા અને ગયા. આપનું ઇસ્મે મુબારક? હું ' શેક હેન્ડ ' કરી આપના શાહી આદાબમાં ઓછાપણું નહિ લાવું...નહિ કહો? વારુ. દેવી! અધિષ્ઠાત્રી! આપ આ મહા પુરુષની ઓળખાણ આપો. આપ તો એમને જોયા હશે જ.

અધિષ્ઠાત્રી : હા. એ મહાપુરુષ ગુજરાતના પ્રથમ મુસ્લિમ સુલ

તાન...મુઝફ્ફરશાહ ગુજરાતી.

મુસાફર : સલામ આલેકુમ, સુલતાન !

ઝફરખાન : આલેકુમ અસ સલામ.

મુસાફર : તે આપ આ લેખવાળા ઝફરખાનના કાંઈ સગાં થાઓ ખરાં ?

ઝફરખાન : એ જ હું ઝફરખાન...જેની સૂબાગીરીમાં આ વાવ બંધાઈ !

મુસાફર : તે...આપ...સૂબામાંથી સુલતાન કેમ બની ગયા ?

ઝફરખાન : હું રાજકરણની લાંબી ચર્ચા કરવા માગતો નથી. એ ચર્ચા કદી સલામત હોતી નથી. પરંતુ ટૂંકામાં એક જ વાત કહું. તમે તૈમૂરનું નામ સાંભળ્યું છે ?

મુસાફર : હા હા, તૈમૂર લંગ ને ? એણે...એ એશિયાવાસી વીરે તો યુરોપ અને એશિયાનાં રાજ્યો હચમચાવી નાખ્યાં હતાં. દિલ્હીની બે ભયંકર કતલો : એક તૈમૂરની અને બીજી નાદિરશાહની. એ જ તૈમૂર ને ?

ઝફરખાન : હા, એ જ તૈમૂર. મેં એને નિહાળ્યો હતો. મૂળ તો દિલ્હીના તઘલખ શાહો નિર્બળ બનતા હતા; તેમાં તૈમૂરે અસહ્ય ફટકો લગાવ્યો, દિલ્હીનું રાજ્યકેન્દ્ર અસ્તવ્યસ્ત થયું, અને ઉત્તર મધ્ય તથા દક્ષિણ મુલ્ક છિન્નભિન્ન બની ગયા.

મુસાફર : એટલે આપે સૂબાગીરીમાંથી સલ્લતન ઉપર કૂદકો માર્યો ?

ઝફરખાન : આજ તમને મશ્કરી કરવાનું મન થાય છે. પણ એ કૂદકો બહુ સહેલો ન હતો. રાજકેન્દ્ર નિર્બળ બને એટલે ચારે પાસ અવ્યવસ્થા જાગે. સારાં સારાં માણસો સત્તાનાં લોભી બની જાય. સત્તાધીશો અને વ્યાપારીઓ ધનની લૂંટાલૂંટમાં બધાં જ પોતાને ડાહ્યાં માને. કોઈ કોઈનું સાંભળે જ નહિ અને ગરીબ તથા મધ્યમ વર્ગનો તો કોઈ બેલી જ ન હોય. પ્રજા કાયર કાયર થઈ જાય. લૂંટફાટ અને બહારવટાં શરૂ થઈ જાય...

મુસાફર : સાંભળવા જેવી વાત છે. પણ રાજવહીવટના કેન્દ્રને આપ-

ણુથી નિર્બળ ન જ બનાવાય. કહો, શાહ સલામત ! પછી આપે શું કર્યું ?

ઝફરખાન : એટલે મને પ્રજાના આગેવાનોએ, સરદારોએ અને લશ્કરે વિનતિ કરી કે મારે રાજચિહ્નો ધારણ કરવાં અને ગુજરાતના રાજ્યની લગામ હાથમાં લેવી.

મુસાફર : પણ તમે દિલ્હીના સૂબા રહીને એ બધું કર્યું હોત તો ? વફાદારી સચવાત ને ?

ઝફરખાન : તમે એ મધ્યયુગના હિંદને અને ગુજરાતને જોઈ શક્યા હોત તો એ પ્રશ્ન ન પૂછત. ત્યારે પ્રજામાં રાજચિહ્નની કિંમત હતી, રાજગાદી અને રાજદેહ પૂજનીય હતાં, અને દિલ્હી એવું દુર્બળ બની ગયું હતું કે એને ન હતા કાન, ન હતી આંખ, ન હતા હાથ અને ન હતા પગ. ન ત્યાં કોઈ હકીકત સાંભળે કે ન કોઈ હુકમ આપે. એવા અંધેરમાં કોઈએ તો દીવો પ્રગટાવવો રહ્યો ને ? કાલપુરુષનું હું સાધન બન્યો, મેં સલ્તનત સ્થાપી અને મારી રચેલી સલ્તનત દ્વારા મેં ગુજ-રાતને જગત-જાણીતું કર્યું. જાણો છો, મુસાફર ! કે ત્યારે દિલ્હીની સલ્તનત જુવાર-બાજરીના ઢગલા ઉપર તખ્ત માંડતી, જ્યારે ગુજરાતનું સિંહાસન હીરામોતીના ઢગલા ઉપર મંડાતું.

મુસાફર : ગુજરાતની સલ્તનત એક રસિક વાર્તા છે એમાં સંશય નહિ. પણ નામવર સુલતાન ! કદી કદી જુવાર-બાજરી હીરા-મોતીથી પણ વધારે કિંમતી બને ખરી, હો !

ઝફરખાન : જુવાર બાજરી વગર હીરામોતી આવે જ નહિ. પહેલાં જુવાર-બાજરી...પછી હીરામોતી. આબાદી હોય તો જ રૌનક. સાચો હીરો એટલે ભર્યાં પૂર્યાં ધાન્ય નિહાળવાનો દીવો. મારું ગુજરાત તો બંને આપે એવું છે—જો બરાબર માગતાં આવડે તો.

મુસાફર : આબાદીના સાચા પ્રયત્નોની આ નવલખી વાત એક સબળ

સાક્ષી છે. આ વાવ બંધાવી આપ નામદારે પંદર પંદર ગાઉની આબાદી સદ્ધર કરી છે......કાયમને માટે...પાંચસો વર્ષથી...

[ એક પગથિયું વટાવે છે અને ગેબી અવાજ થાય છે. ]

ગેબી અવાજ : આ વાવ કોણે બંધાવી કહો છો? સુલતાન મુઝફ્ફરે? શું એને બંધાવે માત્ર પાંચસો જ વર્ષ થયાં? નથી એ સાચો ઇતિહાસ.

મુસાફર : આપ કોણ છો? ક્યાંથી બોલો છો? હું તો વાવ જોવા આવ્યો છું. મહેરબાન સુલતાનનો ઇતિહાસ સાચો ન હોય તો...આપ તેમ સાબિત કરી શકો છો!

ગેબી અવાજ : સાબિત? હજી જરા આગળ વધો. સંગેમરમર ઉપર લખાયલા લેખને વાંચી બેસી ન રહો...હાં, એ જ ભીંત ઉપર અક્ષર ઉકલે છે? ચોખ્ખા કોતર્યા છે.

મુસાફર : આ તો વળી ઉર્દૂ-ફારસીથી પણ ઇલાયદી લિપિ છે! શું હિંદનું નસીબ છે! ભાષા એક નહિ, લિપિ એક નહિ, પહેરવેશ એક નહિ...હા, હવે રાજ્ય તો એક થયું છે. બધું એક થાય એવી હવે આશા ખરી. પણ...આ લિપિ તો નથી ઊકલતી.

અધિષ્ઠાત્રી : મુસાફર! શું તમે પણ થાકો છો? ફારસી લેખ વખતે પણ તમે એમ જ કહેતા હતા. વાંચવા માંડો. બધું આવડશે. કાળા માથાનો માનવી શું ન કરી શકે?

મુસાફર : પણ...હિંદની બધી લિપિઓ ઉકેલતાં તો...વાળ ધોળા થઈ જાય.

અધિષ્ઠાત્રી : ભલે થાય. ધોળા વાળ કરીને પણ એ લિપિ ઉકેલીશ તો ઘણાં અંધારાં પ્રકાશિત બની જશે. એ છે હિંદની પ્રાચીન લિપિ–બ્રાહ્મી–દેવનાગરીની માતા.

મુસાફર : હિંદમાં માતાની પૂજા પણ ક્યાં અજાણી છે? અને પણ વિદ્વાનો વેદવારા સુધી ખેંચી ન જાય તો સારું......આ તો......કાંઈ ઊકલતું નથી.

અધિષ્ઠાત્રી : એ લિપિમાં તો તમારો જૂનો ઇતિહાસ સચવાયો છે......

મુસાફર : અમારો ઇતિહાસ મહંમદ ગઝનીની સવારીઓથી શરૂ થાય. એથી આગળ કૂદકો મારીએ તો વળી ગૌતમ બુદ્ધ, પાંડવ કૌરવ, રામ-રાવણ અને આર્યોનાં હિંદ ઉપર ઊતરી પડેલાં ધાડાં......

અધિષ્ઠાત્રી : એ બધું પૂરું સમજવું હોય તો બ્રાહ્મી લિપિ શીખો. નહિ તો આર્યોનાં સંચલનને તમારો ઇતિહાસ ધાડાં જ કહેશે ......આર્યોને ધાડાં તરીકે ઓળખાવનાર અંગ્રેજનો આભાર માનો કે તમારી ભુલાઈ ગયેલી બ્રાહ્મીને એણે ઉકેલી......શિલાલેખો અને સિક્કાઓ ઉપર વસીને બ્રાહ્મી લિપિ જીવતી રહી છે.

મુસાફર : કંઈક ઊકલે છે......સૂ......રા......જ, કે સૂરજ? અરે, અક્ષરમાંથી માણસો ફૂટી નીકળે છે આ વાવમાં!

[ શસ્ત્ર અસ્ત્ર સજેલો એક વીર સૂર્યરાજ પ્રગટ થાય છે. ]

સૂર્યરાજ : એ જ હું સૂરજ! સૂર્યરાજ!

મુસાફર : સૂર્યરાજ! નામ તો સરસ છે. પણ તમે વીસમી સદીના પાટલૂનિયા સદ્‌ગૃહસ્થ કે ધોતી-કફનીધારી નેતા લાગતા નથી. આપે તો માથે મુકુટ ધારણ કર્યો છે; કાને ઝળકતાં કુંડળ! ગળે હીરાનો કંઠો! રેશમના તાગા! જેવું ઉત્તરીય! આમાંથી આર્ય ઓપતો આપનો દેહ! કસેલી કમર! પીળું પીતાંબર, ખભે ધનુષ્યબાણ અને ભાથું, એક હાથમાં પુષ્પ, અને એક

હાથમાં કૃપાણ ! આમ તો નવા નવતેરા લાગો છો. આપનું શુભ નામ તો જાણ્યું. આપનો પરિચય ?

સૂર્યરાજ : મારો પરિચય ? મારો દેખાવ બસ નહિ થાય ?

મુસાફર : એકલો દેખાવ તો...સૂર્યરાજ ! ન ચાલે......હમણાં હમણાં અમારા નાટક-સિનેમામાં...પ્રાચીન કાળના પુરુષોને તમારા જેવા જ બનાવાય છે...અને કંઈક છોકરીઓ મૂક દશ્યો કે નૃત્યોની ઝડી વરસાવે છે... ત્યારે...તમારું બીજું ઉપજાવે છે. પણ આ શસ્ત્રો જોતાં...તમે...કાંઈ આજની માફક મૂક લટકાં કરો કે તાંડવનૃત્યની ધમપછાડ માંડો એવું લાગતું નથી. આપનું કૃપાણ ચમકતું છે, અને તીરકમાન તાજાં દેખાય છે. આજનો ગુજરાતી આવો લડવૈયો ન જ હોય.

સૂર્યરાજ : હું પણ ગુજરાતી છું. પૂછી જો આ વાવની દેવીને.

મુસાફર : તે તમે પણ સૂર્યરાજ ! પાછા તેરસો ચૌદસો વર્ષના બની જશો શું ? દેવી જેવડા ? લાગો છો તો પચીસના ?

અધિષ્ઠાત્રી : ( સહેજ હસતાં ) મારા કરતાં એ સહેજ મોટા છે... પચીસેક વર્ષ મોટા.

મુસાફર : પાછું મગજ છટક્યું ! કે...પછી સમય આગળ ગતિ કરવાને બદલે પાછો ચાલવા માંડ્યો ? સમયનું—કાળનું ચક્ર આગળ ચાલે કે પાછળ ?

અધિષ્ઠાત્રી : સમયનાં પગલાં પાછાં ય વળે. મુસાફર ! તેં આવી આ વાવને જગાડી. હવે એ વાવ આખું પાતળું જાગે છે, અને ઇતિહાસને જગાડે છે.

મુસાફર : નવલખી વાવનું નામ સાંભળીને હું જોવા આવ્યો. મેં તો ધારેલું કે કોઈ વણઝારાએ એ બનાવી હશે. કોઈ દાનેશ્વરીએ નવ લાખ ખર્ચી—આ નવલખ નવાણ બંધાવ્યું હશે...થયાં હશે એને દોઢસો બસો વર્ષ...પણ આ તો જુગજૂની વાવ નીકળી. એક લેખમાં પાંચસો વર્ષ ઉપરની ગુર્જર સલ્તનત ખીલી આવી. આ રહ્યા એના સાક્ષી સુલતાન મુઝફ્ફર

ગુજરાતી. અને...આપ, સૂર્યરાજ! કયું ઇતિહાસાચેન બતાવશો?

સૂર્યરાજ : આ વાવનો આદ્ય સ્થાપક જ હું.

મુસાફર : ત્યારે...આ...ગુજરાતના આદ્ય સુલતાન મુઝફ્ફરશાહ શું કહે છે?... શાહ સલામત! આ વાવ આપના સમયમાં બંધાયાનો લેખ છે ખરો; પણ આપે એ બંધાતી જોઈ હતી?

ઝફરખાન : હું તે રાજવ્યવસ્થા કરું કે કૂવાતળાવ બંધાતાં જોઉં? મેં તો પ્રજાઆબાદી અર્થે હુકમ કર્યો હતો કે નવાં જળાશયો બાંધવાં અગર જીર્ણ હોય તે દુરસ્ત કરવાં. કૈંક વાવકૂવા અને તળાવો નવાં બંધાયાં. હું શું જાણું કે આ વાવ નવી બંધાઈ કે જૂની દુરસ્ત થઈ?

મુસાફર : બંધાવનાર તરીકે તો પેલા નાસીરૂદ્દૌલા છે...આપ કોઈ રીતે મિયાં નથ્થુ ઠાકોરને હાજર કરી શકો એમ છો?... એમનો પૂરાવો સાચો.

સૂર્યરાજ : હવે કોઈને પણ તસ્દી ન આપશો. મારું નામ અહીં કોતરાયું છે વાવના ઉદ્‌ઘાટન સમયે.

અધિષ્ઠાત્રી : અને...હું તો હજી જીવતી જાગતી છું...તે જાણું છું કે એ નામવાળી લિપિ બાદશાહી સમયે તદ્દન વિસરાઈ ગઈ હતી.

સૂર્યરાજ : અને ઉપરાંત આ સ્થંભો! એનાં કોતરકામ! એની આખી રચના! અને એનું આખું વાતાવરણ! મારા યુગનાં બીજાં સ્થાપત્યો જુઓ. એ યુગમાં...હા...કદી આરબો, હૂણ, યવનો કે તુર્કો આવતા. પરંતુ એ બધા વ્યાપારી મિત્રો આવે અને ચાલ્યા જાય...પછી સુલતાનને પોતાનો હક્ક વાવ ઉપર સ્થાપન કરવો હોય તો ભલે સાહેદને બોલાવે.

ઝફરખાન : સૂર્યરાજ! આપણે ઝઘડો વધારવા ભૂતકાળ ઉથાનવો નથી. આપે સ્થાપેલી વાવ મેં દુરસ્ત કરી – મારા એક સરદારે દુરસ્ત કરી – એમ કહીએ તોપણ શી હરકત છે? ઝઘડો પતા

ડવા તો મેં સલ્તનત સ્થાપી, તે આ વાવની ઉત્પત્તિમાં પાછા ઝઘડી પાડીશું ?

અધિષ્ઠાત્રી : એ જ સાચી સમજ, ઝફરખાન ! એ સમજે તમને સલ્તનત આપી. હું આ વાવની અધિષ્ઠાત્રી તમારા કથનને સંમત છું. સાડી તેરસો વર્ષની આ વાવ પ્રથમ બંધાવી સૂર્યરાજ કલચુરીએ. એને સમરાવી ગુજરાતના પ્રથમ સુલતાન મુઝફ્ફરશાહે.

મુસાફર : કલચુરી ? એ વળી નવું નામ સાંભળ્યું ! સૂર્યરાજ ! આપ રાજા જેવા દેખાઓ છો, તો આપ ક્યાંના રાજા ? કલચુરી શું ?

સૂર્યરાજ : કલચુરી અમારો રાજવંશ. છઠ્ઠી-સાતમી સદીમાં અમારી રમત. માળવા અને ગુજરાત બંને ઉપર આબાદી સર્જનાર એ ક્ષત્રિયોનો તો હું સેનાપતિ હતો; રાજા હું નહિ.

અધિષ્ઠાત્રી : મને કહેવા દો કે એ રાજા ભલે ન હતા; રાજા જેવી જ સત્તા ભોગવતા આ ગુર્જર સેનાપતિ સૂર્યરાજ કલચુરી મહારાજશ્રી નન્ના–નાનક અને તેમની મહારાણીશ્રી દદા–દમયંતીના જમાઈ. પ્રજાની આબાદી માટે એમણે આ નવલખી વાવ સ્થાપી નવ લાખ સિક્કાઓ વાપર્યા.

મુસાફર : વડોદરાની નવલખા વાવ જોતાં તો મેં બહુ જોઈ નાખ્યું; અને ઘણું ઘણું હજી જોવાય એમ છે. દેવી ! સૂર્યરાજ ! સુલતાન !...હવે આપ અહીં જ રહેશો ને ?

અધિષ્ઠાત્રી : હું તો અહીં જ છું. આ વાવનો એક પથ્થર પણ જીવતો હશે ત્યાં સુધી હું અહીં જ છું–જીવતીજાગતી.

સૂર્યરાજ : હું તો અંતર્ધ્યાન થઈશ...મને કોઈ પૂરું ઓળખતા તો છો નહિ ! હવે અહીં રહી શું કરું ?

મુસાફર : હરકત નહિ. આપ અહીં રહેશો તો હું આપને વધારે ઓળખીશ...મારે ઘેર મોંઘેરા મહેમાન તરીકે આપ ત્રણેને પધરાવીશ...જોકે...મારું ઘર રાજવૈભવવાળું નથી...અને

અનાજની માપણીમાં કાઈ કઢાવવાં પડે છે ખરાં...આપ રાજવંશીઓનાં પણ...

ઝફરખાન : હું તો આખાદીનો અનુભવી...આ કાળમાં અલોપ થઈ જઈએ...અમને ફાવે અમારો ભૂતકાળ...

[ ઝફર અને સૂર્યરાજ અદૃશ્ય થાય છે. ]

મુસાફર : અરે ! આ તો એકે એક ચાલ્યાં ! એ નવલખીના સ્થાપકો અને ઉદ્ધારકો ! આ નવલખીમાં આપ સદા ય સજીવન છો; આપ તો ગુજરાતનાં ગૌરવ...

અધિષ્ઠાત્રી : ભાવિ ગુજરાતને ગૌરવવંતુ બનાવવું હોય તો કદી કદી આ પ્રાચીન–ભૂતકાલીન ગુર્જર પથ્થરોને વાંચજો ખરા. અસંખ્ય પડ્યા છે આ ભૂમિમાં.

મુસાફર : દેવી ! તમે પણ અલોપ થાઓ છો શું ?

અધિષ્ઠાત્રી : હા, મુસાફર ! અલોપ થતાં થતાં તારી વીસમી સદીના સાહેબટોપી પહેરતા સ્થપતિઓને મારું આહ્વાન કરતી જાઉં છું...કે તેરસો નહિ, ત્રણસો નહિ, પણ એકસો ત્રણ વર્ષ ચાલે એવું તો એકાદ સ્થાપત્ય સર્જો ! તમારે હાથે સર્જાતાં મકાન તેર વર્ષ પણ ટકતાં નથી.

[ અધિષ્ઠાત્રી અદૃશ્ય થાય છે. ]

મુસાફર : દેવીનો સંદેશો – કહો કે નવલખીનાં તેરસો વર્ષનો સંદેશો– આપણા ઇજનેરોને આપવા જેવો છે...લાવ, નવલખીનું ઠંડું પાણી હું આંખે અડાડું...

[ ગીત સંભળાય છે. ]

સોના તે કેરું મારું બેડલું રે લોલ
ઉઢોણી રત્ન જડાવ
મારા વાલાજી હો,
હાવાં નહિ જાઉં મહી વેચવા રે લોલ

મુસાફર : નવલખીના પગથિયાં ઊતરતાં હું તેર ચૌદ સદીઓ ઊંડે ઊતરી ગયો. હવે દયારામે ઓગણીસમી સદી પાછી બતાવી. નવલખીનાં પગથિયાં ચડી હું હવે વીસમી સદીમાં આવું...

[ પગથિયાં ચડવાનો અવાજ સંભળાઈ દૃશ્ય વિરામ પામે છે. )

# શક્તિસંભવ

## વસ્તુ

ભણતર કે સંસ્કાર આજના યુવક માનસમાં ઝાંખી, કડીબદ્ધ બની ન શકે એવી વિખરાયેલી, છતાં એકંદર ઉન્નતપથગામી છાપ કેમ પાડી જાય છે તેનો એક કલ્પિત ચિતાર 'શક્તિસંભવ' નાટકના બે અંકમાં સમાવેલા પાંચ પ્રવેશોમાં આપવા પ્રયત્ન કર્યો છે. નૂતન સ્ત્રીશક્તિનો જન્મ એટલે શક્તિસંભવ.

ચંદા નામની સુશિક્ષિત, ભાવનાશાળી યુવતી સામાજિક વિકાસના સર્વ પ્રયત્નોમાં ભાગ લેતી, પોતાના કુટુંબ દ્વારા અન્યાય પામેલા એક ગરીબ કુટુંબની વીજળી નામની યુવતીને સખી બનાવી ઊંચે લેવાનો વ્યક્તિગત પ્રયોગ કરતી સુખને ઓળખવા મથે છે.

એ મંથનમાં એને સ્વપ્ન આવે છે, જે સ્વપ્નદૃશ્યથી નાટક શરૂ થાય છે.

પ્રથમ અંક—પ્રથમ પ્રવેશ : સ્વપ્નરૂપ આખો યે પ્રવેશ. સ્ત્રી અને પુરુષ સુખ શોધતાં પ્રવેશ પામે છે સુખના સાધન તરીકે માનવજાતે સ્વીકારેલાં ધન, સત્તા તથા ધર્મનાં વિપરીત સ્વરૂપો માનવજાતનાં સ્ત્રીપુરુષની એ સહશોધમાં નજરે પડે છે. નિરાશામાં દેવકન્યાઓ સુખ તત્ત્વની આશા આપે છે અને અંતે પુરુષની નહિ પરંતુ સ્ત્રીની દોરવણીથી સુખપ્રાપ્તિનો સંભવ બંનેને દેખાય છે.

પ્રથમ અંક—બીજો પ્રવેશ : સ્વપ્નના વિચારમાં પડેલી ચંદ્રા અને કોઈ એવું જ સ્વપ્ન અનુભવી ચૂકેલી વીજળી અનેક કલા અને સામાજિક પરોપકારી પ્રવૃત્તિઓને ઓળખતી, તેમાં ભાગ લેવાની સંમતિ આપતી, માનવજાતનાં દુઃખ ટાળવા અર્થે પુરુષો સામે અસહકાર કરવાની કલ્પનામાં ઊતરી પડે છે.

અહીં પ્રથમ અંક સમાપ્ત થાય છે.

બીજો અંક – પ્રથમ પ્રવેશ : રંજન સમારંભના ગરબાની

તૈયારીમાં પડેલી યુવતીઓ અને કિશોરીઓના નાના મોટા ઝઘડા પતાવતી ચંદ્રા અને વીજળી પાસે ઝઘડાની વાત સાંભળી તેની પતાવટ માટે કવિ અને નૃત્યકાર આવે છે, પરંતુ સર્વમાં નિષ્ફળ નીવડી ચૂકેલા પુરુષવર્ગની સમારંભના ઝઘડામાં જરૂર નથી એવું વીજળીનું સૂચન મેળવી ઝાંખા પડી જાય છે.

બીજો અંક–પ્રવેશ બીજો : આ પ્રવેશ પણ સ્વપ્નમાં જ ભજવાય છે. સુખ શોધતી, સંહાર ઉપર વિજય મેળવવાની ભાવનાને વળગતી ચંદ્રાને વિધવિધ પુરુષોનાં પ્રતીક મળે છે, અને એ સર્વથી અસંતુષ્ટ રહેતી ચંદ્રાને કેટલીક અગ્રણી રાષ્ટ્રમાતાઓ યાદ આવે છે. રાષ્ટ્રમાતાઓ રાષ્ટ્રિય ઝઘડાને વિચારતી સંહાર ઉપર વિજય મેળવવામાં અશ્રદ્ધા સેવે છે, અને નિઃશસ્ત્રીકરણમાં પુરુષ વિરોધ નિહાળી લાચારી અનુભવે છે. શસ્ત્ર ઉગામતા સૈનિકની પાછળ બે ભૂત–રોગ અને ભૂખમરાનાં હાડપિંજર – પ્રગટી માનવજાતને ખાવા ધાય છે, સૈનિકનું શસ્ત્ર પડી જાય છે અને બૉમ્બના ભડકામાં શક્તિ પ્રગટી શાંતિનો મન્ત્ર આપે છે.

બીજો અંક–પ્રવેશ ત્રીજો : નિઃશસ્ત્રીકરણનો આદેશ મેળવી એ આદેશ જગતભરને આપવાનો નિશ્ચય કરી ચૂકેલી ચંદ્રા તથા વીજળીનિઃશસ્ત્રી કરણના વિરોધી પુરુષ પ્રતીકો સામે અસહકાર પુકારે છે અને નૂતન સ્ત્રીશક્તિનાં સહુ કોઈ દર્શન કરે છે.

## સ્થળ

અંક પહેલો–પ્રવેશ પહેલો : સ્વપ્નને શોભતા વાતાવરણને જ સ્થળ તરીકે સ્વીકારી કાર્યને અનુરૂપ ગોઠવણી –કાર્યવેગને અનુસરતું સ્થળ.

અંક બીજો–પ્રવેશ બીજો : નાનું દીવાનખાનું –DraWing Room

અંક બીજો–પ્રવેશ પહેલો : દીવાનખાનું.

અંક બીજો–પ્રવેશ બીજો : સ્વપ્નસ્થળને અનુકૂળ વાતાવરણ

અંક બીજો–પ્રવેશ ત્રીજો : દીવાનખાનું.

## સમય

સ્વપ્નના બંને પ્રવેશો રાત્રીને સમયે–કે પરોઢમાં.
બીજા પ્રવેશો–પ્રભાત કે ત્રીજે પ્રહરે.

## સૂચન

સ્વપ્નપ્રવેશો ઊંડાણ માગે એટલે આખી રંગભૂમિને આવરી લે. એમાં બનતાં કાર્યો પણ વિશાળ સ્થળ–આખી રંગભૂમિ–માગી લે એવાં ખરાં.

આખી રંગભૂમિને આવરી લેતા પ્રયોગ પછી બીજા પ્રવેશો વચમાં દીવાનખાનાને અનુરૂપ પડદો નાખીને જ ભજવાય. જરૂરનાં ખુરશીમેજ નેપથ્યમાંથી વીજળી સરખું પાત્ર ખસેડી લાવે તો ચાલે.

અદ્દ્ભુત રસને અનુકૂળ ક્રિયાઓ અને દૃશ્યો અનુભવી દિગ્દર્શકોને યોજવાં બહુ અઘરાં નહિ થઈ પડે. હાડપિંજરો અને દેવીનાં દૃશ્ય પણ જરા મહેનત માગશે, છતાં અશક્ય નહિ ગણાય.

છેલ્લું શક્તિદર્શન પાછળનો પડદો ઉઘાડી યોજવાનું છે.

# પાત્રો

સ્ત્રી } માનવ જીવનનાં પ્રતીક
પુરુષ }

કંગાલો : ગરીબી અને રોગનાં પ્રતીક.

દેવકન્યા : માનવીની આશા.

ચંદ્રા : સઘન સંસ્કારી ભાવનાશીલ યુવતી.

વીજળી : ચંદ્રાની સાથે રહેતી તેની ગરીબ સખી.

યુવતીઓ : રંજનકાર્યક્રમમાં ભાગ લેતી યુવતીઓ.

કવિ } સ્ત્રીઓના રંજનકાર્યમાં સતત મદદ કરવાની
શિશિ—નૃત્યકાર } ધગશ ધરાવતા કલાકારો.

સાધુ : બ્રહ્મચારી ધર્મપ્રવર્તક.

ગૃહસ્થ : સામાજિક ધાર્મિક કાર્યોમાં ભિલટથી સતત ઊભા રહેતા નાગરિક.

સૈનિક : માનવીની લડાયક વૃત્તિનું પ્રતીક.

જર્મની }
બ્રિટાનિયા }
અમેરિકા } જે તે પ્રજાની રાષ્ટ્રમાતા.
રશિયા }

હાડપિંજર : ભૂખ અને રોગનાં પ્રતીક—મોત.

શક્તિ : સ્ત્રીશક્તિ.

# અંક પહેલો

## પ્રવેશ પહેલો

[આછો ભૂરો પ્રકાશ રંગભૂમિ ઉપર પથરાયો છે; વાજિંત્રો–સિતાર, દિલરૂબા અને ફ્લ્યૂટ–આછાં તબલાં સહ અદશ્ય વાગતાં સંભળાય છે. પુષ્પમાળા પહેરેલી સ્ત્રી પ્રવેશ કરે છે. એકાદ વિદ્યુત ચમકાર દૂર દેખાય છે; વાદળાઢાંક્યા ચંદ્રનો પ્રકાશ પ્રફુલ્લ બને છે. બન્નેને જોતી સ્ત્રીના કંઠમાંથી સંગીત વહે છે.

સ્ત્રી :

ચપલા તણું ચુંબન, મયંક
  મુખાકૃતિ રસની ભરી;
સુકુમાર પુષ્પે છલકતી,
  છબીલી પરાગ મનોહરી.
ક્ષણ જીવવા સર્જાય શાને
  રૂપ  રસના  ટૂકડા ?
સુખ ચમક જોતાં માનવીનાં
  રુદનભર શાં મુખડાં ?

[પુરુષ પ્રવેશે છે]

કોણ છો તમે ?

પુરુષ : માનવ જાતનું હું પુરુષતત્ત્વ છું. તમે ?

સ્ત્રી : હું સ્ત્રી છું, સુખ શોધું છું...જન્મી છું ત્યારથી. સુખના ટુકડા તો કદી મળે છે, પરંતુ એ ખંડિત સુખ સુખ લાગ્યું જ નથી. સુખ જન્મથી મૃત્યુ સુધી પહોંચતું નથી. સનાતન સુખ માનવીને ન જડે ?

પુરુષ : આપણે સરખી શોધમાં નીકળ્યાં. હું પણ એ જ શોધું છું. આકાશને પૂછું છું, પૃથ્વીને પ્રશ્ન કરું છું, પાતાળમાં પડઘા પાડું છું. અરે સુખ ક્યાં છે? જીવનભર કરાર આપે એવું શાશ્વત સુખ શામાં છે?

સ્ત્રી : આજ સુધી આપણે જુદાં રહી શોધ કરી. આજથી ભેગી શોધ કરીએ તો કદાચ સુખ જડે પણ ખરું...જડે તો એ આપણું બન્નેનું...નહિ મારું કે નહિ તમારું.

[ રૂપિયાનો ખણખણાટ થાય છે, અને રૂપિયાનો ઢગલો બને છે. ]

જુઓ, જુઓ, આ સુખનો ઢગલો તો નહિ હોય?

[ બન્ને જણ દોડી ઢગલાને અડકતાં દાઝે છે ]

સ...સ......આ તો અગ્નિના તણખા છે. હાથ લગાડતાં દાઝી જવાય છે.

પુરુષ : ( હાથ પંપાળતાં ) એટલું જ નહિ...એ ઢગલાની પાછળ વ્યાજ, વટાવ, યુક્તિ, લુચ્ચાઈ અને કંજૂસાઈના રાક્ષસી મુખ મને દેખાય છે.

[ વ્યાજ લેતાં, વટાવ લેતાં, દસ્તાવેજ કરાવી લેતાં, પૈસાને હૃદય સાથે દાબી રાખતાં માનવીઓ અને તેમના ભોગ થઈ પડતા શોષિતોનાં દૃશ્ય નજરે પડે છે. ]

ધનમાં સુખ નથી દેખાતું. ધનનો સ્પર્શ દેહને અને આત્માને બાળી નાખે છે; ધનમાં સુખ આપવાની શક્તિ ન હોય તો હે અંતરિક્ષ! બીજી કોઈ શક્તિ ઉપજાવ.

[ આકાશમાંથી રાજદંડ અને રાજમુકુટ ઊતરે છે ]

સ્ત્રી : જુઓ, જુઓ, પેલું સુખ આવતું દેખાય છે! પકડી લઈએ?

[ પુરુષ અને સ્ત્રી બન્ને દોડી તેની પાસે જાય છે. જતાં બરાબર અટકી જાય છે. ]

કેમ અટક્યા......?

પુરુષ : એ સત્તા ! એનું મોટામાં મોટું સ્વરૂપ રાજસત્તા ! એના પડછાયામાં હું વેર, ઝેર, ખૂન, યુદ્ધ, શોષણ અને ભક્ષણ જોઈ રહ્યો છું. તમને કાંઈ દેખાય છે ?

સ્ત્રી : અરે, હા ! ગુલામી...સ્ત્રીઓનાં બજાર...ભૂમિ ઉપરના રક્ત-રેલા, વિધવાનાં આંસુ, માતાનાં રુદન અનાથોનાં કલ્પાંત અને કેટકેટલી દુઃખશ્રેણી હું જોઉં છું...સાંભળું છું.

[ શબ્દોને અનુરૂપ મૂક દશ્યો રચાય છે. ]

અરે, અરે ! આ જગતમાંથી સત્તાનો લોપ કરો. માનવીનાં સુખ સત્તા નીચે કચરાઈ રહેલાં છે ! સત્તા એ શક્તિ નથી. મોહિની છે, વિષ વેરતી ડાકિની છે...શાકિની છે. સુખ વર્ષાવતી સાચી શક્તિ ક્યાંય સંભવશે ખરી ?

પુરુષ : પણે શાન્તિનું વાતાવરણ દેખાય છે. ચાલો ત્યાં સુખ શોધીએ.

સ્ત્રી : હા, પરમ સુખ...પરમ શાન્તિ ત્યાંથી જડશે. કેવો સરસ તુલસીક્યારો ! આ રુદ્રાક્ષની માળા હું પહેરું. અકીકની માળા તમે પહેરો. અને આ સુંદર ધવલ સુંવાળી ભસ્મ આપણે લગાવીશું કે ચંદ્રરંગી ચંદનનું તિલક કરીશું ?

[ તુલસીક્યારો, રુદ્રાક્ષ, અકીક, ભસ્મ અને ચંદન પડેલાં દેખાય છે. તેનો સ્પર્શ કરવા જતાં ભય પામી ]

ઓ મા !

પુરુષ : પણ શું છે ? ભય પામવાનું કારણ ?

[ તે પોતે રુદ્રાક્ષને અડકી ફેંકી દે છે. ]

આ તો શયતાનની કરામત ! એને અડકતા બરાબર હું કોસ,

ચિતા, ખંજર અને ઝેરના પ્યાલા નિહાળી રહ્યો છું ! આ શું ધર્મશક્તિ ? ન જોઈએ.

[ ક્રૉસ, ચિંતા, ખંજર અને ઝેરકટોરા ઊપસી આવે છે. ]

સ્ત્રી : મેં તો દેવદાસી જોઈ, શિષ્યોની લક્ષ્મી અને લલના લૂંટતા ગુરુ જોયા અને શસ્ત્રોને આશીર્વાદ આપતા પાદરીને નિહાળ્યા.

[ જે તે દૃશ્ય રચાય છે. ]

સુખ ત્યાં નથી જ.

પુરુષ : ન ધર્મમાં, ન ધનમાં, ન સત્તામાં સુખ ! ત્યારે સુખ હશે ક્યાં ? એને હવે ક્યાં શોધવું ? ક્યાંથી મેળવવું ?

[ કંગાલોનું ટોળું દેખાય છે, અને તેનું ગાન સંભળાય છે ]

કંગાલો :

સૂરજનાં તેજ મીંચાયાં આજ
વહી રહ્યાં અંધારાં;
સરસરિતાનાં જળ ખૂટચાં આજ,
રહ્યાં સહ્યાં જળ ખારાં...સૂરજનાં૦

પુરુષ : જગતની આ કંગાલિયત !

[ કંગાલોનું ટોળું ગાતાં ગાતાં અદૃશ્ય થાય છે. ]

સ્ત્રી : પ્રભુ પોઢી જાય ત્યારે સુખ ક્યાં શોધવું ?

[ વાતાવરણમાંથી ગાતાં ગાતાં દેવકન્યાઓ આવે છે. ]

દેવકન્યા :

[1] મલયજ સમીરણ લહર લહર
લહેકંતી મહેકે.

---

૧ ખમાચ.

મંહકી મધુર ફર—
સરલ શી તરલ સરિતસર છલકે
ચંદ્રા રીમઝીમ લસંતી લટકે
મલયજ સમીરણુ લહર લહર
લહેંકતી મહેકે.

ભૂમિતલ નાચત અણુઅણુ નટવર
આંખ આંજી અમ અંજન ચટકે
મલય સમીરણુ લહર લહર
લહેકંતી મહેકે.

[ દેવકન્યાઓ જાય છે. ]

સ્ત્રી : દેવવાણી સાંભળી?

પુરુષ : હા, સુખનો લય સૂરસૃષ્ટિમાં છે ખરો. માનવહૈયે સુખ દૃષ્ટિનાં કાંઈ અંજન ઢાંકચાં દેખાયાં. હૈયાં કેમ ઉઘાડવાં?

સ્ત્રી : બીજી રીત ન આવડે તો આપણાં હૈયાં તોડીને–ફોડીને–ચીરીને પણ ઉઘાડવાં જ રહ્યાં.

પુરુષ : ચાલ ત્યારે. હૈયાંને ચીરીને પણ ઉઘાડીએ અને માનવતાનું અંજન આંજીએ. એ અંજન આંજ્યે જરૂર માનવતાને મુક્ત કરતી, સુખ સર્જતી શક્તિનાં દર્શન થશે જ થશે.

સ્ત્રી : પણ એ અંજન આંજતાં તને આવડશે? તારે પગલે ચાલતી માનવતાએ તો ધર્મધતિંગ, સત્તાનાં વિષ અને ધનના નાગપાશ ઉપજાવ્યા...જોતો નથી આપણને દઝાડનારી, ચમકાવનારી વસ્તુઓ તારી જ દોરવણીનું પરિણામ છે તે?

પુરુષ : એ તું સાચું કહે છે?

સ્ત્રી : ઇતિહાસ જો...

પુરુષ : સાચું; અમે પુરુષો સુખ સર્જતી એ શક્તિની શોધમાં નિષ્ફળ નીવડચા છીએ. હજારો વર્ષની યાતના પછી એ કબૂલ કરવું વધારે સારું.

સ્ત્રી : તો હું મહેનત કરી જોઉં। જીવન સર્જતી સ્ત્રી કદાચ એ શક્તિને, શક્તિદીધી શાંતિને મેળવી શકશે. ચાલ્યો આવ મારી પાછળ. અમારો સર્જનરાહ જ સાચો લાગે...સહેવું, ચાહવું અને સહેવામાં સુખ માણવું !

[ સ્ત્રી જાય છે. ]

પુરુષ : ( સ્વગત ) હું મારે માર્ગે જરૂર થાક્યો છું. અમૃત માટે મંથન કરતાં મને વિષ લાધ્યું છે. હજી સાચી લક્ષ્મી હાથમાં સજીવન અમૃતકુંભ લઈ મારી સામે આવી નથી. સૌંદર્યની, કલાની, સંસ્કારની મૂર્તિ સરખી આ સ્ત્રીને જીવન સોંપી હું એને પગલે ચાલું તો કોઈ નૂતન શક્તિનો સંભવ શક્ય ખરો !

# પ્રવેશ બીજો

ચંદા : કેવું એ સ્વપ્ન ? જગતમાં સુખ વર્ષાવવા [illegible] પુરુષને આમંત્રણ આપી રહી છે ! સુખની હેલી વરસી રહી છે ! તો ય સુખની તૃષા છીપતી નથી. તૃપ્તિ થાય એવું સુખ શામાંથી લેવાય ? ક્યા પાત્ર વડે માનવી સુખ લે ? કલા ? સાહિત્ય ? વિજ્ઞાન ? સંગીત ? ચિત્ર ? શિલ્પ ? ધર્મ ?...

[1] સરજ્યો સુભગ સંસાર !
તો ય કેમ લાગે અસાર ?
સૂર્ય ચંદ્ર તારકવૃન્દ
પાવકની જ્યોત ઝળળ !
જામે નયન શેં અંધાર ?
સરજ્યો સુભગ સંસાર...
રમતી વ્યોમ વાદળી
વહંત સરસરિત ખળળ.
ઉદધિમાં શેં ભરિયો ક્ષાર ?
સરજ્યો સુભગ સંસાર...
સ્મિત રચ્યાં નયન માંહીં
પાથર્યાં અશ્રુપડળ !
જીવન જોડ શું સંહાર ?
સરજ્યો સુભગ સંસાર...

વીજળી : (સ્વગત) આ બાઈ આખો દિવસ કાંઈ ને કાંઈ રાગડા તાણ્યા જ કરે છે ! કોડીનું કામ નહિ ! ફૂટડાં બની ફર્યાં કરવું અને આંખો મીંચી લલકાર્યે જ રાખવું ! કોઈનું શું

---

૧ રાગ-કેદાર.

દળદર ફેડશે ? જેમ પૈસો વધારે તેમ સગવડ વધાર !...અને સગવડ જેમ વધારે તેમ કામમાં મીંડું !...બાકી આમ છે તો બહુ ભલી !

(પ્રકાશ) ચંદ્દાબહેન !

ચંદ્દા : કોણ, વીજળી ? શા માટે તું મને ચંદ્દાબહેન કહીને બોલાવે છે ? હું સમાનતામાં માનું છું. બહુવચનથી મને મા સંબોધીશ !

વીજળી : એ વચન બચન તો કોણ જાણે. પણ અમારાથી – નોકરો જેવાથી આપને કેમ તુંકારાય ?

ચંદ્દા : મેં કેટલી વાર તને કહ્યું કે તું મારી નોકર નથી, પણ મારી બહેન છે ?

વીજળી : એમ ધમકાવીને બહેન બનાવાય ? હા...એ સાચું. મને બહેન માનો છો એ તમારી ભલાઈ. પણ જુઓ, આપણે નાનાં હતાં, ભેગાં રમતાં હતાં, ત્યારે જુદી વાત હતી...તે વખતે હું તમને તુંકારતી હતી...હવે એ કેમ બને ?

ચંદ્દા : હવે શો ફેર પડ્યો ?

વીજળી : મારી ઝૂંપડી ગઈ, અને ત્યાં તમારો બંગલો થયો. બંગલામાં મને સાથે લીધી તો વળી આજ આછુંપાતળું તમારી ભેગી રહી. પણ આ ઘરમાંથી હું જાઉં ત્યારે મારી તોછડાઈ મને જ ભારે પડે ને ? ઝૂંપડીમાં રહેનાર બંગલાવાળાંને સદા ય નોકર જેવાં જ લાગે...અહીં તો નહિ, પણ બીજે...

ચંદ્દા : આ ઘરમાંથી જવાની તારે જરૂર જ નહિ રહે. તું તો મારો એક પ્રયોગ છે...સેવકમાંથી સમાન સખી સર્જવાનો ! હા, પણ તું શું કહેવા આવી હતી ?

વીજળી : રોજ સવારે તમે ભક્તિભાવે જેનો પાઠ કરો છો એ બધાં ય છાપાં હું લઈ આવી છું !

[ છાપાં આપે છે. ]

ચંદા : લાવ, સારું કર્યું. તેં કોઈ છાપું જોયું ખરું ?...હવે બધું વાંચતાં લખતાં તો આવડી ગયું છે તને.

વીજળી : જોયું તો ખરું; પણ વાંચવામાં કંઈ મજા આવતી નથી.

ચંદા : એમ કેમ ? નકશા સાથે બધી યુદ્ધરચના તો હું તને રોજ બતાવું છું ! આજનો યુગ એટલે યુદ્ધયુગ. જો... કોરીઆ... ઈરાન...

વીજળી : તો ય એ હજી પૂરું સમજાતું નથી. યાદ છે ને પહેલે વર્ષે 'મા, ચા પા,' એથી આગળ હું વધી જ ન હતી ?

ચંદા : લાવ ત્યારે હું તને પણ થોડું થોડું વાંચી બતાવું : અંકારામાં ધરતીકંપ—દશહજાર માણસોનાં મૃત્યુ—

વીજળી : અંકારા ? અંકારા વળી કોણ હશે ? ક્યાં હશે ? ટંકારા હશે ટંકારા. આપણી પાસે જ આવ્યું એ બંદર !

ચંદા : ના, ના; એ તો તુર્કસ્તાનનું મુખ્ય શહેર.

વીજળી : આપણી પાસે તો નથી ને ? દશ હજાર માનવીઓને મારતો ધરતીકંપ દૂર હોય એ જ સારું.

ચંદા : અરે...હજારો માઈલ દૂર...

વીજળી : વારુ; પણ જલદી વાંચો. ધરતીકંપનું ભલું પૂછવું ! વાંચતાં વાંચતાં એ ધરતીકંપ અહીં ન આવી પહોંચે !

ચંદા : આસામમાં જળપ્રલય ! હજારો ઝૂંપડાં તણાઈ ગયાં—

વીજળી : તણાવા માટે ઝૂંપડાં જ હોય છે ને, બહેન ?

ચંદા : નીચાણવાળા ભાગમાં ગરીબો રહે એટલે ઝૂંપડાં જ તણાય ને ?

વીજળી : ખરું. પણ એમણે ઊંચાણવાળી જગા આપો તો ?

ચંદા : જો જો, સાંભળ. હજારો રૂપિયાની ચોરી...બેંકમાં...અને લાખોની ઠગાઈ...

વીજળી : એ મને ગમ્યું. ચોરી કરવી તો હજારોની જ કરવી ! બે-પાંચમાં તે વળી ચોરવું શું ? અને ઠગાઈ કરવી તો એવી કે પછી જિંદગીની ભૂખ ભાંગી જાય !

ચંદા : ભૂખ તે કેમ ભાંગે? આ બંગાળમાં ભૂખમરાથી લાખોનાં મરણ!

વીજળી : નિત્ય ગરીબી જોનાર અમને તો એમ જ લાગે કે ભૂખમરાથી મરનાર પ્રજાએ કાં તો દરિયામાં ડૂબી મરવું અગર આખી દુનિયાને લૂંટી લેવી!

ચંદા : વગર તોફાને ભૂખે મરનાર દેશ સારા ઇતિહાસમાં એક જ જડે છે.

વીજળી : એ વળી કયો દેશ?

ચંદા : આપણો જ દેશ...હિંદુસ્તાન...ભારત!

વીજળી : એ ભારત નામ આપનાર ભરત ચક્રવર્તી ખરો ને! એટલે એની પાછળ આવનારી પ્રજા ટપલા જ ખાધા કરે! ......પણ બહેન! રોજ સવારના પહોરમાં આ બધી અપશુકનિયાળ વાતો વાંચવી જ પડે? એ છાપાં ન વાંચીએ તો ન ચાલે?

ચંદા : ન ચાલે આ યુગમાં. બીજી પણ ઘણી રસભરી હકીકતો છાપાંમાં આવે છે. શિષ્યાને ઉપાડી ગયેલો શિક્ષક—

વીજળી : એ રસભરી હકીકત ખરી!

ચંદા : અને મિત્રરાજ્યોએ ડુબાડેલાં વહાણ...

વીજળી : એ એથી યે વધારે રસભર્યું ગણાય. આ તમારાં મિત્રરાજ્યો બધાનાં ય વહાણ ડુબાડતાં જ લાગે છે...પછી પેલી લડાઈ કેટલે આવી?

ચંદા : જર્મની એકાએક બેસી ગયું એટલે વિશ્વયુદ્ધ પહેલું પૂરું થયું...

વીજળી : પણ એને એક વીશી પણ પૂરી થાય એટલામાં બીજું વિશ્વયુદ્ધ! જાણે આ મનખો મરવા-મારવા જ ન સર્જાયો હોય?

ચંદા : યુદ્ધની પરિસ્થિતિ દુનિયાને સાંકડી અને અંતે એક બનાવવાના ક્રમમાં છે.

વીજળી : અરે શું, બહેન! તમારી એ પરિ અને તમારી એ સ્થિતિ! દુનિયા એક બનતા પહેલાં માનવી મરી ન પરવારે એ જરા જોજો...

ચંદા : માનવી મરે, પણ માનવજાત નહિ.

[ ઘંટડી વાગે છે. ]

જો ને, કોણ આવ્યું?

[ વીજળી બહાર જાય છે અને બહારથી બે યુવતીઓને લઈ આવે છે. ]

પધારો પધારો, બહેન! ક્યાંથી અત્યારે?

પહેલી યુવતી : બિજાપુર દુષ્કાળ માટે આપણે એક રંજનકાર્યક્રમ ગોઠવ્યો છે. આપને આમંત્રણ તો મોકલ્યું છે. પરંતુ... તમે માથે નહિ લો તો કાંઈ બનવાનું નથી.

ચંદા : પણ તમે બધાં છો ને? હું કેટલા કાર્યક્રમોમાં આવું?

બીજી યુવતી : અમે બધાં ય ખરાં, પણ તમાર વગર ડગલું આગળ ચલાશે નહિ. સંસ્થા તમારી જ છે...અમે તો કામ કરનારાં...

ચંદા : સારું બહેન! હું આવીશ...જો મારા વગર ન જ ચાલે એમ હોય તો.

[ જરા મહત્ત્વ ચંદાના મુખ ઉપર દેખાય છે. ]

વીજળી : બંગાળમાં તો, બહેન! ભૂખમરો વાંચ્યો. આ બિજાપુરનો દુષ્કાળ પાછો ક્યો?

પહેલી યુવતી : અરે, એટલે ક્યાં અટકે એમ છે? બિજાપુર પછી ઓરિસ્સાનો દુકાળ! ઓરિસ્સા પછી બિહાર...મારવાડ... ગુજરાત...

વીજળી : ઓહોહો! આપણે ત્યાં દુકાળની તો ખોટ જ નથી! પણ એમાં તમે કરશો શું? ...આપણું જમણ ઘટાડશો? કે...

બીજી યુવતી : સંગીત અને ગરબા સંભળાવીશું...નાટિકા ભજવી બતાવીશું...

વીજળી : ગરબા ગાશો એટલે દુકાળ મટી જશે? નાટિકા ભજવ્યે દુકાળિયાંની ભૂખ ભાગશે?

પહેલી યુવતી : (દમામથી) નોકરોને સમજ શી?

બીજી યુવતી : (સ્વગત) ચંદ્રાએ આને બહુ ચડાવી મૂકી છે. પાછી એને ભણાવે છે અને જ્યાં ત્યાં સાથે લઈ જાય છે. (પ્રકટ) જો, એમાંથી પૈસા મળશે તેનું અનાજ ગરીબોને અપાશે. પુણ્યનું કામ છે, સમજી?

વીજળી : પણ અહીં રહ્યે રહ્યે ગરબા ગાશો એના કરતાં ત્યાં જાતે જઈ રોટલા ઘડી ખવડાવો તો કાંઈ પુણ્ય થાય.

પહેલી યુવતી : હં! (જતાં જતાં સ્વગત) ચિબાવલી કહીંની!—

[યુવતીઓ જાય છે. ઘંટડી વાગે છે.]

ચંદ્રા : બોલાવ. કોણ છે પાછું?

[વીજળી બહાર જાય છે સાથે બે યુવકો આવે છે, જેમાંએ કવિ છે અને બીજો નૃત્યકાર છે ચંદ્રા તેમને નમસ્કાર કરે છે અને બેસાડે છે.]

ચંદ્રા : પધારો. આપને કેમ આવવું પડ્યું?

કવિ : આ ભાઈનો હું પરિચય કરાવું. એમનું નામ શિશિર.

ચંદ્રા : નામ સાંભળ્યું હોય એમ લાગે છે.

કવિ : બહુ જાણીતા નૃત્યકાર છે. દક્ષિણમાંથી કથકલી શીખી લાવ્યા છે; ઉત્તરમાંથી કથ્થક નૃત્ય લાવ્યા છે; આસામમાં રહીને મણિપુરી નૃત્ય શીખ્યા છે, અને જાતે ગુજરાતી એટલે ગરબા તો આવડે જ. ભરતનાટ્યમ્ તો એમનું જ. અને ન્યૂયૉર્કમાં જઈને ફૉક્સટ્રૉટ ભણી આવ્યા છે. બોંતેર કલાક સતત નાચને એમણે ઈનામ લીધું છે.

વીજળી : ( સ્વગત ) ઓહોહો ! બહુ સારું શિક્ષણ લીધું ! બોંતેર કલાકના નાચમાં બોંતેર પરિયાં તરી ગયાં !

કવિ : હિંદભરમાં એમની નામના છે.

ચંદા : અભિનંદન આપું છું.

કવિ : પણ આપે એમને જાહેરમાં અભિનંદન આપવું પડશે. ઘવાયેલા હિંદી સૈનિકોના લાભાર્થે એક જલસો ગોઠવ્યો છે. તેમાં નૃત્યકાર શિશિર તાંડવ અને લાસ્યના બધા પ્રકારો દર્શાવવાના છે. સેવકે કેટલાક પ્રસંગો કવિતામાં ઉતાર્યા છે જેમાં દેશી છંદ, રાસ, ગઝલ, સોનેટ એ સર્વનો ઉપયોગ થયો છે. તેમને શિશિરકુમાર નૃત્યમાં જીવંત બનાવશે. અદ્‌ભુત વસ્તુ ઊભી થાય છે જ્યારે ઉચ્ચ કવિતા પ્રવાહી નૃત્યમાં ઊતરે છે ત્યારે.

વીજળી : એકાદ નૃત્ય અહીં ન બતાવે ?

નૃત્યકાર : એમાં શું ? કલાની ઝમક ગમે ત્યારે દર્શાવી શકાય... જુઓ, આ લાસ્યનો પ્રકાર...

[ જુદા જુદા નૃત્યપ્રકારનું આછું દર્શન કરાવે છે. ]

આમાંથી તાંડવ...તાંડવમાં વીરરસભર્યો છે...આ મણિપુરી લટકો...આ મુદ્રા ભરતનાટ્યમની...ઘૂઘરા હોય તો કથક નૃત્ય કરી બતાવું...અને ગરબાની તાળી આમ...

વીજળી : આ તમારી આગળ વધેલી દુનિયામાં લડાઈઓ જ્યારે માગો ત્યારે આવે છે. એમાં કોઈ જગ્યાએ વીર રસ આવે ખરો કે ? આ તમારા નૃત્યમાં મને એ બહુ દેખાયો નહિ તેથી પૂછું છું.

નૃત્યકાર : એ તો ડગલે પગલે આવે, વીર રસ વગર લડાઈ લડાય જ નહિ.

વીજળી : તે બધાં લશ્કરો લડતાં લડતાં તમારા જેવો નાચ કરતાં હશે, ખરું ?

નૃત્યકાર : તમને નૃત્યકલાનો ખ્યાલ જ નથી એમ હું માનું છું. હું

એ માટે અહીં વર્ગો ખોલવાનો છું.

ચંદા : બહુ સારું, બહુ સારું. હું જરૂર જરૂર આવીશ. મને નૃત્યનો ખૂબ શોખ છે.

કવિ : આવો તો ખરાં જ. પણ સાથે સાથે અમારી નાણાંસમિતિનાં આપ સભ્ય પણ બની જાઓ એવી વિનતિ છે. ઓછામાં ઓછી ટિકિટ આપણે પચીસની રાખવી છે.

ચંદા : જી, હું બનતું બધું કરી છૂટીશ.

કવિ : આભાર.

[ બંને યુવકો કલાત્મક નમન કરીને જાય છે. ]

વીજળી : બહેન ! આ કોણ હતા ?

ચંદા : એક કવિ હતા, અને બીજા નૃત્યકાર.

વીજળી : એટલે એમ કે એક ગાય અને બીજો નાચે ! એ બંને લટકાળા શા માટે આવ્યા હતા ?

ચંદા : ગયા યુદ્ધમાં હિંદી સૈનિકોના હાથપગ કપાયા હશે, આંખ કાન ગયાં હશે. એ બિચારાઓ માટે પૈસા ભેગા કર્યા હોય તો એમને ઉપયોગમાં આવે ને ?

વીજળી : આ ખરું ભાઈ ! મરવા માટે માણસો તૈયાર કરી મોકલવા ! મરે એ તો ગયા જ ! એ મરતાં ન મરેલા હવાય એટલે એમને માટે પાછા પૈસા ઉઘરાવવા ! હવે મરેલાંના શ્રાદ્ધ સમચરી માટે પણ લોકો ગાવા, નાચવા અને પૈસા ભેગા કરવા માંડશે, નહિ ?

ચંદા : તને વર્તમાન યુગની ખબર નથી હજી. એ પણ થાય છે. અને આ શિશિર તો બહુ જાણીતા નૃત્યકાર છે. તેં ન જોયું એની આંખ, એની કમર, એના હાથ અને એના પગ કેવા નૃત્ય માટે થનગની રહ્યા હતા તે ? અને પેલા કવિની કવિતા પણ હવે ઘેરઘેર ગવાતી થઈ લાગે છે. શેરીએ શેરીએ એ કવિ પોતાનાં ગીતો ગાયે જાય છે...

વીજળી : પણ ચંદાબહેન ! તમને એમ નથી લાગતું કે એ બંને યુવકો છોકરી થવાનાં છોકરા બની ગયા છે? એમનો લહેકો જોતાં મને તો...

ચંદા : ( સહજ હસીને ) કલાકારો બધું જ લલિતપણે કરે !

વીજળી : એટલે એમ, કે કવિઓ અને કલાકારો જરા કન્યારાશિ ખરા !

[ ચંદા હસે છે. ]

અને એ ગુજરાતમાં જ હશે કે બીજે પણ ?

[ ઘંટડી વાગે છે. ]

પાછું કોણ આવ્યું ? બહેન ઘરમાં નથી એમ કહી દઉં ?

ચંદા : ના, ના. જૂઠું બોલાય ?

[ બારણું ઉઘાડી એક સાધુ, એક સદ્‌ગૃહસ્થ અને એક શિષ્ય પ્રવેશ કરે છે. ]

પધારો !

સાધુ : शतं जीव शरद : ।

ગૃહસ્થ : આ બ્રહ્મચારીજીના ગુરુ અખિલભૂમંડલાચાર્ય જગતદ્‌ગુરુ મહામંડલેશ્વર શ્રી શ્રી શ્રી ૧૦૦૮...

ચંદા : જગતગુરુ ? આજે જગત તો કોઈને માનતું જ નથી.

સાધુ : એ જ આપણી પડતીનાં ચિહ્ન છે. ધર્મ પ્રત્યે માન ઘટયું...

[ સહજ વીજળી પ્રત્યે તેની નજર ખૂંપે છે. ]

ચંદા : મને પણ ધર્મ પ્રત્યે બહુ માન તો નથી જ. પણ આપ કેમ પધાર્યા છો ?

ગૃહસ્થ : સાધુસંન્યાસીઓ માટે અહીં અન્નક્ષેત્ર કાઢ્યું છે અને તેને માટે એક નાટક ગોઠવ્યું છે. આપ એમાં પધારો એવી વિનંતિ કરું છું.

ચંદા : પણ મને તો હવે વખત નથી...

ગૃહસ્થ : તેની હરકત નહિ. વખત ન મળે એ બહુ સારું છે.

આવશો તો એ અમારી શોભા છે; ન અવાય તો આપની ઇચ્છા...આ તો ધર્મકાર્ય માટે એકબે ટિકિટો લો...

ચંદા : જરૂર; બે ટિકિટો આપો.

[ ગૃહસ્થ બે ટિકિટો આપે છે ]

ગૃહસ્થ : ધર્મ તે આનું નામ !

સાધુ : જય થાઓ, બાઈ !

[ જરા વધારે વાર વીજળી તરફ જોઈ બહાર ચાલ્યા જાય છે. ]

વીજળી : ધરમ વધારવા આવ્યો છે ! એની આંખો જ ખેંચી કાઢવી જોઈએ !

ચંદા : કેમ ?

વીજળી : બહેન ! આખી દુનિયાને સુખી કરવા નીકળ્યાં છો, પણ દુનિયાને જરા ઓળખો તો ખરાં ?

[ ભિખારી બાળકો ગાતાં ગાતાં એક બાજુએથી ચાલ્યાં જાય છે ]

બાળકો :

સૂરજ તેજ મીંચાયાં આજ—
વહી રહ્યાં અંધારાં;
સર સરિતાનાં જળ ખૂટયાં આજ—
રહ્યાં સહ્યાં જળ ખારાં.
પુષ્પોના રંગ ખૂટયા,
પલ્લવનાં રૂપ ખૂટયાં,
કુંજો ને ક્યારા તૂટયાં આજ—
વહી રહ્યાં અંધારાં.
વિદ્યુતનાં તેજ વેરયાં.,
સમીરણુ આંદોલ

અમીરસ નવ તો યે સીંચ્યા આજ—
વહી રહ્યાં અંધારાં.
ધનના હિમગિરિ કો ઘડતાં—
ગરીબોના કૂબા પડતા,
ધનધાન્ય છતાં સહુ રડતાં આજ—
વહી રહ્યાં અંધારાં.

ચંદા : મને એમ થાય છે કે દુનિયાના બધા ય ભિક્ષુકોને મારા ભેગા રાખું.

વીજળી : આટલાં આવી ગયાં એ ઓછાં છે? એના કરતાં એવું કાંઈ કરો ને કે દુનિયામાં ભીખનું નામ જ ન રહે!

ચંદા : હું એ જ શોધું છે. પણ એ બને શી રીતે?

વીજળી : મને તો એક જ રસ્તો લાગે છે.

ચંદા : શો?

વીજળી : બધા ય પૈસાવાળા એક વાર ઝૂંપડીમાં રહેતા બની જાય!

ચંદા : એના કરતાં બધા ય ગરીબો બંગલામાં રહેતા બની જાય તો?

વીજળી : પણ એ કેમ બને? આ બંગલો જ લો ને! કેટકેટલી ખેતી ભાંગીને આ બંગલો બાંધ્યો છે? માળ ઉપર માળ અને તેના ઉપર માળ! એક ઓરડો બેસવા માટે! એક ઓરડો સૂવા માટે! એક ઓરડો નહાવા માટે! એક ઓરડો કપડાં માટે! લખવા માટે જુદી જગા! વાંચવા માટે જુદી જગા! ગાવા માટે જુદો ખંડ! ખાવા માટે જુદો ખંડ! ગંજીફો રમવા માટે ઇલાયદી જગા વગર ચાલે જ નહિ! બધા ય આ ચાળે ચઢે તો ધરતી ઉપર હાલવા ચાલવાનો માર્ગ પણ ન રહે...

ચંદા : વીજળી! હજી તને સુખમય, કલામય, આનંદમય જીવનનો સ્પર્શ થયો નથી. એ સ્પર્શ થશે એટલે તને પણ ગામડે

ગામડે મહેલો બાંધવાનું મન થશે...અને એમાં ગામડિયાંઓને રાખી શકાશે.

વીજળી : મન તો બધું ય થાય. પણ આ જોયું નહિ ? સુખમય-કલામય જીવનને બદલે એક જ ગામે દુકાળ, બીજે ધરતીકંપ, ત્રીજે ખુનામરકી, ચોથે દરિયામાં જ ડૂબાડૂબી ! અને પેલાં આજનાં વિમાનો ? એમાંથી તો માનવીઓને મારતો, મહેલાતો તોડતો અગ્નિ વરસે છે. બહેન ! એ બધું અટકાવો; ગરીબી ત્યારે અટકશે. વિમાનમાંથી ફૂલ વરસવાં જોઈએ, અગ્નિ નહિ. જૂનો ધર્મ તો એમ કહે છે. મારફાડમાં વપરાતી મિલકત ગરીબી ટાળવા વાપરી જુઓ ને ?

ચંદ્રા : તું યે આર્થિક ફિલસૂફ બની ગઈ ! ધર્મને બાજુએ રહેવા દે, તો એ ફિલસૂફી સાચી...સોશ્યાલિઝમ...કમ્યુનિઝમ...દલિતોદ્ધાર...સર્વોદય...લોકશાસન...શું સાચું ?

વીજળી : એ તો કોણ જાણે ! મને લાગ્યું તે મેં કહ્યું. ધર્મ વગર મારે કશુંયે નહિ. પછી ભલે તમે હસો.

ચંદ્રા : પણ ધર્મ શું એ તું જાણે છે ?

વીજળી : ધર્મ એટલે ધર્મ ! કોઈને ન નડે એવો આચાર, કોઈનું ભૂરું ન વાંછે એવો વિચાર, અને ત્રીજું ભગવાનનું શરણું ? હું તો, બહેન ! એને ધર્મ કહું જેમાં એ ત્રણે વાત હોય.

ચંદ્રા : પણ તેં જોયું નહિ પેલા સાધુએ તારી સામે કેમ જોયું હતું તે ? એ ધર્મ !

વીજળી : એ મારો ધર્મ નહિ ! એ ધર્મ નહિ માટે તો સાધુઓ ભીખ માગતા બની ગયા.

ચંદ્રા : તું ક્યારે જૂનવાણી બનતી મટીશ ? ભૂતકાળનાં ભૂત તને બહુ વળગ્યાં છે.

વીજળી : ભૂતકાળનાં ભૂત ? ચંદ્રાબહેન ! આજનાં ભૂત એથી પણ વધારે વિકરાળ છે, હો ! એ ભૂત તો બિચારાં કહેતાં કે

'આમે ભૂત છીએ.' આજનાં ભૂત તો ભૂત હોય છતાં કહેવા ન દે કે એ ભૂત છે!

ચંદા : નવું ભૂત એવું કયું છે?

વીજળી : બતાવીશ કોઈ દહાડો. આપણી ચારે પાસ એ નવાં ભૂત વેરાયેલાં છે.

ચંદા : વારુ. એટલું તો કબૂલ કરીશ ને કે આપણે જૂનાં અને નવાં ભૂતને કાઢવાં છે અને સંપૂર્ણ આઝાદી મેળવવી છે?

વીજળી : એની કોણ ના પાડે છે? પણ એ ભૂત એવાં વળગતાં જાય છે કે આપણાથી આઝાદ થવાતું જ નથી.

ચંદા : વીજળી! તું વાચાળ બનીશ તો આપણે હિંદભરમાં—અરે, જગતભરમાં ફરી આઝાદીનો શંખ ફૂંકીશું.

વીજળી : નાચી, ગાઈ, લહેકા-લટકાં કરી દુકાળ ઓછા કરવા હોય તો સહુએ શંખ ફૂંક્યો જ માનજો ને!

ચંદા : સંગીત, નૃત્ય, કલા, એ બધાં દેશોદ્ધારનાં—માનવોદ્ધારનાં ચિહ્ન છે. એની પાછળ મુક્તિ રહેલી છે.

વીજળી : હું તો એમ જાણું કે મરે એને મુક્તિ મળે. છે આપણામાં મરવાની તાકાત? પેલા લટકાળા કવિ અને છોગાળા નટ મરતાં શું જાણે? અને આપણે પણ એવાં જ બનીએ તો પછી...

ચંદા : સાંભળ! ગા મારી સાથે. સંગીતનું, કવિતાનું કેટલું જોમ છે! ધર્મને બાજુએ મૂક, અને ગુલામી તોડવાની આપણે હાકલ કરીએ. સાંભળ!

૧ અય ગુલામ! બંધન તોડ.
બેડી સાંકળ, ભોગળ તોડ!
અય ગુલામ! બંધન તોડ.
શોષણ કાજ તું શું સર્જાયો?

૧ રાગ - ધૂપ

વેચાવા તુજ દેહ રચાયો ?
અય ગુલામ ! બંધન છોડ !
સા–રે–ગ–પ–ધ–સા

વીજળી : આવું ગાવું તો ન ફાવે ! પેલું સાસા–તત–પપ–કરો છો, એ તો બોબડું લાગે છે. અમે ગામડિયાં ગાઈએ એની ઝમક જુદી હો ! એ ઝમક ભગવાનના નામ વગર ક્યાંથી આવે ?

ચંદ્રા : ગા જોઈએ. ગામડિયા ઝમક શહેરમાં લાવીએ, ભગવાનના નામ વગર. ભગવાને કોઈનું સારું કર્યું દેખાતું નથી ! છતાં ગા તો ખરી ? લોકગીતોની લઢણ મને ગમે છે.

વીજળી : સાંભળો ત્યારે ભગવાનનું નામ !

*ગાયો ચારીને ગોવિંદ ઘેર આવ્યા
ને વારણાં તે લઉં વારી વારી,
ઘરમાં પેસંતાં કા'ન ઉઘાડા દીઠા,
ઝૂલણી ક્યાં રે વિસારી ?
હો નંદજીના...નાનડિયા રે,
ખમ્મા મારા પ્રેમના...પાતળિયા રે,
ખમ્મા રાય રણછોડ...રંગીલા રે,
ખમ્મારાય ઝૂલણી ક્યાં રે વિસારી ?

પણ હવે આખો દિવસ ગાવું છે કે બીજું કશું કરવું છે ?

ચંદ્રા : હા હા; પણ જરા આગળ ગાને ? લઢણ ઉતારવા જેવી છે. કેટલાંક આઝાદીનાં ગીત આ ઢાળમાં બેસાડીએ તો સારું.

વીજળી :

રૂવે રૂવે ને કા'ન રુદન કરે ને
લાવો બેસારું સામે ઓટે;
એ રે ઝૂલણીને કારણે કા'ન
મંદિરિયામાં રોટે...હો નંદજીના૦

---

* લોકગીત

જરકશીનો જામો શિવડાવું
ને ઉપર શિવડાવું કા'ન ટોપી;
છાનો રહે ને મારા કુંવર કનૈયા,
કાલે પરણાવું વ્રજગોપી...હો નંદજીના૦

ચંદા : લઢણ સારી. પણ શું આ જેમાં તેમાં પરણવા-પરણાવવાની વાત ?

વીજળી : બધી નવી ભણેલી છોકરીઓ પરણવાને નામે મુખ મચકોડે છે, અને પછી વહેલી તકે પરણી જાય છે...પરણ્યા પછી 'બેબી'ને 'બાબા'માંથી એકે ભણેલી ઊંચી જ આવતી નથી શાની આઝાદી? જંજાળ ઊભી કરવી અને પાછી મુક્તિ માગવી !

ચંદા : ( જનાં જતાં સહેજ હસીને ) વીજળી ! સાચું કહે છે તું. લગ્ન પણ એક ભયંકર બંધન છે; અને બાળકો એ બંધનની બીજી મજબૂત દીવાલ !...જગતને આઝાદી જોઈતી હોય તો...કદાચ ...માનવજાત ઉપર પંજો પાથરી રહેલી પુરુષજાતને લડત આપી એના પંજામાંથી છોડાવવી પડશે...

[ જાય છે. ]

વીજળી : ( જતાં જતાં ) આ જ નવું ભૂત !...પણ આ પુરુષદોરી દુનિયા એકે પાટે ચડતી લાગતી નથી. અમારે બદલે પુરુષોને હાથે બંગડીઓ પહેરાવી એમને રસોડામાં પૂરી રાખ્યા હોય તો...જરા ઝઘડા ઓછા થાય ખરા.

[ દૃશ્ય સમેટાય છે. ]

# અંક બીજો

## પ્રવેશ પહેલો

[ યુવતીઓ ગરબે રમતી હોય છે. ]

હો લલિત સરિત તારે તીર
રમે ચપલ કો સમીર,
ઊડે વાદળનાં ચીર,
ધીમી ધીમી તારી ચાલ છાની વાતો કરે—હો૦
તું તો ચંદ્ર અને સૂર્યને શમાવતી ઉરે;
તારે હૈયે વળી તારલિયા રાસે રમે;
કોઈ થાકેલી ડોલતી ડોલાવતી હોડલીનાં
હૈયાં અધીર તારે હૈયે ઠરે—હો૦
તારાં નર્તનોમાં અંગભંગ સોહી રહ્યાં;
તારા કલરવ સુણીને મુનિ મોહી રહ્યા;
રસિક યુગ્મની તૃષાને છિપાવતી તું છેલડી
આશાની વેલડી સમી તું વહે—હો૦

[ ગરબો બંધ થઈ સહુ પાસાં વિખરાતાં જાય છે ]

ચંદ્રા : આમ જ ગાતાં ગાતાં ગરબો બેસી જશે.

પહેલી યુવતી : શું ધૂળ બેસી જશે? કાંઈ ઠેકાણું તો છે નહિ!

ચંદ્રા : શો વાંધો લાગ્યો?

બીજી યુવતી : બધા ય વાંધા જ છે ને! બીજું છે શું આમાં?

ત્રીજી યુવતી : એમને આગળ કરીને ગવડાવવું છે; એ ન માન્યું એટલે વાંધો.

ચોથી યુવતી : તે ખરી વાત છે. બધું ચાલે છે જ એમ.

ચંદા : શું એમ ચાલ્યું ?

ચોથી યુવતી : આ મારી બહેનને બાજુએ મૂકી...તે એના વગર ગરબો દીપે ખરો ?

ત્રીજી યુવતી : તે તારી બહેન વગર દુનિયામાં બીજે ગરબા જ નહિ ગવાતા હોય, ખરું ને ?

ચોથી યુવતી : મારી બહેનનું નામ દીધું છે તો યાદ રાખજે ! જોયા જેવી થશે.

વીજળી : તમે બધાં ભણેલાં છો, પરીઓ જેવાં પીંછાં ઉડાડો છો, તો ય આવું લડવાનાં ખરાં કે ? મારા મનમાં તો એમ કે ભણેલાં હોય તે કદી લડે જ નહિ.

પહેલી યુવતી : અમે ન્યાયને ખાતર લડીએ છીએ.

બીજી યુવતી : સચ્ચાઈને ખાતર !

ત્રીજી યુવતી : એમનો ન્યાય એટલે એમની આગેવાની; એમની સચ્ચાઈ એટલે એમનું ઉપરીપણું. હવે ગયો વખત કોઈની મોટાઈમાં તણાવાનો !

ચોથી યુવતી : મોટાઈ ઘેર ગઈ. પણ કોને સારું આવડે છે, કોનું ગાવું સારું છે, એનો ય વિચાર કરશો ને ?

પહેલી યુવતી : એની બહેનને ગરબામાં રાખો એટલે બધું ય સારું.

બીજી યુવતી : તે એમ તો મારી ય બહેન સંગીતશાળામાં જાય છે.

ત્રીજી યુવતી : અને મારી માશીની નાનકડી બચી અત્યારથી જ કથ્થક પાસે નાચ શીખે છે. જો, આગ આવ, પેલો અભિનય કર જોઈએ—

[ નાની બાળકી સરસ કપડાં-ઘરેણાં પહેરેલી આગળ આવી ત્રીજી યુવતી સાથે ગાતી અભિનય કરે છે. ]

૧ નીલો કમલરંગ વીંઝણો હો નંદલાલ !
રઢિયાળો રતન જડાવ, મોરા નંદલાલ !
બ્રહ્મા વીંઝે બ્રહ્મ વીંઝણો હો નંદલાલ !

[ નાની બાળકી હાથપગ હલાવી નૃત્ય કરે છે તે જોઈ ત્રીજી યુવતી જાતે જ અત્યંત ખુશ થઈ તાળી પાડી ઊઠે છે. ]

ત્રીજી યુવતી : જોયું ને ?

ચોથી યુવતી : આને જ અભિનય કહેવો હોય તો ઊડતી ચકલીને જ ગરબામાં રાખો ને !

ત્રીજી યુવતી : ( સ્વગત ) બળી મારી અદેખાઈથી !

ચંદા : પણ આમાં ઝઘડો શો છે એ તો સમજાયું નહિ...

વીજળી : ઝઘડો તે કદી સમજાય ? પેલું તમે રોજ વાંચો છો એના જેવું ! અંગ્રેજો યે ન્યાય ખાતર લડે છે અને જર્મનો યે ન્યાય ખાતર લડે છે. અમેરિકાની સચ્ચાઈ એટલે આખી દુનિયા ગીરો, અને રશિયાની સચ્ચાઈ એટલે આખા એશિયા ઉપર ચીલઝપટ; બધા ય ઝઘડા ન્યાય અને સત માટેના ! એનું એ અહીં !

ચંદા : આપણે એમ કરીએ તો ? આપણે મોટાં મોટાં બાજુએ રહો અને નાની બાળકીઓને ગાવા દો. બધાંની નાની બહેનો અને મામામાશીની દીકરીઓ આવી જશે.

પહેલી યુવતી : એમાં તો લોકોને કાંઈ રસ નહિ પડે.

બીજી યુવતી : આખો કાર્યક્રમ બાલિશ બની જશે.

ત્રીજી યુવતી : ફરી કોઈ કોન્સર્ટમાં આવશે જ નહિ.

ચોથી યુવતી : આપણે બંને રાખીએ ! મોટાંનો ગરબો ય ખરો અને નાનાંનો ગરબો ય ખરો !

ચંદા : ( ધીમેથી વીજળીને ) સહુને ગીત ગવડાવવું છે; ઝીલવું નથી

---

૧ નાનાલાલ

કોઈને ! મને લાગતું હતું કે પુરુષો નેતાગીરી માટે ઝઘડે છે; કુમળી સ્ત્રીઓ...

વીજળી : કુમળી ? અને તે સ્ત્રીઓ ? ચંદ્દાબહેન ! ભગવાનને તો ચાર જ હાથ, પણ દેવીઓને તો આઠ ! પુરુષ ચતુર્ભુજ, પણ સ્ત્રીઓ તો અષ્ટભુજા !

ચંદા : ગીત, સંગીત, ગરબા, ગોલક–એમાં પણ ઘર્ષણ ? હું શું કરું કે જગતભરમાં સંવાદ સધાય ?

વીજળી : કશું જ નહિ; જરા કડક થાઓ ! મેલડી ધૂણે તો મરચાંનો ધૂપ દેવો જ પડે ને ?

ચંદા : (સહુને) આ ઢબે તો આપણે કશું જ નહિ કરી શકીએ. મને લાગે છે કે ગુજરાતણો લડીને પરવારે નહિ ત્યાં સુધી ગુજરાતે ગરબા આઘા મૂકવા ! હું તો કહું છું કે ઝઘડા સાથે ગરબો રખાય જ નહિ.

પહેલી યુવતી : અન્યાય સહન કરીને પણ હું તો મારું કામ કર્યે જ જઈશ. ઝઘડાની હું તો બહુ જ કાયર.

બીજી યુવતી : સારા કામમાં માન-અપમાન બાજુએ મૂકવાની ઉદારતા તો હું નાનપણથી જ બતાવતી આવી છું ! મારે ઝઘડો જોઈએ જ નહિ ને !

ત્રીજી યુવતી : આપણે ક્યાં કોઈની વચ્ચે આવવું છે ? સારું કોણ ગવડાવે એ તો આખી દુનિયા જાણે છે ! ગરબો ઝીલવામાં મને નાનમ નહિ લાગે ! ઝઘડો પડે ત્યાં આપણે ચુપ !

ચોથી યુવતી : મારી નાની બહેન ક્યાં અહીં આવવા નવરી પડી છે ? એને તો પરીક્ષા છે. મારો ઝઘડો જૂઠાણાં સાથે ! બાકી મારે તો બોલવાની જ બાધા. બોલી છું હું એકે અક્ષર પણ, ચંદાબહેન ?

વીજળી : આમાંથી કોઈ એક અક્ષરે ય બોલ્યું છે ?

પહેલી યુવતી : બાકી કામમાં ઝઘડા ચાલે જ નહિ ને ! અમે તો આ વીજળી ગવરાવે તો ય ઝીલવાને તૈયાર છીએ.

વીજળી : હું ગવરાવીશ તે નહિ ઝિલાય, સમજ્યાં ? ગામડિયાં ઝમક જુદી જ આવશે.

બીજી યુવતી : એ તે કાંઈ વાત છે? ગરબા અમે આજકાલનાં નથી ગાતાં !

વીજળી : ગોઠવાઓ ત્યારે !

[ બધાં ગોઠવાય છે. વીજળી હસીને ચંદાને કહે છે. ]

આ તો તમે પેલી હિંદુ-મુસલમાનના ઝઘડાની વાત કહો છો એવું થયું !

ચંદા : એટલે ?

વીજળી : હિંદુ કહે કે મુસલમાન રાજ કરનાર કોણ? મુસલમાન કહે છે કે હિંદુ આવે તો ખરો રાજ કરવા ? બન્નેમાંથી કોઈને રાજ મળતું નથી; રાજ કરે છે ત્રીજો જ ! મારે પણ એમ જ થયું...ચાલો બધાં.

[ ગરબે સહુ ગોઠવાય છે અને વીજળી ગવરાવે છે. ]

અમે જાતાં વૃંદાવન વાટે,
કાલિંદરીને ઘાટે,
કે બેડલાં સોને મઢયાં હો.
હાં રે ક્યાંથી કાનને આવતા ભાળ્યા ?
લટકાભર્યા ચાળા;
કે ચંદ્ર આભ રમણે ચઢયા હો—અમે૦
હતો સહિયરનો સંઘ,
હતો હૈયે ઉમંગ,
ભર્યું વારી શ્યામ રંગ.
કાળજાં અમારાં કેમ સૂનાં પડયાં હો—અમે૦
હાં રે હવે જમનાજી ચઢિયાં ઉછાળે,
કે હીરલાની પાળે,
શા વેણુનાદ અમને નડયા હો—અમે૦

[ બધાં સહેજ વિખરાય છે. કવિ તથા નૃત્યકાર આવતા દેખાય છે. ]

ચંદા : સરસ !...પધારો !

કવિ : કાંઈ ઝઘડો હતો એમ સાંભળ્યું એટલે અમે અહીં આવ્યા.

વીજળી : એ તો પતી ગયો ! તમે ન આવ્યા એ જ સારું થયું.

નૃત્યકાર : કેમ ? તમને પુરુષો નથી ગમતા ?

વીજળી : ના જી.

નૃત્યકાર : પુરુષો વગર દુનિયાને ચાલે એમ તમે માનો છો ?

વીજળી : હા જી. બે વખત તો જરૂર ચાલે.

નૃત્યકાર : એટલે ?

વીજળી : પુરુષ નાચતો ફરે ત્યારે...કે ઝઘડતો ફરે ત્યારે...એની કોઈને જરૂર નથી.

કવિ : કોઈ પુરુષ વ્યવસ્થાપક કે નેતા હોત તો આજનો જંગ જામત નહિ.

વીજળી : શું કહો છો તમે? આ દુનિયાને જોતા નથી? વ્યવસ્થા પુરુષો સિવાય કોણ કરે છે? અને એમાંથી કોણ શું રળ્યું? દુકાળ, ભૂખમરો, સંહાર, સંતાપ! બસ કરો તમારા પુરુષોની નેતાગીરી ! પચાસ વરસમાં એક વરસ તમારા જંગ વગરનું ગયું બતાવો ને ?...આ ચંદાબહેન વંચાવે છે એ સાચું હોય તો !

કવિ : પણ તમારું રક્ષણ પુરુષો વગર કરશે કોણ ?

વીજળી : તમારું રક્ષણ ન જોઈએ. અમારી જીભ બસ છે. યાદ કરો પેલી સાવિત્રીની વાત.

કવિ : સાવિત્રીઆખ્યાન ! એ ઉપર તો હું મહાકાવ્ય લખી રહ્યો છું.

નૃત્યકાર : અને એ જ આખ્યાનને હું સંગીત-નૃત્ય-રૂપકમાં ઉતારી રહ્યો છું.

વીજળી : મહાકાવ્યમાં લખજો કે સાવિત્રીની જીભ આગળ જમ પણ જીવ લઈને નાઠો ! નાચતાં નાચતાં એટલું બતાવજો કે

જગતમાંથી જમને, જમના પડધા-પડછાયાને ભગાડવો હોય તો અમને તમારાં રાજપાટ, તમારા વેપાર, અરે, તમારી જિંદગી પણ સોંપી દો !

[ વીજળી તરફ આશ્ચર્યનો અભિનય કરી પાત્રો અદશ્ય થાય છે. ]

## પ્રવેશ બીજો

ચંદ્રા :

૧ સુખની જોતી રહું હું વા...ટ
સર સરિતાને ઘા...ટ
  સુખની જોતી રહું હું વા...ટ
સોનાં રૂપાં માણેક મોતી !
ઝળહળતી વળી હીરક જ્યોતિ !
સુખની ન મળે હા...ટ
  સુખની જોતી રહું હું વા...ટ.
મંગલ કોમલ ભાવ હૃદયમાં,
હોય ક્લેશ શેં ઊભરે જગમાં ?
શમતો નહિ ઉચા...ટ
  સુખની જોતી રહું હું વા...ટ.
પુષ્પ સુકોમલ ભરિયાં પરિમલ,
રંગ પરાગ ન રહેતા અવિચલ,
ઝુલે ન સુખની ખા...ટ
  સુખની જોતી રહું હું વા...ટ.

હું શું શોધું છું ? સુખ ? મારે માટે ? મારે કયું દુઃખ છે કે હું સુખ શોધવા નીકળું છું ?...

[ કવિ બહાર આવે છે. ]

કવિ : કહું ? તારે કયું દુઃખ છે તે હું કહું ?

ચંદ્રા : મારા દુઃખની, ભાઈ ! તને શી ખબર ?

કવિ : તારા દુઃખની મને પૂરેપૂરી ખબર છે...તારા જીવનમાં એક ભયંકર ખોટ છે.

---

૧ ભૈરવી.

ચંદ્રા : શી ખોટ છે?...મને કાંઈ લાગતું નથી.

કવિ : તારા જીવનમાં હજી કોઈ પુરુષ જાગ્યો નથી...એ મોટામાં મોટી ખામી. એ જ તારું દુઃખ. એક જ છતાં મહા મોટું.

ચંદ્રા : જેમના જીવનમાં પુરુષ જાગે છે તેમને હું જોઉં છું. પુરુષે સ્ત્રીજીવનમાં જાગી સ્ત્રીનું દુઃખ ઘટાડ્યું હોય એમ લાગતું નથી. સ્ત્રીનું દુઃખ ન મટે ત્યાં સુધી જગતનું દુઃખ નહિ મટે...અને હું સુખ શોધવા નીકળી છું...સહુને માટે...

કવિ : જીવન એટલે જ સુખ. પુરુષ જીવન આપે છે...

ચંદ્રા : સંહારનું સાધન આપે છે...એવું જીવન ન હોય તો એમાં ખોટું શું ?...સંહાર રહિત જીવન આપનાર કોઈ પુરુષ જગતમાં છે ?

કવિ : જીવન અને સંહાર એ એક જ સત્યનાં બે પાસાં...મારી કવિતામાં મેં એ સ્પષ્ટ કર્યું છે...

ચંદ્રા : કવિતામાં ?...તું તો કવિ...હું ઓળખું છું તને...તારી કવિતા મેં વાંચી છે...કાગળ ઉપર લખ્યું હોય તે જીવી બતાવ. પછી હું તારી સામે જોઈશ.

કવિ : હું પુરુષ છું...સર્જક છું...કહે, કાગળ ઉપર લખ્યું શું સાચું પાડવું છે ? તું કહે તે સર્જવા અને આપવા હું તૈયાર છું...

ચંદ્રા : તું જાદુગર છે ?

કવિ : તું કહે તે હું છું...બની શકું છું...કલાકાર બની જાઉં ?... જો આ મારું કલાસ્વરૂપ...

[ નૃત્યકાર આવે છે. ]

નૃત્યકાર : નૃત્યમાં સઘળાં સૌંદર્ય હું લાવું છું...પરંતુ આ ચંદ્રાનું સૌંદર્ય...મને ચંદ્રામય બનાવી દેશે શું ?

ચંદ્રા : મારી વીજળી કહી રહી હતી તે આ પુરુષનો લહેકાતો અંશ !...જરા લટકો ઓછો કરીને આવ, તો પુરુષ જેવો

લાગીશ. તારા કલામય લટકાની પાછળ જીવનની બદબો અને બદસૂરતી ડોકિયાં કરી રહી છે...સુખ નહિ, સુખનો નશો તું છે! તારી કલાની મને ભૂખ નથી...

કવિ : એમ? મારું કલાસ્વરૂપ તને ન ગમ્યું? હું પુરુષ, કવિ, સર્જક, કેટલો પવિત્ર બની શકું છું તે બતાવું?...જો...

[ સાધુ પ્રગટ થાય છે. ]

સાધુ : સંયમ, તપ, યજ્ઞ, ધ્યાન, કીર્તન, પૂજન, જ્ઞાન, દાન, ભક્તિ, મુક્તિ...

ચંદા : આ માનવી શું ગોખી લાવ્યો છે? એકે પાછળ પ્રભુ તો છે નહિ!...વીજળી કહેતા હતી તેમ!

સાધુ : હું ધર્મ ગોખી લાવ્યો છું...ધર્મનો સાર.

ચંદા : અરે...આ તો વીજળી ઉપર આંખ ઠરાવતો હતો તે જ બ્રહ્મચારી!

સાધુ : બ્રહ્મચર્ય ગાર્હસ્થ્યને શોધે એ સ્વાભાવિક છે...બ્રહ્મચર્યનો જ એ અધિકાર...ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનો. અને સ્ત્રી શોધ્યા વગર એ આશ્રમ રચાય જ નહિ. એ જ સાચો ધર્મ! માટે વીજળી ઉપર હું આંખ ઠરાવતો હતો.

ચંદા : ઢોંગ, સ્વાંગ, જડતા, ઝનૂન, તલવાર, ફાંસી, શૂળી, ક્રોસ એ બધાં ધર્મચિહ્નો! ધર્મને નામે ધતિંગ રચનાર કોઈ પુરુષ સામે મારે જોવું નથી. એકે ય ધર્મે જગતમાં સુખ ઉમેર્યું નથી...

કવિ : તને કવિ ગમતો નથી, કલાકાર ગમતો નથી, ધર્મપ્રચારક ગમતો નથી! તું પણ અવનવી સ્ત્રી છો! તું માગે છે શું?... ધનની તને પરવા નથી!...હાં હાં, હું વીર બની જાઉં!

[ એક શસ્ત્રસજ્જ સૈનિક પ્રગટ થાય છે. ]

સૈનિક : મારો! કાપો! ધસો! બાળો! હઠો!...અરે, આ કોણ રૂપાળી સ્ત્રી મારા માર્ગમાં ઊભી છે? ઘણા દેશો, ઘણાં નગરો

જીત્યાં અને ઘણી સ્ત્રીઓ...પણ આ સ્ત્રી માટે તો જરૂર પડચે નૂતન યુદ્ધ ખેલવા હું તૈયાર છું...છે કોઈ મારો સામનો કરનાર? આવી જાઓ!

[ તલવાર ખેંચવાનો અભિનય કરે છે. ]

ચંદા : આ તો પેલો સૈનિક! ઘવાયલી છબી બધે ફેરવી જેના લાભાર્થે નાટકો કર્યાં હતાં તે! કેળવીને તૈયાર કરેલો મારો! રાજ્યોનો માનીતો જલ્લાદ!

સૈનિક : જલ્લાદ બીજાઓનો, સ્ત્રીઓનો તો નહિ જ! સ્ત્રીઓનો તો હું ખાસ માનીતો! સૈનિકને–મને નિહાળી સ્ત્રી ઘેલી બને છે એ મારો નિત્ય-અનુભવ.

ચંદા : તારું મોહ પમાડતું વીરત્વ પણ હવે રહ્યું નથી. મોત વેરતા ઓ જડ પૂતળા! હજી તેં વિજય નથી મેળવ્યો. સંહાર ઉપર વિજય મળે એવી શક્તિ છે તારામાં? જો...સાંભળ... તારા ઉપર મોહિત થયેલી પેલી મારી જર્મન બહેને શું કહે છે તે!

[ નાનકડો સ્વસ્તિક ધ્વજ લઈ પિંખાઈ ગયેલી જર્મન પ્રજાદેવી પ્રવેશ કરે છે. ]

જર્મની : કોણ એ સંહાર ઉપર વિજય મેળવે છે? હું એ જ માગું છું. આજ સુધી હું માનતી હતી કે સંહાર એ જ વિજય છે...મેં મારા દુશ્મનોના નિવાસ ઉપર અગ્નિ વરસાવ્યો; દુશ્મનોએ મારા નિવાસ ઉપર અગ્નિ વરસાવ્યો! પ્રકાશ હોલવાઈ ગયો! ઘરઘરમાં અંધારાં ઉભરાયાં! મારાં આશાભર્યાં– યૌવનભર્યાં સંતાનોના જયનાદ આર્તનાદમાં ફેરવાઈ ગયા સંહાર ઉપર કોણ વિજય ઉતારે છે?

[ યુનિયન જેક સાથે બ્રિટાનિયા પ્રવેશ કરે છે. ]

બ્રિટાનિયા : મારા ઉપર 'લ્યુટવૉફ' લાવતા તને જરા ય અરેકારો થયો હતો ખરો કે હવે તું સંહારને વગોવવા બેઠી છે?

અમે કેટલાં અંધારાં ઉલેચ્યાં? અમારા કેટકેટલા પ્રકાશ હોલવાયા? મારાં સંતાનોના આર્તનાદ તને કયાંથી સંભળાયા હોય? હાર્યા પછી જાતદયા?

[અમેરિકાના ધ્વજ સાથે અમેરિકી પ્રજામાતા પ્રવેશ કરે છે.]

અમેરિકા : ફરી યુદ્ધ અટકાવવાનો મારો આટઆટલો પ્રયત્ન! સરમુખત્યારી સામે અને સામે જ! જર્મનીને પાડયું ત્યારે સામે મોરચે રશિયા...

[દાતરડું અને હથોડાના ચિહ્નવાળા ધ્વજ સાથે રશિયાની પ્રજામાતા પ્રવેશ કરે છે.]

રશિયા : આખી દુનિયાને ગળી જવાનો પ્રયોગ લઈ બેઠેલી મારી અમેરિકી બહેન! જર્મનીને હરાવતી વખતે હું સારી લાગી હતી! વિજય મળતાં બરોબર હું હવે તમને બન્નેને અળખામણી લાગું છું! મારી વાત બાજુએ જ મૂકજે! મને મારે રસ્તે જવા દે

બ્રિટાનિયા : તારો રસ્તો? નહિ તારે રસ્તે ધર્મ, નહિ ખાનગી મિલકત, નહિ કશી જોખમ–જવાબદારી, નહિ લોકમત...

રશિયા : લોકમતને પણ વેચી ખાનારી બહેન! તારી ખાનગી મિલકત અને તારો ધર્મ તારી પાસે જ રહેવા દે! ઈસુને નામે ધર્મધતિંગ અને મિલકતને નામે શોષણ! અમને અમારો રોટલો વહેંચી ખાવા દે! કોઈને મિષ્ટાન્ન, બાકી સહુને ફાકા! એવી મિલકત વગર અમે સુખી છીએ.

અમેરિકા : તારા સરમુખત્યારવાદનું ઝેર તારી સરહદથી આગળ ન વધારીશ...પછી અમારે કાંઈ ઝઘડો નથી,

બ્રિટાનિયા : અમે પણ એ જ કહીએ છીએ...હિંદ–બર્મામાંથી જો. અમે કેવાં ખસી ગયાં?

ચંદ્દા : એ રીતે બધેથી બધાં ય ખસી જાઓ અને પોતપોતાનું ફોડી લો!

અમેરિકા : પણ આ રશિયાનો લોભ ક્યાં માય છે? એને તો એશિયા જ નહિ પણ યૂરોપ, અમેરિકા, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા પણ ગળી જવાં છે.

બ્રિટાનિયા : આ જુઓ ને, નવું ધાંધલ ઊભું કર્યું તે? સૂતેલા ચીનને નાહક જગાડ્યું! ન હતો ત્યાં મોટો દૈત્ય ઊભો કર્યો!

રશિયા : દરિયે દરિયે થાણાં અને પૃથ્વીને ખૂણે ખૂણે સંસ્થાનો નાખી બેઠેલી ડાહી બહેનો? અમે તો તમારે પગલે પગ માંડીએ. તમારી લોકશાહી અને અમારી સરમુખત્યારી વચ્ચે બહુ ફેર નથી, હે!...શું કાઢે છે, બહેન! તારી થેલીમાંથી?

બ્રિટાનિયા : (ધીમેથી ગાંભીર્યપૂર્વક) ઍટમબૉમ્બ...બે બૉમ્બમાં તો જપાન જેવું જપાન ભાંગી ગયું...એ ધ્યાનમાં રાખીને વાત કરજે.

રશિયા : એના બે સામે અમારા ત્રણ ઍટમબૉમ્બ!

ચંદ્દા : સંહાર ઉપર આમ વિજય મેળવવો છે?

બ્રિટાનિયા : બીજી કઈ રીતે? યુદ્ધ અટકાવવા યુદ્ધ...

ચંદ્દા : એ તો ઘણાં ખેલ્યાં! હજી યુદ્ધ અટકાવતાં તમને—પશ્ચિમીઓને આવડ્યું નહિ.

અમેરિકા : ભય વગર પ્રીત ન હોય...રશિયા એ વગર સીધું નહિ રહે...

રશિયા : હું પણ એ જ કહું છું...ભય તો મેં એવો ફેલાવ્યો છે કે બ્રિટાનિયા-અમેરિકાના અણુ અણુ થરથરી રહે છે, મારુ નામ સાંભળતાં!

ચંદ્દા : યુદ્ધ અટકાવવું હોય, સંહાર ઉપર વિજય મેળવવો હોય તો અમારે માર્ગે ચાલતાં કેમ નથી?

અમેરિકા : તમારે માર્ગે?

ચંદા : હા. અહિંસાને માર્ગે, પ્રેમને માર્ગે !

રશિયા : એટલે ?

ચંદા : બુદ્ધે અને ગાંધીએ બતાવેલા માર્ગે ! જેમાં હિંસા નહિ, યુદ્ધ નહિ અને શસ્ત્ર નહિ.

રશિયા : એ હિંદનો રસ્તો ? પેલું ધાર્મિક ધતિંગ...ઈશ્વર ઉપર આસ્થા...અંતરનો અવાજ...હૃદયપલટો...એ બધું ને ?

અમેરિકા : સુધરેલાં રાષ્ટ્રો–સુધરેલી પ્રજાઓ એ અનૈતિહાસિક મધ્યકાલીન અશાસ્ત્રીય માર્ગે કદી પાછાં ડગ ધરે જ નહિ.

ચંદા : હજી તો એ માર્ગને ઐતિહાસિક બનાવવાનો છે, અદ્યતન અને ભાવિનો પ્રકાશ એને બનાવવાનો છે. અશાસ્ત્રીય તો... જે હિંસામાં ધકેલે એ બધું જ અશાસ્ત્રીય !

રશિયા : અમે ક્યાં અમારે હાથે હિંસાને નોતરીએ છીએ ? અમારા વિરોધીઓ વાપરે એ અમારાં શસ્ત્ર ! અમે સિદ્ધિમાં માનીએ, સાધનમાં નહિ.

અમેરિકા : અમારો પરોપકાર તો અમને ચાર મુક્તિની સિદ્ધિ તરફ લઈ જાય છે...

રશિયા : ઓહો ! ધર્મનો અંચળો હજી અમેરિકાને ઓઢવો છે ?... આખી છેતરપિંડીની કળાનો ઈજારો રાખનાર, ઓ બહેન ! એ કઈ તારી ચાર મુક્તિ ?

અમેરિકા : એ સાંભળીશ તો તું તારો નાસ્તિકવાદ છોડી દઈશ. હું માનવજાતને ચાર મુક્તિઓ અપાવવા સજ્જ બની રહી છું...

બ્રિટાનિયા : અને તેમાં મારી સંપૂર્ણ સામેલગીરી છે...એક તો માનવજાતની ગરીબીમાંથી મુક્તિ ! પૃથ્વીના પડ ઉપર કોઈ માનવી ભૂખ્યોતરસ્યો ન રહે એ અમારી પ્રથમ મુક્તિયોજના.

ચંદા : માટે અમેરિકા અમને ભૂખ્યાંને અનાજ આપતાં ટળવળાવે છે અને વધારાના ઘઉં દરિયામાં ફેંકી દે છે, એમ ?

અમેરિકા : સ્વાતંત્ર્ય મળ્યા પછી મૂંગી ભારતીની જીભ વધી ગઈ લાગે છે...પૂરું સાંભળ તો ખરી ?

બ્રિટાનિયા : બીજી મુક્તિ રોગમાંથી ! રાઈરોગ રહે નહિ અને રહે તો સહુ તેની સારવાર પામે, એ અમારી બીજી યોજના.

અમેરિકા : ત્રીજી મુક્તિ અજ્ઞાનમાંથી...અને ચોથી બેકારીમાંથી...

ચંદ્રા : તે કોણ બેવકૂફ આનો વિરોધ કરે ? પછી આ ઝઘડો શાનો ?...વીજળી ? ક્યાં ગઈ ?

[વીજળી આવે છે.]

વીજળી : આટલામાં જ હતી...પેલા બ્રહ્મચારીની એક આંખ મારી સામે મીંચાયા જ કરે...એટલે મારા મનમાં કે એની આંખ દુઃખવા આવી હશે. લાલ દવાનાં બે ટીપાં એની દુઃખતી આંખમાં નાખું...

ચંદ્રા : તે નાખ્યાં કે નહિ ?

વીજળી : પેલો સૈનિક વચ્ચે આવ્યો. એણે તો મારી સામે જે આંખ મીંચી તે ઊઘડે જ નહિ ! મને લાગ્યું કે એ કોઈ યુદ્ધમાં કાણો બની ગયો હશે...રાણા સંગની માફક...

ચંદ્રા : ચાલ ચાલ, ઝડપ કર ! આપણે એક ગોળમેજ ગોઠવી દઈએ અને આ મહાન રાષ્ટ્રબહેનો ભેગી થઈ છે તો એ છૂટી ન પડે એમ કરીએ.

[ચંદ્રા અને વીજળી એક ગોળમેજ અને ખુરશીઓ લાવી મૂકે છે.]

બેસો !...

[ચારે બેસે છે; જર્મની અને વીજળી બાજુએ ઊભી રહે છે.]

ચારે મુક્તિમાં જો વિરોધ ન હોય તો...હવે વાંધો ક્યાં છે ?

અમેરિકા : વાંધો એક જ ! આ રશિયા જુદું માનસ ઘડવા મથી રહી છે. એ તજીને અમારે પગલે ચાલે એટલે...

રશિયા : પગલે ? અને તે તમારે ?... જે પગલાં ભૂગર્ભમાં રહેલા ગુંડાઓની દોરીએ પડે છે તે પગલે અમારે ચાલવાનું ? છૂપી

ગુંડાગીરી કરતાં અમારી ખુલ્લી સરમુખત્યારી ખોટી નથી.

બ્રિટાનિયા : કહો હવે. છે અમારો કશો યે વાંક? રશિયાને તો વઢવું જ છે...

અમેરિકા : ભલે! વઢવામાં કોણ જીતશે એ તો દુનિયાએ સમજી જ લીધું છે.

[ ઍટમબૉમ્બ કાઢી મેજ ઉપર મૂકે છે. ]

રશિયા : એ તો મારી પાસે પણ છે...

[ થેલીમાંથી બૉમ્બ કાઢવા જાય છે. ]

ચંદ્રા : થોભો, બહેનો! બૉમ્બનાં પ્રદર્શન ભયે માનવમુક્તિ નહિ સધાય...માનવમુક્તિ સાધવી હોય તો શસ્ત્રમાત્રને ફના કરો...

[ સૈનિક ફરતો હોય છે તે આવે છે. ]

સૈનિક : કોણ શસ્ત્રને ફના કરવાની વાત કરે છે...અમે શસ્ત્રધારીઓ ઊભા છીએ છતાં?

ચંદ્રા : હું એ વાત કરું છું...હું! ભારતનું પ્રતિનિધિત્વ ધરાવતી એક સ્ત્રી!

સૈનિક : એ નહિ બને. બીકણ સ્ત્રીને શસ્ત્રની વાત ન સમજાય. રાજકીય અકસ્માતે ભારતને વગર શસ્ત્રે સ્વાતંત્ર્ય આપ્યું એનો ઘમંડ રાખી નિઃશસ્ત્રપણાની નિર્બળ વાત ભારતે કદી ન કરવી. એને કોઈ માન્ય રાખશે જ નહિ.

અમેરિકા : આપણાથી સૈનિકને તો અપ્રસન્ન ન જ રખાય.

બ્રિટાનિયા : હું પણ એમ જ માનું છું...સૈનિક એ આપણું સાચું રક્ષણ છે.

વીજળી : સ્ત્રીઓ સામે એક આંખે શસ્ત્રો ફેંકતો સૈનિક આપણું રક્ષણ કરશે?—જેને એક પાસ રુધિર, બીજી પાસ મદિરા અને ત્રીજી પાસ મદિરાક્ષી જોઈએ, એ સૈનિક?

સૈનિક : આ સ્ત્રીની જીભ ઉપર અંકુશ મુકાય તો?

વીજળી : જગતની આંખ સામે કોઈ શસ્ત્રધારી જોઈએ જ નહિ

...જો સંહાર ઉપર માનવતાએ વિજય મેળવવો હોય તો... હું અને ચંદ્રાબહેન એ પયગામ લઈને નીકળ્યાં છીએ.

બ્રિટાનિયા : ખુરશીગોલકની બહાર ઊભેલાં માનવીઓને અહીં બોલવાનો હક્ક જ નથી.

અમેરિકા : અને...સૈનિકને અમે નારાજ ન કરી શકીએ.

રશિયા : અમારે ત્યાં તો એકેએક પુરુષ અને એકેએક સ્ત્રી સૈનિક છે...અમે તો શાંતિને પણ મોરચાને સ્વરૂપે ઓળખીએ, સંસ્કારને પણ મોરચાને સ્વરૂપે ઓળખીએ...

વીજળી : બહેન ! આ પ્રજાઓના ઝઘડા પણ આપણી કોન્સર્ટવાળી બહેનોના ઝઘડાઓનો જ પડઘો લાગે છે. ઘરના ઝઘડા મટે તો શેરીના ઝઘડા મટે, શેરીના ઝઘડા મટે તો ગામના ઝઘડા મટે, ગામના ઝઘડા મટે તો દેશના મટે અને...

ચંદ્રા : આ છોકરી સ્ત્રીજીવનનું સાચું પ્રતિનિધિત્વ ધરાવે છે. એને હક્ક હોય કે ન હોય છતાં એ કહે છે એ મને સાચું લાગે છે, સંહાર ઉપર વિજય મેળવવો હોય તો સંહારનાં સાધનોને બાળી મૂકો...પહેલાં જ. પછી બીજી વાત.

અમેરિકા : પણ તે આ સૈનિક માનશે ?

વીજળી : નહિ માને તો એનાં શસ્ત્રો છીનવી લેવાશે...

રશિયા : એ માટે પણ શસ્ત્રો જોઈશે !

વીજળી : સ્ત્રી સદા ય શસ્ત્રસજ્જ છે...

સૈનિક : ( હસે છે ) હા...હા...! પુરુષ વગર કોઈ સ્ત્રીને ચાલ્યું છે ? ...અને આ જૂના જંગલીપણા તરફ ઘસડતી ભારતીય સ્ત્રીને જે સાંભળશે તે પોતાને માથે જોખમ વહોરશે. હું તો કહું છું...ઉઠાવો તલવાર ! જગતના સુખ કાજે, માનવતાની મુક્તિને કાજે ! એ હિંદવાણી તો રોગિષ્ટ માનસ ધરાવે છે...

[ સૈનિક તલવાર ખેંચે છે અને તે સાથે જ બે

હાડપિંજરો અદશ્યમાંથી ઊભાં થઈ આગળ આવતાં સહુને ડરાવે છે.]

વીજળી : જૂનું જંગલીપણું ? નવા જંગલીપણા આગળ પાણી ભરે છે ? વાહ વાહ ! નવીનતાનાં આ સાચાં પ્રતિબિંબ !... કોણ છો તમે ?

૧ લું હાડપિંજર : હું રોગ છું, મહામારી છું, છૂંદીછૂંદી પીંખી-પીંખી માનવીને મારતું હું મોત છું...હા...હા...!

[ હસે છે. ]

૨ જું હાડપિંજર : અને હું છું ભૂખમરો ! બધી અવ્યવસ્થાનો સરવાળો ! જ્યાં જ્યાં સંહાર, જ્યાં જ્યાં યુદ્ધ, ત્યાં ત્યાં અમે બંને આબાદ !

૧ લું હાડપિંજર : બીજાં પણ ભૂત, પ્રેત, પિશાચ, ડાકણ, શાકણ અમારી પાછળ આવે છે...શસ્ત્ર પાછળ અમારું સ્થાન... પછી એ શસ્ત્ર તલવાર હોય કે ઍટમબૉમ્બ !

૨ જું હાડપિંજર : ઉડાડી જુઓ તમારા ઍટમબૉમ્બ ! એ ખોરાક ઉપર તો અમે અમર થઈશું...અરે કોઈ પણ શસ્ત્ર વાપરો ને ! અમને બધું ખપશે.

જર્મની : શસ્ત્રો પાછળ આ રાક્ષસોનાં સ્થાન ?...પણ શસ્ત્રો ફેંકીશું તો રક્ષણ ક્યાંથી મેળવીશું ?

વીજળી : રક્ષણ ? શસ્ત્રે કદી રક્ષણ આપ્યું છે ? કેટલાં શસ્ત્રો ધારણ કર્યાં ? કેટલાં શસ્ત્રો વાપર્યાં ? છતાં આ ક્ષણે આ ભૂતથી કોણ આપણું રક્ષણ કરે એમ છે ?

ચંદ્રા : બોલાવો આગળ પેલા સૈનિકને ! એનાં શસ્ત્ર આપણું રક્ષણ કરશે ને ?

[ બંને ભૂત ખડખડ હસતાં નાચે છે. ]

સૈનિક : હું તો, ભાઈ ! માનવી સાથે લડું...ભૂત સાથે લડવાની

તાલીમ અમને મળી નથી...માનવી લાવે. ભૂતથી તો મારે ભાગવું પડશે...!

વીજળી : શસ્ત્રોની હોળી કરો ! શસ્ત્રોનો યજ્ઞ કરો ! નહિ તો પેલાં ભૂત માનવ જાતને ખાઈ જશે.

[ સૈનિકના હાથમાંથી શસ્ત્ર પડી જાય છે. બોમ્બ ગબડી ભડકો થાય છે. ભડકામાંથી એક શક્તિ પ્રગટે છે. જેના હાથમાં પુષ્પપુંજ હોય છે. ]

શક્તિ : બલવારનો યજ્ઞ થયો; શાસ્ત્રોની હોળી પ્રગટી. હવે માનવ-જાત માટે શતં જીવ શરદ : ।

[ પુષ્પ ઉછાળે છે. ]

વીજળી : પણ અમારો મુદ્રાલેખ ? માનવીનો મહામંત્ર શો ?

શક્તિ : ॐ શાન્તિ : શાન્તિ શાન્તિ: ।

[ આખું દૃશ્ય સમેટાય છે. ]

# પ્રવેશ ત્રીજો

ચંદા : શું સ્વપ્ન? બાપ રે!...શાનું આ પરિણામ?...વીજળી એક ગ્રામકન્યા! એની જમીન–એના પિતાની જમીન મારા પિતાએ લીધી કે ઝૂંટવી. એની ઝૂંપડી તૂટી અને અમારો બંગલો ત્યાં બંધાયો. એ આખું કુટુંબ મિત્ર હતું તે નોકર બન્યું, દુશ્મન બન્યું, અને લુપ્ત થઈ ગયું! એક વીજળી બચી. દાસીમાંથી એને સખી બનાવવાનો પ્રયોગ આદર્યો અને બદલામાં વીજળી મને નિત્ય અવનવી ફિલસૂફી આપતી જાય છે...એ ફિલસૂફી મને સંહારના વિજય સુધી ઘસડી લાવી... પણ શસ્ત્રયજ્ઞ થાય કેમ? કરે કોણ?

[ વીજળી પ્રવેશ કરે છે. ]

વીજળી : શું શોધો છો, બહેન! પ્રભાતની ઠંડીમાં?

ચંદા : મારું એક સ્વપ્ન!

વીજળી : સ્વપ્ન! એ તો વિખરાવાને સર્જાયલાં! એ એક વાર આવ્યા પછી જડે ખરાં? હું પણ સ્વપ્નને પકડતાં પકડતાં જાગી ગઈ.

ચંદા : શું હતું તારું સ્વપ્ન?

વીજળી : શસ્ત્રોની હોળી થઈ અને એક શક્તિ પ્રગટી શસ્ત્રધારીઓને શાન્તિપૂજન શીખવી ગઈ.

ચંદા : મને શ્રદ્ધા છે કે એ શક્તિ જડશે...સ્ત્રીઓએ તો શસ્ત્ર-સંન્યાસ લગભગ સ્વીકાર્યો જ છે. પુરુષોને કેમ મનાવવા? શસ્ત્રને એ પુરુષ જ પકડી રાખે છે...આખા વિશ્વમાં.

વીજળી : પુરુષોને મનાવવાના બે રસ્તા...બન્ને સ્ત્રીઓના જાણીતા

...પુરુષને પટાવવો અને ન સમજે તો એની સાથે કટ્ટા કરવી.

ચંદ્રા : જગતભરનું સ્ત્રીત્વ પુરુષ સાથે–જગતને દોરતા પુરુષ સાથે એક વિરાટ કટ્ટા કરે તો?...એ જ...અસહકાર! યુદ્ધને વિચારનાર, સંહારને આવકારનાર, શસ્ત્રને સજનાર અને સજાવનાર પુરુષનો વિશ્વવ્યાપી અસહકાર!

વીજળી : એ વગર સંહાર ઉપર વિજય ન મળે! હવે સ્ત્રીનો નવો ઇતિહાસ રચવા દઈએ.

ચંદ્રા : હા. અને પછી તો...

[ કવિ અને નૃત્યકાર આવે છે. ]

કવિ : જય જય!

નૃત્યકાર : જય જય!

ચંદ્રા : પધારો, ભાઈ! કેમ આવવું થયું?

કવિ : આપને તો યાદ હશે જ! ઘવાયલા સૈનિકોની સહાય અર્થે જલસો આપણે ગોઠવ્યો હતો તે!

નૃત્યકાર : શું યુદ્ધનૃત્ય ગોઠવ્યું છે...!

[ સહજ તાંડવઠમકો બતાવે છે. ]

વીજળી : આ તમારું ધડિમ્ ધિમ્ ધિમ્ અમને ન ખપે. યુદ્ધનું નામ હોય ત્યાં અમારો શ્વાસ પણ નહિ!

કવિ : પછી તો આખો વીરરસ મરી જશે...આ અહિંસાએ આપણો ઘાણ કાઢી નાખ્યો...મેં જે કાવ્યરચના કરી છે અને આ શિશિરે જે નૃત્યરચના કરી છે...વાહ! વાહ!

વીજળી : માણસ મરે, માણસાઈ મરે, એના કરતાં તમારો વીરરસ ભલે મરતો...અહિંસા વગર પણ તમે ક્યાં ઓછો ઘાણ કાઢો છો?

[ બ્રહ્મચારી આવે છે. ]

જય જય, ધર્માત્મા!

સાધુ : (ચંદ્રાને) અન્નક્ષેત્ર માટેનું નાટક ગોઠવાઈ ગયું...આજ ભજવણી છે...પ્રમુખસ્થાન નક્કી છે...આ તમારી સખીને પણ...

વીજળી : સખી–સખામાં બહુ મન અને આંખ ન રાખતાં, બ્રહ્મચારીજી! નાટકમાં તો ઠીક...એક શરતે આવીએ. નાટકમાં લડાઈ ન હોય, ઝઘડો ન હોય, શસ્ત્રઅસ્ત્ર ન હોય...

સાધુ : અરે, એ વગર તો નાટક શોભે જ નહિ...રચાય નહિ... પૂછો આ કવિને.

ચંદ્રા : અમે બન્ને જણે નિશ્ચય કર્યો છે...પુરુષો સાથે અસહકારનો.

કવિ : કાંઈ કારણ? પુરુષોનો કાંઈ દોષ?

વીજળી : હા જી! પુરુષો જેમાં તેમાં આગેવાન બની બેઠા છે. એમને કશું આવડતું નથી. એમને આગેવાનીમાંથી ફેંથલાવી પાડવાના છે.

બ્રહ્મચારી : એ કેમ કરી શકશો તમે બે જ જણ?

ચંદ્રા : જગતભરની સ્ત્રીઓને હું આદેશ આપવા નીકળું છું; જ્યાં સુધી ચતુર્વિધ મુક્તિ ન મળે ત્યાં સુધી પુરુષરચિત વ્યવસ્થાનો અસ્વીકાર અને પુરુષમાત્રનો અસહકાર.

કવિ : આ વળી નવી ઘેલછા...પુરુષ વગર કોઈ સ્ત્રીને ચાલ્યું છે?

વીજળી : પૂછો જરા પુરુષને...સ્ત્રી વગર એને કદી ચાલ્યું છે? સ્ત્રી છે માટે જ માનવીમાં સંસ્કાર છે, માનવતા છે.

કવિ : પુરુષ નહિ માને તો?

ચંદ્રા : તો સંહારમાં કેન્દ્રિત થતી માનવજાત નાશ પામશે. સંહાર શોધતી માનવજાત સ્ત્રીઓને હવે ન ખપે. સ્ત્રીઓને ચંડી બનતાં નહિ આવડે એમ ન માનશો.

વીજળી : અરે બહેન! એમ થાય એવો સંભવ જ નથી. શક્તિનું વરદાન છે કે પુરુષ સ્ત્રી સામે કદી થઈ શકે જ નહિ...મારા સ્વપ્નામાં એ મેં જોયું.

કવિ : શું જોયું સ્વપ્નામાં?

વીજળી : એ તો પુરુષ જ પગે લાગશે, કાન પકડશે, નાકલીંટી તાણશે...અરે, કોકીમડાં ખાશે...પણ સ્ત્રીને મનાવ્યા વગર રહેશે જ નહિ...

સાધુ : પુરુષ તો પતિ છે...રક્ષણહાર છે...જેવું ઘરમાં તેવું વિશ્વમાં ...જુઓ જુઓ, બહેન! શક્તિ સમક્ષ હથિયારની હોળી કરી ઊભેલો પુરુષ...કહ્યા વગર એ માને જ નહિ ને!

વીજળી : બધાં પુરુષનાં નામ-વિશેષણ હવે બદલી નાખો; પતિ, નાથ, ભર્તા હવે જોઈએ!

[ એક દેવી સમક્ષ હથિયારનો ઢગલો કરી પુરુષ સાષ્ટાંગ નમન કરતો દેખાય છે. ]

ચંદા : એ જ નૂતન શક્તિનો સંભવ! હવે શસ્ત્ર રહિત માનવતા! સાચી વિશ્વશાન્તિ! સ્ત્રીના અસરકારની એ કલ્યાણકારી અસર!

[ અવકાશમાં ઘંટનાદ સહ સંગીત ફેલાય છે. ]

[1] જયતિ જયશક્તિ સંવાદિની સંગીતા
ઘોર અંધારમાં ચંદ્રિકા તું!
શાન્તિ-સુખ શ્રેય કલ્યાણ વરદાયિની
સંસ્કૃતિ-સ્રોતની નાવિકા તું!
ગહન ભવતારિણી, માલિણી વનવને
ઉપવને કુંજ બગીચે વિરાજી,
જીવન સરજાવી પરિમલ ફુવારા રચી
ખેલી ખેલાવજે રંગબાજી...

[ સાધુ માનપૂર્વક દૃશ્ય નિહાળે છે અને ધીમે ધીમે દૃશ્ય સમેટાય છે. ]

---

૧. પ્રભાત બિલાવલ રાગ.

# રસતરંગ

## વસ્તુ

જડના પાર્થિવતા, બર્બરપણામાંથી આગળ વધી સંસ્કાર-ભૂમિકાએ પહોંચતા માનવજાત રસનો સ્પષ્ટ અનુભવ કરે છે. માત્ર શિકારીની પોષણ કેન્દ્રિત અવસ્થામાંથી આગળ વધતાં પ્રેમ, હાસ્ય, કરુણા, વિસ્મય—અદ્દ્ભુત અને અંતે શાન્ત રસનો અનુભવ કરતી માનવભૂમિકાનું આ નાટિકામાં સૂચન છે.

સનાતન યૌવનનાં પ્રતીક સરખાં યુવક યુવતી એ આ નાટિકાનાં નાયકનાયિકા; આભાસ—રસાભાસ એ પ્રતિનાયક.

નાયક-નાયિકાને નામ આપ્યાં છે રસેન્દુ અને લીલા. રસાભાસ એટલે વિશુદ્ધ રસનું સ્ખલન કરવા ઇચ્છતો રસનો આભાસ. એનું નામ ટૂંકાવી આભાસ રાખ્યું છે.

જીવનમાં વિવિધ રસનો સ્વચ્છ અનુભવ એ માનવજાતનો સંસ્કાર. નાના મોટા સહુનો એ અનુભવ. રસ જેટલો જ રસભાસ પણ. વ્યાપક. સાચો રસ ઓળખવામાં એનું પણ નિશ્ચિત સ્થાન છે. રસાનુભવ આપણા નાનકડા જીવનવર્તુલમાં જ થયા કરે એક પેઢી અને બીજી પેઢીના સંઘર્ષનું પ્રતીક રૌદ્ર રસમાં વિકસતું અહીં કલ્પ્યું છે.

સળંગ પણ ઝીણો વાર્તાતંતુ નાટિકામાં યોજ્યો છે, જેમાં યુવક-યુવતી રસેન્દુ અને લીલા—ના રસસ્પર્શ અંગે થતા આઘાત-પ્રત્યાઘાતનું નિરૂપણ કર્યું છે. પ્રેમ એ જીવનને દોરનારું તત્ત્વ. એ શૃંગાર એ શૃંગારમાંથી શાંત રસ સુધી પહોંચતાં માનવીના ભાવ-અનુભવ બને એટલા આ નાટિકામાં વણવા પ્રયાસ કર્યો છે. માતા-પિતા અને પુત્ર-પુત્રી વચ્ચેનાં ઘર્ષણ જાણીતાં છે—ખાસ પ્રેમપસંદગી અંગે. એટલે રૌદ્ર રસને—રુદ્રને લીલાના પિતા તરીકે આ નાટિકામાં કલ્પ્યો છે.

પ્રત્યેક રસનાં સ્વરૂપ, લક્ષણ અને અધિષ્ઠાતા દેવ આપણા પ્રાચીન સાહિત્યવિવેચનમાં નક્કી થયાં છે. બને ત્યાં સુધી એને અનુસરી રસના પ્રતિનિધિ દેવને નાટકમાં પ્રવેશ કરાવ્યો છે.

## સ્થળ

જુદાં જુદાં રસદર્શન હોવાથી રસાનુકૂળ સ્થળ આખી નાટિકા વાંચીને યોજી શકાય.

## સમય

અનિશ્ચિત વાતાવરણ ઉપજાવતો કોઈ પણ સમય–રાત્રિ કે દિવસનો.

## સૂચન

કલ્પનાપ્રધાન નાટિકા હોવાથી રંગભૂમિની સગવડ અનુસાર નાટિકા ભજવી શકાશે. જે તે રસનું પ્રગટીકરણ પુષ્પમાંથી થાય છે. એમ કલ્પ્યું છે. છતાં તે બીજી સુયોગ્ય રીતે કરવામાં આવે તો હરકત નથી. પુષ્પરચના ન થાય તો પાત્રનો પ્રવેશ નેપથ્યમાંથી પણ થઈ શકે. બગીચા, ફુવારા વગેરે દૃશ્યો સ્વતંત્ર ન રચાય તો એકાદ સૂચક પડદો એ બધાંને આવરી લેશે. ગીતના રાગ પણ અનુકૂળતાએ બદલવામાં હરકત નથી.

# પાત્રો

રસેન્દુ : રસની અસર ઝીલતો યુવક—સ્વચ્છ પુરુષયૌવનનું પ્રતીક.
લીલા : રસની અસર ઝીલતી યુવતી—સ્વચ્છ સ્ત્રીયૌવનનું પ્રતીક.
આભાસ : રસ નહિ, પરંતુ રસના ભ્રમને ઝીલતો યુવક—રસને ભૂલ ભરેલી રીતે જીવનમાં ઉતારતા માર્ગભૂલ્યા યૌવનનું પ્રતીક.
શૃંગાર : શૃંગાર રસના અધિષ્ઠાતા દેવ—કામદેવનું સ્વરૂપ.
રતિ : શૃંગાર રસનું સ્ત્રીજોડકું—કામદેવની પત્ની. શૃંગાર અને રતિ એ જોડકા વગર સાચો પ્રેમ—શૃંગાર ઉદ્‌ભવે નહિ.
પ્રમથ : હાસ્ય રસનો અધિષ્ઠાતા પ્રમથ ગણ.
વીર : રસનો અધિષ્ઠાતા—ઇંદ્રનું સ્વરૂપ.
મહાકાલ : બીભત્સ રસનો અધિષ્ઠાતા—અણગમો ઉપજાવે એવું જેનું સ્વરૂપ છે તે—યમનું સ્વરૂપ અપાય અગર હાડપિંજરની સૂચના કરતું સ્વરૂપ.
રુદ્ર : રૌદ્ર રસનો અધિષ્ઠાતા—શંકરનું ઉગ્ર સ્વરૂપ—આ નાટિકા માટે યુવતી લીલાનો કલ્પેલો પિતા.
વરુણ : કરુણ રસનો અધિષ્ઠાતા—માર્દવ અને રુદન સૂચક દેવ.
ગંધર્વ } અદ્‌ભુત રસનાં અધિષ્ઠાતા—શૃંગારની માફક જોડકે જ
અપ્સરા } રહેનારાં—વિસ્મય ઉપજાવે એવા સ્વરૂપવાળા.
શમ : ધર્મ—શાન્ત રસનો અધિષ્ઠાતા—કલ્યાણકારી દેવ કે મુનિ સ્વરૂપ.

## દૃશ્ય

સુંદર ફુવારાઓથી સુશોભિત બગીચો. અદૃશ્ય વાંસળી અને વૃંદવાદન–વચ્ચે આછું સંગીત.

[ચર્મવસ્ત્રધારી હથિયારસજ્જ એક યુવક અને એક યુવતી પ્રવેશ કરે છે–પરસ્પર સામે જુએ છે. એવો જ એક યુવક સંતાઈ છૂપાઈ બન્નેને નિહાળે છે અને અદૃશ્ય થાય છે ]

ાકાશવાણી : હવે માનવીના હૃદયમાં–માનવીના જીવનમાં રસ પ્રગટ થાઓ.

[સૂચક રંગોનાં પુષ્પોમાંથી એક પછી એક રસ પ્રગટ થવા માંડે છે–પ્રથમ કૃષ્ણરાધા સરખાં શૃંગાર અને રતિ પ્રગટ થાય છે.]

રસેન્દુ : આખી સૃષ્ટિને આનંદમય, ઊર્મિમય, એકાગ્ર બનાવી દેતો હું રસરાજ શૃંગાર. લીલા–વિલાસ–હાવભાવ અને લાલિત્ય વેરી હું માનવજડતાને રસિકતાનો ફુવારો બનાવી દઉં છું.

લીલા : એકલા યુવકને જ ઓળખો છો? તમારી સૃષ્ટિમાં કોઈ સ્ત્રીતત્ત્વ જ નથી શું?

રતિ : હું શૃંગારના સાથમાં છું ને! મને ના જોઈ તેં? મારા વગર શૃંગારનું અસ્તિત્વ જ નથી. જોડ વગર જીવ નહિ.

શૃંગાર : અમારું અસ્તિત્વ જ યુગલરૂપે. રતિ વગર શૃંગાર જ

નહિ. આવો બન્ને સાથે આવો અને અમારા બન્નેનો આશીર્વાદ મેળવો.

લીલા : એ આશીર્વાદનું ફળ કેમ સમજાય ?

રસેન્દુ : એ ફળ બન્નેમાં વહેંચાઈ જાય ત્યારે ?...

રતિ : શૃંગારનું માહાત્મ્ય, એ બે વગર એનું અસ્તિત્વ નહિ... અને જેમ રસાનંદની લૂંટલહાણ વધારે તેમ તેમ એ વધ્યે જ જાય. જુઓ, જુઓ ! આખી સૃષ્ટિ શૃંગારનું રસપાન કરી રહી છે.

[ એક એક યુવક અને એક એક યુવતીનું રાસમંડળ અદૃશ્યમાંથી રચાય છે અને ગીતરાસ શરૂ થાય છે ]

ગરબો

**૧ નર્તન ડોલન રૂમઝુમ પગલે**
**રસભર રમીએ રાસ, સાજન,**
**નવલ નવીન અટપટ થેઈકારે**
**રચીએ જીવનપ્રાસ, સજની**

**આવો ચંદા, તારક વૃંદા,**
**મૂકવદન, મરકલડાં મંદા,**
**અગમ્ય ગુંજન પડછંદા**
**ઉભરે અવની અવકાશ...નર્તન૦**

**વૃક્ષ ઝૂલે, ઝૂલતી વેલડીઓ,**
**સાગર સરિતાની બેલડીઓ**
**નટનટી ઘેલડી, રમતી લાસ્યે,**
**અનુપમ લલિત વિલાસ...નર્તન૦**

---

૧ બિહાગની ધુન

પ્રાણપુરાણ પપૈયો ઝંખે,
દેહતણા અણુ અણુ મેં ડંખે,
યુગલ રાસમાં આવી સમાવે
યૌવનભરની પ્યાસ...નર્તન૦

[ રાસ પૂરો થતાં ક્ષણભર અંધકાર છવાય છે. રાસધારીઓ અદશ્ય થાય છે. યુવક અને યુવતીનાં ચર્મવસ્ત્ર અને હથિયાર પણ અદશ્ય થાય છે, અને તેને સ્થાને સુંદર વસ્ત્રો દેહ ઉપર આપોઆપ ધારણ થઈ ગયેલાં હોય છે. ]

રસેન્દુ : વસ્ત્ર પણ બદલાયાં, હૃદય પણ બદલાયું, અને આખી સૃષ્ટિ શૃંગારરૂપ ધારણ કરી ઊભેલી દેખાય છે. એ શું બન્યું ?

લીલા : હું પણ એ જ અનુભવું છું. હૃદયમાં કંઈક રસસંચાર થયો અને બન્ને આંખ પલટાઈ ગઈ. તને હું જડ, જંગલી ગણતી હતી ! એકાએક તું બહુ રૂપાળો લાગે છે, આંખને ગમે એવો...

રસેન્દુ : એટલે હૃદયને પણ ગમે એવો ખરો કે નહિ ?

લીલા : તું તારા હૃદયને પૂછી જો ને ? પોતપોતાના હૃદય સાથે વાત કરીએ ! જો વળી !

રસેન્દુ : હૃદયમાં તારા સિવાય બીજું કશું વસતું જ નથી ! પ્રશ્ન માટે પણ હૃદયમાં જગા નથી.

લીલા : મારું હૃદય પણ તારાથી જ ઊભરાઈ રહેલું છે ! હવે ?

રસેન્દુ : આપણે જરા વધારે નજીક ન આવી શકીએ ?

લીલા : મારા પગ ઊપડતા નથી– આંખ પગ સામે ઢળી પડે છે –દેહમાં કંપ ઊપજે છે...તારા વિચારે !

રસેન્દુ : તો...હું આગળ ડગલું ભરું ? અને તારો હાથ પકડી લઉં ?

લીલા : તે...આમ પૂછી પૂછીને પગલાં ભરાતાં હશે, ખરું ?... પ્રેમમાં ? તારી સામે વળી કોણ જુએ !

રસેન્દુ : નહિ, નહિ. તું રિસાય એ તો હું ક્ષણભર પણ ન સહી શકું. જીવન ખાલી ખાલી બની જાય છે!

[ પાસે આવી યુવતીને ખભે હાથ મૂકે છે. લીલા રસેન્દુના હાથને ખસેડતી નથી. ]

લીલા : ખસી જા, દૂર! મને અડવાની જરૂર નથી!

રસેન્દુ : મને એ સિવાય બીજી જરૂર જગતભરમાં દેખાતી નથી.

[ હાથ પકડે છે. લીલા પોતાનો હાથ પકડવા દે છે. ]

લીલા : હં!

રસેન્દુ : તું કહે તો તારે પગે પડું!

[ ઘૂંટણ ઉપર બેસી જાય છે – યુવતીનો હાથ પકડી રાખીને ]

હજી પ્રસન્ન નહિ થાય?

લીલા : ( સહજ હસીને ) પણ કોણે કહ્યું કે હું પ્રસન્ન નહિ થાઉં? આમ પગે ન પડ...જેને તેને!

રસેન્દુ : ( યુવતીના બન્ને હાથ પકડીને ઊભો થતાં ) જેને તેને પગે કદી ન પડું!...તારે જ પગે – માત્ર!

[ અદૃશ્ય અટ્ટહાસ્ય સંભળાય છે ]

લીલા : ( હાથ છોડી દઈને ) કોણ આટલું બધું હસે છે?

રસેન્દુ : અને શા માટે? કોને હસે છે?

[ હાસ્યરસનો અધિષ્ઠાતા ગણ પ્રમથ વિચિત્ર વેશ ધારી, વિચિત્ર નૃત્ય કરતો, હસતો હસતો પ્રવેશ કરે છે – ગાતાં ગાતાં ]

પ્રમથ :

૧ માનવ કહું? કે વિચિત્રતાનું
અદ્‌ભુત સંગ્રહસ્થાન?

સર્જન કરનારે શું સર્જ્યું
વહાણુ વીણુ સુકાન ?
એક આંખમાં અશ્રુ વહેતાં,
અન્ય આંખમાં હાસ્ય,
પ્રાણીને પગ ચાર, માનવી
બે પગ કેરો દાસ.
એ માનવને હૈયે ઊછળે
બુદ્ધિ કેરા તોર,
બુદ્ધિ બળમાં ઊપજે ડાકુ
જલ્લાદો વળી ચોર.
ચાર દિવસની ચાંદની માંહે,
રાસ રમત ગુલતાન,
કાળ કરાળની ઝાળ પ્રજાળે
તો યે મન અભિમાન.
ભાઈ ભાઈને લૂંટી લેતો,
સ્રીદેહે નહિ સુત્ર,
મોજ માણવા યુદ્ધે હોમે
પત્ની જાયો પુત્ર.
પુચ્છ વિનાનો વાનર એ નર,
પંખી પાંખ વિહીન,
શ્[1]ંગ વિનાનો પશુ શું માનવ ?
ભૂત, પ્રેત કે જીન ?

હું કોને હસું છું ? શા માટે હસું છું ? તમને બંનેને હસું છું. મને આખી સૃષ્ટિ અને સૃષ્ટિમાં ચાલતી સઘળી પ્રવૃત્તિઓ હસવા જેવી લાગે છે માટે હસું છું.

---

૧ સારંગ.

રસેન્દુ : અમારી પ્રવૃત્તિમાં વળી હસવા સરખું શું લાગ્યું?
પ્રમથ : પુરુષ સરખો પુરુષ! આમ સ્ત્રીને પગે ઢળી પડે એના કરતાં વધારે હાસ્યજનક બીજું શું હોઈ શકે? ફરી પગે પડી જો! તને પોતાને હસવા સરખું લાગે છે કે નહિ?
રસેન્દુ : હું જીવનભર આ યુવતીને પગે પડવા તૈયાર છું! તેમાં હસવા જેવું શું લાગે છે?

[ નાટકી ઢબે બે ઘૂંટણ પર બેસી યુવતીના બન્ને હાથ પકડી નમનસૂચક મસ્તક નમાવી બેસે છે. ]

પ્રમથ : હા હા હા હા! ઓ સૃષ્ટિનાં સત્ત્વો! મને કહો કે પ્રેમીઓ સરખું હાસ્યપાત્ર દૃશ્ય બીજે ક્યાં જોવા મળે છે? હા હા હા હા!
લીલા : મને પણ આમાં હસવા સરખું કાંઈ લાગતું નથી.
પ્રમથ : સ્ત્રીને હસતાં આવડતું જ નથી. એ રડવાની કળામાં વધારે કુશળ હોય છે. એક યુવતીના હાથ પકડી એના પગ પાસે જીવનભર બેસી રહેનાર યુવક કરતાં વધારે હાસ્યપાત્ર બીજું કયું દૃશ્ય જોવા મળશે? યુવતી! તારે હસવું છે? એમ
લીલા : હસવા સરખું કાંઈ હોય તો હું હસું ને?
પ્રમથ : તારા હાથની વાત છે, તારા એક બોલની જ વાત છે, તારે હસવું હોય તો!
લીલા : કેવી રીતે?
પ્રમથ : આજ્ઞા કર આ યુવકને કે એ તારા પગ આગળ ઢળી પડે! નાક લીટીઓ કાઢે! સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી તારી ચરણ-રજ માથે ચડાવે! પછી તને હસવું આવે છે કે નહિ...
લીલા : કેમ?...મને હસાવવા આ બધું તું કરી શકીશ?
રસેન્દુ : હું અને તું બન્ને એકલાં હોઈએ તો એ બને. ત્રાહિતના દેખતાં નહિ...આટલી લાગણી બસ નથી?
લીલા : ( પ્રમથને ) જુઓ; સાંભળો! તમે કહો છો એ બધું જ કરવા આ યુવક તૈયાર છે!

પ્રમથ : એવી શરતી મંજૂરી ન જોઈએ. મારા દેખતાં મારે પગે આળોટે એવો યુવક મારે જોઈએ. આ પ્રેમ દેખાવનો છે માત્ર!...પ્રેમ! હા હા હા હા!...

રસેન્દુ : અમારી વચ્ચે આવી તમે શા માટે વિક્ષેપ પાડો છો?

પ્રમથ : વિક્ષેપ? તું જે શરત કબૂલ રાખતો નથી તેવી શરત માન્ય રાખનાર બીજો યુવક લાવીને હું રજૂ કરું તો?

લીલા : એમ? મારે પગે...સૌ દેખતાં પડે...આળોટે એવો યુવક તમે લાવી શકો છો?

પ્રમથ : એક નહિ—અનેક! હા હા હા હા!

લીલા : લાવો જોઈએ.........

[ પ્રમથ વિચિત્ર નૃત્ય કરી તાળી પાડે છે અને બીજો યુવક આવી હાજર થાય છે.]

પ્રમથ : ( બીજા યુવકને ) કહે, આ યુવતી તને ગમે છે?

આભાસ : હા, હા! મને કોઈ પણ યુવતી ગમે એમ છે—આ પણ...

પ્રમથ : એમ? તો તું એને પગે લાગ!

આભાસ : અરે હું એને દંડવત પ્રણામ 'કરું—જો એ મારાથી રાજી રાજી થતી હોય તો...

[ દંડવત પ્રણામ કરે છે. ]

પ્રમથ : હજી વધારે પ્રેમસાબિતી જોઈએ. તું આપી શકીશ?

આભાસ : બહુ સ્થળેથી પાછો પડ્યો છું. તો હવે પ્રેમમાં આગળ પડવા સારુ કહો તે કરવા તૈયાર છું.

પ્રમથ : ઊઠબેસ કરીશ?

આભાસ : અરે જરૂર! બે કાનપટ્ટી...

પ્રમથ : હાં હાં! જોજે, કોઈની કાનપટ્ટી પકડતો!

આભાસ : નહિ નહિ, મારી જ કાનપટ્ટી પકડી હું ઊઠબેસ કરું છું. એક...બે...ત્રણ...

[ પોતાના કાન પકડી ઊઠબેસ કરે છે ]

લીલા : ( હસતાં હસતાં ) બહુ સારું તો નથી લાગતું. પણ કંથ કહ્યાગરો હોય તો અનુકૂળતા ઘણી ! નહિ ?

પ્રમથ : જો; હું સ્ત્રીઓની એક સનાતન પ્રાર્થના તને સંભળાવું :

**રાંધણ સીંધણ, ચૂલાફૂંકણ, વલોણાગત જાણે,**
**એવો વર આપો રન્નાદે ! જે ઘમ્મર ઘંટી તાણે.**

લીલા : કેમ ? તમારા બેમાંથી કોણ આ પ્રાર્થના પ્રમાણે વર્તવા તૈયાર છે ?...હવે બસ ! ઊઠબેસ બંધ કર !

આભાસ : એમ ? ભલે ! પણ હું થાક્યો હો ! ચાલ, તારી પ્રાર્થના મંજૂર થઈ એમ માન.

લીલા : ( યુવકને ) તું કેમ કંઈ બોલતો નથી ?

રસેન્દુ : હું કંઈ પણ બોલવા તૈયાર નથી !

લીલા : આ બીજો યુવક મને જીતી જશે ત્યારે ?

રસેન્દુ : ચૂલા ફૂંકતો અને ઘંટી તાણતો યુવક કોઈ યુવતીને ભાગ્યે જ જીતી શકે !

પ્રમથ : વાહ, વાહ ! તારું શું એમ કહેવું છે કે રસોઇયા બધા કુંવારા જ રહેતા હશે ? લોટચક્કીવાળા બધા સાધુ જ બની જતા હશે ?

આભાસ : અને રસોઈ સરખી મહત્ત્વની બીજી કળા જ કઈ છે ? દુનિયામાં યુદ્ધ વગર ચાલે...ચિત્ર વગર ચાલે...સંગીત વગર ચાલે...રસોઈ વિના ચાલે નહિ જ નહિ; અને મને એ ઘણી જ સરસ આવડે છે. બોલ ! છપ્પન ભોગ એટલે શું ? ઢેબરાં શાનાં થાય ? કાળીરોટી કોને કહે ? કેમ, કેમ બોલતો બંધ કરી નાખ્યો !

રસેન્દુ : તો હું અહીંથી જાઉં છું. તારે માટે હું મરી શકીશ એટલું જ કહેવું બસ થશે !

આભાસ : આ લે ! બીકણનો સરદાર ! મરવું સહેલું છે – જીવને

જવાબદારી જાળવવી એ મુશ્કેલ છે–તને જતાં કોઈ જ રોકે એમ નથી.

લીલા : નહિ, નહિ. તું જ નહિ! મને વિચાર કરવા દે, પ્રિયતમ કોણ સારો ?

પ્રમથ : તને જે વધારે સગવડ આપી શકે તે! એમાં વિચાર શો કરવાનો ?

લીલા : સગવડ આપનારને જોઈ હસવું આવતું હોય તો ?

પ્રમથ : એના કરતાં વળી વધારે સારું બીજું શું હોઈ શકે? રડાવે એવા પતિ તો ઢગલાબંધ મળે છે! પત્નીને હસાવનાર પતિ તો 'સો લાખનમેં એક.'

લીલા : માત્ર હસાવનાર પ્રત્યે માન ઉત્પન્ન થતું નથી. ગમે તે સંજોગોમાં એ હસી શકશે? મને હસાવી શકશે? માન વગર સંબંધ ન બંધાય!

આભાસ : ગમે તે સંજોગોમાં હું હસી શકીશ અને હસાવી શકીશ!

પ્રમથ : પણ તે તારા પ્રત્યે માન ઉત્પન્ન થાય એવી ઢબે!

આભાસ : અલબત્ત! માન ઉત્પન્ન ન થાય એવો એક પણ સંજોગ હું ઊભો થવા દેતો જ નથી.

પ્રમથ : આપણે દોડવાની શરત મૂકીએ! ઘોડાદોડની માફક પતિદોડ પણ લાયકાતનો એક પુરાવો છે. બેમાંથી જે આગળ નીકળે એ વધારે લાયક. છે કબૂલ ?

રસેન્દુ : પ્રેમની અનેક શરતો સાંભળી છે...પણ (પ્રમથ તરફ જોઈને) આ સહુ કોઈને હસાવવા જ માગે છે!

આભાસ : નહિ, નહિ! એ શરત હોઈ શકે જ નહિ. એમાં તો માત્ર ભાગવાની શક્તિ જાહેર થાય......પલાયનશક્તિ ઉપર પ્રેમ કદી ન પરખાય. પ્રેમમાં પર્વત સરખો હું અડગ રહીશ ...વીર...ધીર...

[ આકાશમાંથી વાણી સંભળાય છે. ]

અવકાશ : કોણે મને યાદ કર્યો ?

[ એકાએક શસ્ત્રસજ્જ ઇંદ્ર સરખો વેશ ધારણ કરી 'વીર' રસ પ્રવેશ કરે છે અને શસ્ત્રનૃત્ય કરે છે, જેની સાથે ગીત ગવાય છે. ]

૧ શસ્ત્રધર, કવચધર, ધ્વજ ધરી ધીર ધર.
મોદભર આવી મેદાન માંડે !
સળગતી શક્તિ શું ઝૂમતો ઝબકતો
મેઘગર્જન સમી ત્રાડ પાડે !
ધરણી ધ્રુજાવતો, શંખ રણકાવતો,
અણુ અણુ વ્યાપ્ત કો વીજ વરસે !
ખડ્ગ ખણકાવી ખખડાવતો ખલ્કને
અડગ યુદ્ધે ધસે વીર હર્ષે !
ભય જતો ભાગી ટંકાર એનો સુણી
મેઘ વર્ષી રહે પુષ્પ ઝડીએ !
મૃત્યુ ભય પામી કરતું પલાયન સદા,
ધન્ય એ વીરની યુદ્ધઘડીએ !

પ્રમથ : બસ કર, ઓ મહારથી ! તને જોઈ હસવાને બદલે બધા યુદ્ધે ચઢશે !

વીર : તો મને યાદ કેમ કર્યો ? કોણે કર્યો ?

પ્રમથ : આ વીર પુરુષે તને યાદ કર્યો.

[ બીજા યુવકને દર્શાવે છે. ]

આભાસ : ખોટી વાત ! આપણે સીધે માર્ગે જનારા માણસ શસ્ત્રધારીઓ સાથે મને કાંઈ જ સંબંધ નથી...શસ્ત્રો સાથે પણ નહિ.

વીર : આવ ! તને શસ્ત્રો શીખવું......વીર તરીકેની તું નામના કાઢી શકાશ !

૧. શંકરા.

આભાસ : ના રે મહેરબાન ! આપણું ભારતવાસી રહ્યા. તેમાં યે ગુજરાતી ! ગાંધીજી આવ્યા તે પહેલાં કંઈક પેઢીથી અમે શસ્ત્રસંન્યાસ લીધો છે ! અહિંસાની શોધ માટે ગાંધીજીને નિરર્થક માન આપવામાં આવે છે ! ગુજરાતની પેઢી દર-પેઢીની એ મિલકત ગણાય...ગાંધીજીની નહિ ! શસ્ત્રની ગુજરાતમાં વાત ન કરવી... :

વીર : શાબાશ ! વગર શસ્ત્રનું વીરત્વ એનું નામ અહિંસા ! મારવાની તાકાત હોવા છતાં મરીને જીવવું એનું નામ અહિંસા ! વીર ! હું તને મુબારકબાદી આપું છું...

આભાસ : મારું નામ 'વીર' નહિ; મારું નામ 'આભાસ' છે. મરવા-મારવાનું નામ આપણી આગળ ન દેશો. એ વાત સાંભળી લીલા બહુ નારાજ થશે.

લીલા : હું શા માટે નારાજ થાઉં ? મને વીરત્વ ગમે છે – શસ્ત્ર સાથે અને શસ્ત્ર વગર પણ.....

આભાસ : એ વીર-બીરની પંચાત મૂકી દે. Safety first. જાતસલામતી એ જીવનનું આદ્ય સૂત્ર. શિર સલામત તો પાઘડી બહોતરી ! આ સ્થળ ભૂતખાનું લાગે છે...ચાલ મારી સાથે...હું સલામત સ્થળે તને પહોંચાડું...આવ મારી પાછળ !

પ્રમથ : હાથ પકડીને ખેંચ તો ખરો ? કે એ જોખમ પણ નથી લેવું ? હા હા હા હા !...

વીર : પણ આ છે શું ? શી રીતે આ ભૂતખાનું છે ? કોણ, શા માટે અહીં ભેગાં થયાં છે ?

પ્રમથ : વિશ્વનું મોટામાં મોટું સત્ય તે અકસ્માત ! નિત્યનો અકસ્માત તે માનવમિલન ! અને માનવમિલન એટલે મોટે ભાગે પ્રણય-ત્રિકોણ !

વીર : પણ અહીં તો ચતુષ્કોણ – પંચકોણ રચાયો છે. મને સત્ય કહો...હું મારા વીરત્વથી...

પ્રમથ : પેલા શૃંગારે બધું તોફાન ઊભું કર્યું છે ! રસેન્દુ અને

લીલા પ્રેમનાટક કરતાં હતાં. મને હસવું આવ્યું અને આ આભાસનો બોલાવ્યો ! હવે પંચાત એ પડી છે કે લીલા આ બેમાંથી કોની સાથે પ્રેમ કરે ?

વીર : એ બેમાં જે વીર હોય તેની સાથે !...વીર કોણ છે એ નક્કી કરીએ...લો હાથમાં શસ્ત્ર...જે જીતે એ વીર !

રસેન્દુ : હું તૈયાર છું. આભાસ શસ્ત્ર પસંદ કરે...લાઠી, તલવાર, જમૈયો કે પિસ્તોલ.

આભાસ : હાં...હાં...હાં...શસ્ત્રોનાં નામ દઈ મને અહિંસકને અભડાવો મા ! મારે સ્નાન અને ધ્યાન બન્ને કરવાં પડશે ! ...અને મહેમાન હશે તો ઉપવાસ અને મૌન...વધારામાં !

રસેન્દુ : વગર શસ્ત્રે પણ યુદ્ધ થઈ શકશે ! કુસ્તી, વજ્રમુષ્ટિ, બોક્સિંગ.

આભાસ : હિંસાનું નામ ન દો ! વિશ્વને વનવગડામાં ફેરવી નાખનાર, માનવીને ફાડી ખાનાર, પશુ બનાવનાર એ તત્ત્વ જેમ બને તેમ વહેલું નિર્મૂળ કરવા મેં કમર કસી છે.

પ્રમથ : હા હા ! કમર કસી રાખજે. તાકાત ત્યાંથી જ અદૃશ્ય થાય છે.

વીર : વીરત્વની પરીક્ષા માટે હિંસા જરૂરી નથી. રક્ષણ ન બનતી હોય એ હિંસા કોઈ પણ વીરને ખપે જ નહિ.

આભાસ : તો બીજી પરીક્ષા લો. નાહક મને વાગે કે આ રસેન્દુને વાગે ! અને એવા ઘવાયેલા બંનેમાંથી કોઈ પણ લીલાને ન ગમે તો પાછી પંચાત ને ?

પ્રમથ : કાંઈ હરકત નહિ. પ્રેમીઓની આ માનવ સૃષ્ટિમાં ખોટ નથી. પથ્થર જેટલા પ્રેમીઓ પગ તળે અથડાય છે......હા ...હા...પ્રેમ...પ્રેમીઓ...લીલા બીજા ડૅક પ્રેમીઓને શોધી શકશે.

વીર : નહિ ! પ્રેમીઓ એમ ન શોધાય. વીરત્વ વગર પ્રેમ નહિ; અને વીરત્વને જરૂરી ગણાય આત્મભોગ......પ્રેયસીને ચરણે મસ્તક કાપી મૂકવા કોણ તૈયાર છે......બેમાંથી ?

રસેન્દુ : હું તૈયાર છું......લીલા એથી રીઝતી હોય તો!

આભાસ : આ તો બધી મૂર્ખાઓની ટોળી ભેગી થઈ લાગે છે! લીલા! તું એમને સાંભળીશ નહિ. કપાયેલે માથે કોઈ પણ માનવી ભૂંડો લાગે; પછી એને વીર કહો કે ધીર. અને માથું કપાયા પછી પ્રેમ કે પ્રેમી રહે જ ક્યાં? રસેન્દુને માથું આપવું હોય તો ભલે આપે; હું તો મારું મસ્તક લીલાને ખાતર સજીવન રાખીશ. માથું કાપી આપનાર હું નહિ! બધા પ્રેમીઓ માથાં કાપવા માંડશે તો પ્રેયસી માટે કોઈ પ્રેમી જીવતો જ રહેશે નહિ.

વીર : મસ્તક ન આપો તો બીજી પરીક્ષા સૂચવું—સર્વસ્વનો કરી દો ત્યાગ લીલાને નામે!

રસેન્દુ : મારું સર્વસ્વ લીલાને ચરણે ન્યોછાવર કરું છું!

આભાસ : એ ભલે ન્યોછાવર કરે. કશે અડીશ નહિ, લીલા! જો, કપાયેલું મસ્તક કશા કામમાં નહિ આવે. ધડ અને માથું બંને ફેંકવા કે બાળવા ખાતે! એટલું જાણી લે કે રસેંદુ જેવા પ્રેમીઓના જીવનમાં રસપરપોટા વગર બીજું કાંઈ નથી. એને પાસે લઈશ કે પરપોટા ફૂટી જશે...અને તારે આવાં ભ્રમજાળાં લઈને કામ પણ શું? કંઈ નક્કર વસ્તુ માગ. હું આપું!

લીલા : નક્કર વસ્તુ? નક્કર વસ્તુ જીવંત હશે ખરી?

આભાસ : અરે જીવંત! રંગીન, બોલી ઊઠે એવી, ચમકતી, કિંમતી! અરે, અમૂલ્ય!

લીલા : જોઉં! એવું શું આપો છો?

આભાસ : આ મોતીની માળા! અલભ્ય મોતીની આ સેર! આવ, તારા કંઠમાં પહેરાવું!

લીલા : મોતી તો સારાં લાગે છે! જોઉં?

[લીલાના હાથમાં આભાસ મોતીની માળા મૂકે

છે. રસપૂર્વક તે નિહાળે છે! એકાએક બીભત્સ રસના સ્વામી મહાકાળ યમનું સ્વરૂપ ધારણ કરી પ્રગટ થાય છે અને સર્વ વસ્તુઓને તુચ્છ-કારતું–તિરસ્કારતું ગીતનૃત્ય કરે છે. ]

બીભત્સ :

*ઝગમગ ચેહ પ્રસારી રહે, ચિનગારી જલતી,
જલતી જલાવતી.
પ્રજલિત દેહ, દમન નિજ ડંખે,
કાજળ ધ્રુમ ઊડી શું ઝંખે?
અભિન્ન, મરણ જનનની રેષા
છલતી છલાવતી......ઝગમગ......
રૂપરંગ યૌવન બળવાને,
ચર્મમઢયાં અસ્થિ જળવાને,
યમને ફાંસે દુનિયા ઢળતી,
ઢળતી ઢળાવતી......ઝગમગ......

મહાકાલ : ફેંકી દે, ફેંકી દે! તારા હાથમાં શું ધરી રહી છે તું?

લીલા : કેમ? એ તો મોતી છે. સૌંદર્યનાં જાણે બુંદ!

મહાકાલ : છટ્! તને એ સૌંદર્યનાં બુંદ લાગે છે? મોતી એટલે શું તે ખબર છે?

લીલા : મોતી એટલે...મોતી. ચમકતું પાણીદાર જવાહિર. સુંદર કંઠની શોભા!

મહાકાલ : ચમકતું પાણીદાર જવાહિર? મોતી પાછળ મરજીવા બનતાં માનવીને ક્યાં કશી ખબર છે એમાં ચમકે છે કોઈ જીવંત પ્રાણીનું મોત! એમાં પાણી દેખાય છે? એ બીજું કશું નથી; પરંતુ એક જીવંત પ્રાણીનું ઠરી ગયેલું રોગવમન છે, રોગવમન? સુંદર કંઠની એ શોભા નથી; મોતે ઊભી

---

* ખમાચ—તરાનાંના રાહ

કરેલી એ કંઠમાળ છે! એને અડતાં તમને કમીકમી કેમ આવતી નથી?

લીલા : હાય, હાય! ઠરી ગયેલું મત્સ્યવમન એ મોતી?

મહાકાલ : હા! મત્સ્યના રોગિષ્ટ મોતની છાપ એટલે મોતી!

[ લીલા હારને હાથમાંથી સરી જવા દે છે ]

આભાસ : ફેંકીશ નહિ હારને! મોતીહાર ન ગમતો હોય તો... લે...આ હીરાની વીંટી, હીરાનાં કર્ણફૂલ...અને હીરાની પહોંચી!

[ મોતીહાર ઊંચકી લઈ ખિસ્સામાંથી આભાસ હીરાનાં ઘરેણાં કાઢે છે અને લીલાને પહેરાવવા જાય છે. લીલાને એ ગમતાં લાગે છે એટલે પહેરવા હાથ લંબાવે છે, છતાં ડરતી ડરતી મહાકાલને પૂછે છે. ]

લીલા : આ તો ગમે એવું ઘરેણું છે...આંખ ઠારે એવું! હીરો કેવો ચમકે છે! પહેરી લઉં ને?

મહાકાલ : ઓહ! સ્ત્રીને જીતવી હોય તો એની સામે સાચું-જૂઠું ઘરેણું ધરવું!

આભાસ : આ તો સાચામાં સાચા હીરા છે. જુઓ એના પહેલ, એની ચમક!

મહાકાલ : પહેલ અને ચમક! તું તો કહીશ કે અંગારામાં પણ પહેલ છે અને ચમક છે! લીલાને તું અંગારો પહેરાવીશ?

આભાસ : ક્યાં હીરો અને ક્યાં અંગારો?

મહાકાલ : અંગારો તો ઉષ્મા પણ આપે! આ હીરો તો અંગારો પણ નથી! એ તો ક્ષુદ્ર, ખોટી ચમક પહેરી બેઠેલો, નિરુપયોગી કોલસો છે!

લીલા : કોલસો? હીરો અને કોલસો શું એક?

મહાકાલ : અરે, કોલસાથી હીરો ઊતરે! હીરો પહેરનાર કોલસાના

મૃત સ્વરૂપને ધારણ કરે છે! બન્નેને બાળી જુઓ: સરખું પરિણામ !

આભાર : મહાકાલ! તમે પધાર્યા છો ત્યારના મૃત્યુ સિવાય બીજું કાંઈ દેખી જ શકતા નથી! આપની ધુવડ દૃષ્ટિમાં અમારી દૃષ્ટિ મળશે તો આ મારી અને લીલાની કાંચન સરખી કાયાને પણ તમે કોણ જાણે માટી બનાવી દેશો.

મહાકાલ : કાંચન સરખી કાયા? માટી તો સારી; માનવદેહ એથી પણ વધારે બદસૂરત! દેહ ઉપરથી ચામડી માત્ર ખસી જાય તો તમે બન્ને કેવાં લાગો તે બતાવું? જુઓ......

[ એક સ્ત્રીદેહનું અને એક પુરુષદેહનું હાડપિંજર ઘરેણાં લૂંગડાં પહેરી ત્યાંથી પસાર થાય છે. લીલા આંખ મીંચી દે છે અને ચીસ પાડે છે. ]

મહાકાલ : માટીનો માનવી! કાદવનો દેહ! પાછો શણગારો છો!

રસેન્દુ : આ બીભત્સ દશ્યો ઊભાં કરશો તો ય હું લીલાને ચાહીશ. શૃંગારે આંજેલું અંજન મને હાડપિંજરમાં પણ અપ્સરાનું સ્વરૂપ દેખાડે છે. લીલા! હું તને ચાહું છું : જીવન, મૃત્યુ, સુખ, દુઃખ, ગમે તે આવી પડે તો યે!

વીર : શાબાશ! આમાં સાચું વીરત્વ સમાયલું છે!

પ્રમથ : ( આભાસને ) અને, ઓ બેવકૂફ! કંઈ બોલ, સારું સારું. નહિ તો પેલો રસેન્દુ લઈ જશે લીલાને.

આભાસ : અરે! લઈને જશે ક્યાં? ગામમાં ઘર નથી અને સીમમાં ખેતર નથી એને!

વીર : એમ? રસેન્દુ! ઘર ક્યાં નાખ્યું?

રસેન્દુ : ઘર વગરના નિરાશ્રિતોને ઘર સોંપી દીધું!

પ્રમથ : અને ખેતર?

રસેન્દુ : અન્ન વગર ટળવળતા કિસાનોને સોંપી દીધું.

પ્રમથ : અને...આજ હવે...એકલા રસની હવા ઉપર જીવો છો શું?

રસેન્દુ : મને જીવતો રાખવા માટે એ રસહવા બસ થશે...અન્યને જિવાડવા હું ઉપવાસી રહી શકીશ.

વીર : એનું જ નામ સાચું વીરત્વ ! એ જ યુવક સાચો વીર... એ જ યુવતીને વરી શકે ! પકડી લે એનો હસ્ત, યુવતી !

[ લીલા રસેન્દુનો હાથ પકડવા જાય છે એકાએક. અંધકાર વ્યાપે છે, ગર્જના થાય છે અને ભયાનક રસના સ્વામી કાળસ્વરૂપે અને લટકતી જિંહવા સાથે પ્રગટ થઈ ગીતનૃત્ય શરૂ કરે છે. આખું દૃશ્ય તેજ અને અંધકારની રમતથી છવાઈ જાય છે ભૂતનૃત્ય થાય છે; સઘળાં ભય પામે છે.]

૧ ઘનઘોર શોર અંધકાર ભાર !
ભૂમિખંડ ચંડ ચમકત અંગાર...ઘનઘોર.
ડિમક ડક્ ડાકિણી
બજાવે તુર શાકિણી શું ?
પ્રેત ભૂત ડમરુ તાલ, નૃત્ય કરે વાર વાર...ઘનઘોર.
વેરતા વિષ આગનાગ,
ભૈરવના જાગે જાગ,
હાક કરે યાતુધાન, પ્રલયના બજે પુકાર...ઘનઘોર.
થર થર થથરે બ્રહ્માણ્ડ,
મરુત ગાય મૃત્યુ કાણ્ડ,
તાણ્ડવની તાલ તાળી રુદ્ર રણકતો ઝંકાર...ઘનઘોર.

પ્રમથ : અરે આભાસ ! ક્યાં સંતાઈ ગયો ? તારાં હીરામોતી આ સંકટમાં કાંઈ કામ લાગે એમ છે ?

આભાસ : અરે બાબા ! બોલો નહિ !...હીરામોતી મુઠ્ઠીમાં પકડી રાખ્યાં છે પણ આપણું તો હૃદય બેસી જાય છે !

---

૧ માલકંસ

શૃંગાર : તારે હૃદય છે ખરું ?

આભાસ : હા, હા......આ રસેન્દુને સોંપવા મથું છું.

વીર : એમ ? એને કેમ સોંપે છે?

રસેન્દુ : એનું હૃદય ગીરો મૂકવું છે! હૃદયનાં ગીરોવેચાણ હું કરતો નથી; એની તો સખાવત જ થાય!

લીલા : પછી શો વિચાર થાય છે? એકબીજાના હાથ પકડી અંધકારમાં આગળ વધવું છે, રસેન્દુ ?

રસેન્દુ : હા......

[ હાથ પકડવા જાય છે અને ભયપુરુષ આગળ આવી બૂમ મારે છે. ]

ભયપુરુષ : : થોભ જરા!

લીલા : કેમ? શા માટે થોભવા કહો છો?

ભયપુરુષ : આગળ વધતાં ભય નથી લાગતો શું?

લીલા : મારી સાથમાં રસેન્દુ છે...એટલે ભયને હું નિવારી શકીશ.

ભયપુરુષ : અરે પણ રસેન્દુ જ ભયથી સ્થિર બની ઊભો રહ્યો છે ને?

રસેન્દુ : નહિ, જરા ય નહિ. લીલાનો હાથ પકડી હું ગમે ત્યાં ઊડી શકું છું. ભય મને રોકી શકતો નથી.

આભાસ : જરા બડાશ ઓછી માર ને! અરે ઓ ભયપુરુષ! આગળ શાનો ભય છે?...તમારી આકૃતિ સિવાય!

ભયપુરુષ : હું તો માત્ર ભયનાટકની નાન્દીરૂપ છું. આગળ ભયંકર ઝંઝાવાત વહી રહ્યો છે!

રસેન્દુ : એના ઉપર હું ઊડી શકીશ!

ભયપુરુષ : પછી આવે છે જગતના જ્વાલામુખી!

રસેન્દુ : લીલાનું મુખ પાસે હશે તો હું જ્વાલામુખીને મારી હથેલીથી દબાવી દઈશ!

ભયપુરુષ : યૌવનની હિંમત ભયાનક પ્રલય સામે નહિ ચાલે!

જ્વાલામુખી પછી ધરતીકંપ; અને ધરતીકંપની સાથે જ પ્રલય ! જળ જળ મહાજળ ! ઘુમરીઓ વાળાં અથાગ પાણી !

રસેન્દુ : પાણી ? પાણીની પાલખી બનાવી લીલાને તે ઉપર હું લઈ જઈશ.

ભયપુરુષ : અને પછી ? અગમ્ય પ્રદેશ આવશે ! અગમ્ય વાણી આવશે ! અગમ્ય લોક આવશે ! યુદ્ધ, ઝેર, ફાંસી, કેદ, અનશન ...બધું ગોઠવી રાખ્યું છે આગળ...

આભાસ : અરે. આ તો માનવીની દુનિયા કે જલ્લાદોની–કસાઈઓની દુનિયા ? આપણે આગળ વધવું નથી. બહાદુરીભરી પીછેહઠનો પ્રયોગ બબ્બે વિશ્વયુદ્ધે અમસ્તો શીખવ્યો છે શું ? લાવ, હું સંતાઈ જાઉં......પછી લીલા...

[ સંતાવા જાય છે–પ્રમથ તેનો હાથ પકડી ઊભો રાખે છે. ]

પ્રમથ : નહિ ભાઈ ! ક્યાં ભાગો છો ? હવે તો જે થાય તે બધું સાથે...ધરતીકંપમાં તો ગામનું ઘર પણ ન રહે અને પ્રલયમાં સીમનું ખેતર પણ ભેળાઈ જાય...

આભાસ : આ હસવાનો સમય નથી...

રસેન્દુ : પણ હું રડતો બેસીશ નહિ ! જે વચમાં આવશે તે પાર કરી જઈશ...યુદ્ધ, ફાંસી, કેદ...બધું જ !

ભયપુરુષ : સંકટો તને કચરી નાખશે...પિગાળી નાખશે...

રસેન્દુ : એ સંકટો જાણે; મને તેની પરવા નથી ! સંકટોને પણ જાણ થવા દો કે તેમનો સામનો કરનાર એક પુરુષ આવે છે...

ભયપુરુષ : હાં ! એ ઠીક છે. તું એકલો જા; લીલાને પાછળ રહેવા દે. ભય ઘણો હળવો થઈ જશે. સ્ત્રીનો સાથ...એટલે જ ભયનો સાથ...

[ ભયાનક હાસ્ય કરે છે. ]

રસેન્દુ : શું ? લીલાને મૂકીને હું આગળ વધું ?

લીલા : અરે, મને મૂકીને આગળ જવું છે, રસેન્દુ?

રસેન્દુ : નહિ, એક ડગલું પણ નહિ. તારી જોડ વગર આગળ વધાય એમ જ નથી.

ભયપુરુષ : તો સંકટનો પાર નહિ રહે. એકને બદલે બનાં સંકટ બારગણાં વધી જાય છે!

રસેન્દુ : લીલાનો સાથ હશે તો એ બારગણાં બનેલાં સંકટ મારો બાગ બની જશે...પ્રલય મારી વસંત અને જ્વાલા મારી બહાર બની જશે. આગળ જઈશું તો બંને સાથે જ...

લીલા : અને ખપી જઈશું તોપણ બંને સાથે જ.

આભાસ : આફતને આવકાર આપવાનો બેવકૂફોને શોખ હોય છે! લીલા! પાછી ફર; મારી સાથે ચાલ. હીરા મોતીના શણગાર સજાવીશ! તેલ, ફૂલેલ અને અત્તરથી નવરાવીશ...

મહાકાલ :

૧ અંગે તેલ ફૂલેલ લગાવે માથે છોગાં ઘાલેજી
જોબન ધનનું જોર જણાવે છાતી કાઢી ચાલેજી
મનમાં જાણે મુજ સરીખો નહિ કોઈ રાગીજી
બારે તાકી રહી બિલાડી લેતાં વાર ન લાગેજી.

રસેન્દુ : લીલા! હવે છેલ્લી પસંદગી કરી લે. સંકટો સામે મારી સાથે આગળ આવવું છે કે આ આભાસ સાથે સલામતીના કિલ્લામાં પાછા ફરવું છે?

[ લીલા એક હાથ લંબાવે છે રસેન્દુ તરફ...... પરંતુ સહજ આડું આભાસ તરફ જુએ છે. એકાએક આકાશવાણી થાય છે: "કોણ લીલાને આગળ ખેંચી જાય છે?")

ખેંચી નથી જતો, હું એને સાથ આપું છું. સ્ત્રીઓને ઉપાડી જતો હું અસુર નથી!

૧ બ્રહ્માનન્દ

[ ડમરું અને શિંગી સાથે ઉદ્ધત નૃત્ય કરતા નાગ વીંટળાયલા રુદ્ર સ્વરૂપ ધારી રૌદ્રરસ-સ્વામી પ્રવેશ કરે છે. ]

રૌદ્ર :

[1] આજ બંદી નથી, ભલે નંદી નથી,
એક હાકે બ્રહ્માણ્ડને હું નાખું મથી,
પગના થેઈકાર માંહી જલધિ ઉછાળા,
હસ્ત અને અંગુલિમાં મોત ચંડ ચાળા,
ઊઘડે ત્રિનેત્ર, આગ ભડકે ગૂંથી...આજ બંદી નથી.
ચંદ્રમાં બુઝાઈ જાઓ, ગંગા સુકાઈજાઓ,
ડમરુના ઘોરશોર પ્રલયને પુકારી જાઓ,
જવાલા મંઝાને કોણ કહેશે કથી...આજ બંદી નથી.

લીલા : અરે, આ તો પિતાજી! રુદ્ર સ્વરૂપ ધારણ કરી આવ્યા. થઈ રહ્યું; આવી બન્યું! પ્રેમ! પ્રેમના સ્વપ્ન! અને એ વીર પ્રેમી! છેલ્લા પ્રણામ......

રસેન્દુ : નહિ નહિ, લીલા! એ રુદ્ર સ્વરૂપનો ક્રોધ હું મારા ઉપર વાળી લઈશ......

પ્રમથ : અરે! આભાસ પણ એમાં ભાગીદાર થશે......પ્રેમમાં થયો હતો તેમ!

આભાસ નહિ, નહિ! આ ક્રોધ આપણાથી ન જિરવાય! કોઈક વાર સાચી બહાદુરી સંતાડવામાં સમાયલી હોય છે......થઈ જાઓ અદશ્ય...

[ એક વૃક્ષ ઓથે આભાસ સંતાય છે. નૃત્ય પૂરું થતાં રુદ્રરૂપ આગળ આવી પૂછે છે. ]

રૌદ્ર : કોણ મારી દૃષ્ટિથી છુપાય છે? મારી દૃષ્ટિના અગ્નિમાંથી

---

૧ ભૈરવ

આજ એ નહિ બચે...અરે, રસ ! તું ભાગી જતો હતો લીલાને લઈને ?...બદમાશ...

રસેન્દુ : નહિ જી ! હું કદી ભાગતો જ નથી...અને તેમાં યે કોઈ યુવતીને લઈને તો નહિ જ.

રૌદ્ર : હું તમને...નવાંજૂનાં પ્રેમીઓને...પ્રેમીઓના કાળા પડછાયાને બરાબર પિછાનું છું.

પ્રમથ : પ્રેમીઓ, નવા કે જૂના, બધા ય સરખા ! એના એ જ ! લાગ આવ્યે સૌંદર્યશીલ યુવતીને લઈ ભાગી જનારા ! શિવ-ભીલડી અને વિષ્ણુલક્ષ્મીથી એ પરંપરા ચાલી આવે છે...

રૌદ્ર : બસ, પ્રમથ ! મારું ત્રીજું નેત્ર ખૂલવાની તૈયારીમાં છે, વચમાં બોલીશ તો તું અને તારું હાસ્ય બળી ભસ્મ થઈ જશે !

પ્રમથ : નહિ, નહિ, નહિ ! જગતના ઝંઝાવાતમાંથી, જ્વાલામાંથી કે જલપ્રલયમાંથી બચાવીને રાખવા સરખું કાંઈ પણ હોય તો તે મારું હાસ્ય ! ક્ષમા કરો, રુદ્ર ભગવાન !

રૌદ્ર : ક્ષમાને પાત્ર આજની સૃષ્ટિ રહી નથી. આ રસને – રસેન્દુને હું બાળીને ભસ્મ કરી નાખું છું.

રસેન્દુ : પણ મારો કાંઈ ગુનો ?

રૌદ્ર : લીલાને ક્યાં લઈ જતો હતો ?

રસેન્દુ : હું લઈ જતો જ ન હતો ! એ જાતે જ આવી...મારી સાથે...મેં એને સહજ વારી છતાં !

પ્રમથ : એમ જ ત્યારે કહે ને કે લીલા જ તને લઈ આવી ! વર્ત-માન યુગમાં સ્ત્રીઓ પણ પ્રેમદોરવણી કરી શકે છે !

શૃંગાર : વર્તમાન યુગ ? શા માટે ભૂતકાળને ભૂલી જાઓ છો ? મેનકાદોર્યા વિશ્વામિત્ર...

રૌદ્ર : બસ, બસ, !

[ ત્રિશૂલ ફેરવે છે...જરા ]

લીલા ! આ શો આરોપ તારે માથે મુકાયો છે ? હું સગી

પુત્રીનો પણ ગુનો માફ કરી શકીશ નહિ! મારી સંમતિ વગર, મારી ઇચ્છા વગર, તું રસેન્દુ સાથે આવી જ કેમ?– અહીંયાં, આ એકાંતમાં?

લીલા : અહીં એકાન્ત નથી. અહીં તો વૃક્ષેવૃક્ષ અને પાનેપાન બોલી રહ્યાં હતાં!

રૌદ્ર : હું સીધો જવાબ માગું છું...કવિતા અને કલ્પના મારે ન જોઈએ!

લીલા : એકલો રસ નહિ, આભાસ પણ મારી સાથે જ હતો... અને છે...

રૌદ્ર : ક્યાં છે આભાસ?

પ્રમથ : એ સંતાઈ ગયો છે...અરે આભાસ! બહાર પડો; હવે નહિ ચાલે.

લીલા : એ એમ જ કરે છે! સાથે આવે છે અને ભય જુએ ત્યાં સંતાઈ જાય છે! અરે, એક શિયાળ દેખીને એ સંતાઈ ગયો!

રૌદ્ર : આભાસને હાજર કરો!

[સઘળા શોધે છે અને પ્રમથ આભાસને પકડી લાવે છે.]

આભાસ : (પ્રમથને) અલ્યા પ્રમથ! હસાવનાર તું આજે મને રડાવવાનો!

પ્રમથ : અરે, નહિ રે! હસવું-રડવું એ તો ઢાલની બે બાજુ જ માત્ર છે! બંને આંસુ લાવે.

રૌદ્ર : આભાસ!

આભાસ : મુરબ્બી! આજ્ઞા!

રૌદ્ર : તું આ રસેન્દુ કરતાં વધારે વિવેકી લાગે છે!

આભાસ : અને વધારે સદ્ધર, આપની કૃપા વડે!

રૌદ્ર : તો તું શિયાળને જોઈ કેમ સંતાઈ ગયો, લીલાને એકલી છોડીને?

પ્રમથ : શિયાળને એણે વરુ માની લીધેલું ! ઉંદરને એ કાલીનાગ માને છે.........

આભાસ : શિયાળને હાંકવા માટે બે પુરુષોની જરૂર હોય ? મેં સંતાઈને જોયું કે આ રસેન્દુમાં સહજ પણ બહાદુરી છે કે નહિ.

રૌદ્ર : પછી એ બહાદુરી દેખાઈ કે નહિ ?

આભાસ : ના રે ! લીલાએ જ એક પથરો ફેંક્યો અને શિયાળ ભાગી ગયું !

રૌદ્ર : હું જાણતો જ હતો. લીલા ! આવા સારા આભાસને છોડી તું રસ સાથે કેમ રખડે છે ?

આભાસ : હું એ જ સમજાવવા માટે આવ્યો. મેં લીલાને રોકી ન હોત તો અત્યારે ક્યાંનાં ક્યાં એ બંને ભાગી ગયાં હોત !

લીલા : મને તેં રોકી ? મને રોકવાનું સામર્થ્ય કોઈમાં નથી – સારા બ્રહ્માંડભરમાં !

રૌદ્ર : બસ છોકરી ! લવારો બંધ કર, અને આ આભાસ સાથે પાછી ફર.

લીલા : આભાસ સાથે ? નહિ, નહિ. એનામાં વીરત્વ તો છે જ નહિ !

પ્રમથ : પુરુષને–પુરુષની જાતને – વીરત્વ શું કરવું છે ? આભાસ તો કૈંક વીરોને ભાડે રાખી શકે એમ છે ! વીરોનાં લશ્કરોને !

આભાસ : હા હા, જરૂર. રક્ષકો રાખનારને તો વીરત્વ પણ ભાડે મળે ! આખી દુનિયાના વીરત્વને હું ખરીદી શકું...ભાડે રાખી શકું...અરે વેચાતું...

રસેન્દુ : ( ધીમેથી ) પ્રેમ ભાડે ન મળે !

આભાસ : ( ધીમેથી ) અરે પ્રેમ શું, પ્રેમનો બાપ પણ ભાડે મળે !

લીલા : વીરત્વને પૈસે વટાવતો પુરુષ મારે ન જોઈએ !

રૌદ્ર : મારી આજ્ઞાનો પણ વિરોધ ?

લીલા : માત્ર એક જ પ્રસંગમાં...........

રૌદ્ર : ( ત્રિશૂલ ફેરવી ) જા ! આગળ પગ મૂક, આભાસની સાથે !

લીલા : નહિ, પિતાજી ! એના પગમાં સ્થિરતા નથી !

રૌદ્ર : તો હું આજ્ઞા ન માનતી પુત્રીનો વધ કરું છું.

[ ત્રિશૂલ લીલા સામે ઉગામે છે. રસેન્દુ વચમાં આવી રુદ્રનો હાથ પકડે છે. ]

રસેન્દુ : હું જીવંત છું ત્યાં સુધી લીલાને તલપૂર પણ વ્યથા થવા ન દઉં !

રૌદ્ર : તો હું તને ત્રિશૂળ ભોંકું છું.........

[ ત્રિશૂળ ઉગામે છે. ]

રસેન્દુ : ભલે ! મને ભેદ્યા સિવાય આગળ નહિ વધવા દઉં.

આભાસ : હા, હા! એને ભેદી નાખો! મરવા મારવાનો એને ભારે શોખ છે......પછી હું અને લીલા.........

લીલા : ( રુદ્રનો હાથ પકડી ) દીકરીને ભલે મારો, પરંતુ આ નિર્દોષ યુવકને......જીવન સમર્પી દેતા વીરને ન મારો ! હું નહિ જોઈ શકું, નહિ સહી શકું ! એને કાંઈ પણ થશે તો આપ મને જીવંત નહિ ભાળી શકો. પિતાજી! હું જીવનભર કુમારી રહીશ......પણ આ રસનો...રસેન્દુનો ઘાત ન કરો !

[ આંખમાં આંસુ ઊભરાય છે. હાથમાં જળનો ફુવારો ઉડાડતા વરુણદેવ–કરુણાના દેવ પ્રવેશ કરે છે. કરુણ રસ શોભિત ગીત–બાગેસરીમાં–ગવાતું સંભળાય છે. રુદ્ર ધીમે ધીમે હથિયાર પાછું ખેંચી લે છે, અને મુખ ઉપર મૃદુતા લાવે છે. ]

૧ જલની ભરી જીવન ઝલક,
જલની વહી જીવન વ્યાપ્ત
મહાચંડ છલક ઝલક...જલની ભરી૦

---

૧ બાગેસરી

અશ્રુબિંદુ સાથે જીવન;
અશ્રુધારા મૃત્યુ હવન
પ્રેમસ્તવન અશ્રુ ભર્યાં
અશ્રુભીની આંખ પલક...જલની ભરી૦
સૂર્ય રુદન રક્ત કિરણુ
તારલાની રુદન પરણુ
ઝાકળનાં ગુપ્ત ઝરણુ
અશ્રુ ભરે સારી ખલક...જલની ભરી૦
લૂછનાર કોઈ નથી,
પૂછનાર કોઈ નથી,
માનવને હૈયે દાટી
વાતડી શી અલકમલક...જલની ભરી૦

પ્રમથ : આભાસ, વાત વંકી! કરુણનું ફૂંડાળું ફરી વળ્યું! ચેત, ચેતાય તો!

આભાસ : વડીલ! કહેવત યાદ રાખો. આંસુમાં નિશ્ચયને વહી જવા ન દો; દયા ડાકણને પણ ખાય છે! દયા સરખી ક્રૂર રાક્ષસણી બીજી એકે નથી! ઉગામેલું ત્રિશૂલ પાછું ન ખેંચો.

રૌદ્ર : પણ એ કોને મારું? લીલાને મારું છું તો રસ વચ્ચે આવે છે! કોઈ કહો મને કે આ ઉપાડેલું ત્રિશૂળ હું કોને ભોંકું?

પ્રમથ : બાકી રહ્યો આ આભાસ! એને ભોંકી જુઓ!...હાં, એને જ!

આભાસ : અરે થોભો! તમારા ત્રિશૂળ જેટલી ધનની તુલા કરી આપને આપું! અરે, ત્રિશૂળને સોને તોળું, કહો તો!...મને ન મારશો. હું મરવાને પાત્ર નથી.

રસેન્દ્ર : જે મરવાને પાત્ર ન હોય તે જીવવાને પણ પાત્ર નથી. એના ઉપર શસ્ત્ર ન ઘટે.

વરુણ : હે રુદ્ર! કોઈને પણ ન મારો! અગમ્યદીધાં જીવન અને

મૃત્યુ અગમ્યની ઘટના જ રહેવા દો! આપના હૃદયમાં કરુણનો સંચાર થયો છે તો હવે હૃદયને કરુણાથી પૂર્ણપણે તરબોળ બનવા દો! કરુણા સરખું ઈશ્વરી તત્ત્વ ભલે જગતમાં વધારે ફેલાય!

રૌદ્ર : હું મારા ત્રિશૂળને પાછું વાળું છું !...અરે! આ ગંધર્વ અને અપ્સરા ક્યાંથી નીકળી આવ્યાં?

[ એક વૃક્ષમાંથી–પુષ્પમાંથી ગંધર્વ અને અપ્સરા પ્રગટ થાય છે— અદ્દભુત રસનાં સ્વામી બન્ને હસ્તમાં માળા ધારણ કરી લીલા તથા રસેન્દુને પહેરાવે છે, અને અહીં ગરબો રચાય છે. ]

સોરઠ

જ્યાં જ્યાં નજર કરું ત્યાં નાચી રહે કો
તેજ તણા ચમકાર!
ઊતરે આભ થકી અણધારી અદ્દભુત
મોતી સમી જલધાર...જ્યાં જ્યાં૦

કોકિલ કંઠે પંચમ ભરિયો,
મોતી ઉછાળે ખારો દરિયો,
મયુર સમા અનુપમ નર્તતા
રંગ તણા અંબાર...જ્યાં જ્યાં

ચમત્કાર ચમકે પલપલમાં,
જાદુ ભર્યો શો જલ ને સ્થળમાં
અણુ અણુ વિસ્મય વ્યાપી રહ્યો!
શી લીલા અપરંપાર...જ્યાં...જ્યાં૦

પ્રમથ : અદ્દભુત, અદ્દભુત! વિશ્વમાં આશ્ચર્યોનો પાર નથી!

આભાસ : અદ્દભુત એટલે જ અન્યાય!

ગંધર્વ : તને અન્યાય શો થયો ભાઈ?

આભાસ : હું અત્યંત ધનવાન ! છતાં આ લીલા એક નિર્ધનને વરે છે.

ગંધર્વ : યુવતીઓ માત્ર ધનને માગતી નથી–માત્ર ધનથી રીઝતી નથી, એ અદ્દભુત વાત સહુ ધનિકો જાણી લે તો વધારે સારું ! ધન એટલે નાદારીનો પડોશ ! અમે કુબેરનગરીથી આવ્યાં છીએ એટલે એ સત્ય જાણીએ છીએ.

આભાસ : અરે, પણ પિતાની આજ્ઞા–પિતાની ઇચ્છાને પણ શું પુત્રી બાજુએ મૂકી શકે ? કળિકાળ આવ્યો, હળાહળ કળિકાળ આવ્યો !

ગંધર્વ : એ વિસ્મય અંક બે ! જે માતાપિતા વગર સમજ્યે આજ્ઞા કરશે એમની આજ્ઞા કુમળામાં કુમળી દીકરી પણ ઉથાપવાની. એવાં માતાપિતા જાતે જ કલિકાળ સ્વરૂપ હોય છે.

આભાસ : અને છતાં કોઈને શિક્ષા જ ન થાય, એમ ?

ગંધર્વ : વિસ્મયની વાત છે કે હજી માનવીને એક સમજણ પડતી નથી !

આભાસ : શી વાત છે એ ?

ગંધર્વ : કે શિક્ષાથી માનવી કદી સુધરતો નથી ! તો ય આપણા મુત્સદ્દીઓ રોજ નવા નવા ગુના અને નવી નવી શિક્ષાની જાળ ગૂંથ્યે જ જાય છે ! આથી વધારે મોટું આશ્ચર્ય કયું ?

આભાસ : તમે અન્યાયી રસદેવતાઓ સામાન્ય ગણતરી સાચી પડવા દેતા નથી એ સહુથી મોટું આશ્ચર્ય !

પ્રમથ : અને એથી વધારે મોટું આશ્ચર્ય સર્જવું હોય તો મને પૂછો !

ગંધર્વ : કહો, કહો ! આભાસને અન્યાય ન લાગે એવું આશ્ચર્ય કહો !

પ્રમથ : આભાસને પોતાને જ અદૃશ્ય કરી દઈએ તો મોટામાં મોટું આશ્ચર્ય નીપજે ! અને...પછી એને ન્યાયઅન્યાયનો પ્રશ્ન જ ઊપજવા પામશે નહિ !

શૃંગાર : હા, હા, એ આભાસ જ રસને ભ્રમ બનાવવા મથે છે...

રૌદ્ર : બદમાશ કહીંનો ! ! ત્રિશૂલ ઉપર ચઢાવી દઉં ? આભાસ !
મહાકાલ : છૂટ ! કાળો પડછાયો ! તિરસ્કાર પાત્ર રાહુ !
વીર : મારાં બાણુભાલાનો એ બલિ બનશે !
આભાસ : અરે કરુણાના અધિષ્ઠાતા ! મને બચાવો !
ભયપુરુષ : એને બચાવવો છે ? અગ્નિની ભઠ્ઠીમાં નાખો ! ચલાવો...
અરે ! પણ કોઈ અવનવું તેજ પ્રગટ થાય છે.
[ વાતાવરણમાં સૂર સંભળાય છે.
ૐ શાન્ત : શાન્તિ : શાન્તિ ]

નારાયણનું મુનિસ્વરૂપ—વિરાગસ્વરૂપ—શમ મોગરાના પુષ્પમાંથી પ્રગટ થાય છે. શાન્તિસૂચક પ્રભાત રાગની છાયાનું ગીત વ્યાપે છે. ભક્તો અને સાધ્વીઓ પ્રગટ થઈ કરતાલ મંજીરા સહ ગીતરચના કરે છે.

ગીત—ભૈરવી

હરિ ઓમ્ ! હરિ ઓમ્ ! હરિ ઓમ્ !
સૂર એહ સનાતન વ્યોમ ભોમ !...હરિ ઓમ્ !
શાન્ત તેજમય સભર ભર્યો તું !
આનન્દિત અખંડ નર્યો તું !
જડમાં ચેતનવંત ઝરો તું !
રમી રહ્યો અમ રોમ રોમ !...હરિ ઓમ્ !
તારી ફૂંકે જીવન જીવે,
આંખ નિહાળે તારે દીવે,
તારી જ્યોત તણે તણખે એ
ઝગમગ ઝગતા સૂર્યસોમ !...હરિઓમ્ ! ]

શમ : રસતરંગે ઊછળતાં કોણ અહીં વહી આવ્યાં ? આવો ! રસરંગની સૂરાવલિ એકાગ્ર બની પરમ શાંતિને પામે છે અહીં ! પધારો !

શૃંગાર : આ રસેન્દુ અને લીલા!.........

શમ : રસ એટલે જ હૃદયની એકાગ્રતા! પરમ પવિત્ર ભાન! વિશુદ્ધ આનંદ!

લીલા : પણ...મુનિરાજ!...રસ હસાવે છે, રડાવે છે, ભય પમાડે છે...

રસેન્દુ : યુદ્ધે ચડાવે છે, આશ્ચર્યમગ્ન કરી દે છે, ભોગ માગે છે, તિરસ્કાર ઉપજાવે છે અને જીવનને ચગડોળે ચડાવે છે! માનવી થાકી જાય છે આ ચક્રમાં!

શમ : જીવનનું એ મંથન! એમાંથી મળતી શાંતિ એ રસામૃત!

પ્રમથ : પરન્તુ આ આભાસ રસને ડહોળી નાખે છે! એને અદૃશ્ય કરો તો જગતનાં રસિકરસિકા સુખી થાય અને રસ વિશુદ્ધ બને!......

શમ : આભાસ નહિ હોય, ભ્રમ નહિ હોય, ભુલભુલામણી નહિ હોય તો રસપરીક્ષા સાચી નહિ નીવડે. આભાસ! સર્વ રસમાં ભ્રમ ઉપજાવી અંતે તું મારામાં સમાઈ જા! અહીં આભાસ પણ સત્યનું જ પડ બની રહે છે! રસેન્દુ, લીલા! રસના તોરણમાંથી, રસના મેઘધનુષ્યની કમાન વચ્ચે થઈ, આવો મારી પરમ શાંતિમાં! મારું વરદાન છે રસને! રસિકોને! માનવ હૃદયને! માનવતાને! અસત્યને પણ સત્ય હૃદય સરસું ચાંપે! ક્ષમા અપરાધને આલિંગન આપે! હાથ પ્રસારી પુણ્ય પાપને ભેટી પડે! ત્યારે માનવીને સાચો રસાનંદ—બ્રહ્માનંદ પ્રાપ્ત થાય. એ જ રસસમાધિ! એ જ રસતરંગ!

[ મેઘધનુષ્યનું તોરણ રચાય છે. રસેન્દુ અને લીલા શમને પગે પડે છે. પુષ્પવૃષ્ટિ થાય છે અને શાંતિવાચક ગીત સહ દૃશ્ય સમેટાય છે. હરિ ૐ! હરિ ૐ! ]

# હે રામ !

## વસ્તુ અને સૂચન

આ રેડિયો – નભોવાણી રૂપક –નાટિકા – છે. એમાં શ્રવણનું જ મહત્ત્વ; એટલે પાત્રોને સ્થાને ધ્વનિ અને ધ્વનિમંડળો આપ્યાં છે.

મહાત્મા ગાંધી હિંદમાં પધાર્યા ત્યારથી તેમના અવસાન સુધીના પ્રસંગોનું આછું સૂચન આ નાટિકાનું વસ્તુ બની રહે છે. નાટિકામાં ગાંધીજીવનનું વાતાવરણ જેટલું ઘટ્ટ બની શકે એટલું વધારે સારું.

શ્રાવ્ય નાટિકાને દૃશ્ય સ્વરૂપ આપવાના પ્રયત્નો પણ થાય છે, જેમાં રંગભૂમિ ઉપર માત્ર વાણી રહિત અભિનય જ હોય છે જ્યારે નેપથ્યમાંથી પાત્રોના ધ્વનિઉચ્ચારણનો ઝોક આપી મૂક અભિનયને અર્થ અપાય છે. વિવેચન પણ નેપથ્યે થઈ મૂક દૃશ્યને સમજાવવામાં ઉપયોગી નીવડે.

અહીં જ્યાં જ્યાં દૃશ્ય આપ્યાં છે ત્યાં ત્યાં ધ્વનિમંડળ દ્વારા વ્યક્ત થતાં દૃશ્યો બને એટલાં તાદૃશ બનાવી શકાય. એનાં ઓછામાં ઓછાં સૂચનો દૃશ્યોમાં આપ્યાં છે.

ધ્વનિ એ જ પાત્ર હોવાથી, તેમ જ પાત્રને રંગભૂમિ ઉપર આવવાનું ન હોવાથી અનુકૂલ સ્ત્રી-પુરુષ, હિંદુ-મુસ્લિમ, અંગ્રેજ પાત્રો ગોઠવી શકાશે. ઉદ્ગાર જ તેમને પ્રગટ કરશે. એકનું એક પાત્ર જુદા જુદા ધ્વનિમંડળમાં કામ કરી શકે. વિવિધતા જળવાઈ રહે એ માટે છ સાત ધ્વનિ હોય તો બધાં મંડળોમાં એ કામ લાગે.

સંગીત પણ નેપથ્યમાંથી જ આવશે; સંગીતના ભાવ મૂક દૃશ્યમાં અભિનય દ્વારા લાવી શકાય તો સારું.

શ્રાવ્ય નાટિકા, રેડિયોરૂપક, મૂક અભિનયના મિશ્ર પ્રકારની આ નાટિકા પ્રયોગ તરીકે અહીં મૂકી છે.– એને મૂક દૃશ્યમાં મૂકી શકાય. કે કેમ એનો પ્રયોગ કરવા માટે.

## દૃશ્ય પહેલું

પડદો ખૂલતાં ગાંધીજીની છબી ખૂલતી જાય છે અને ગીતાના ઉદ્દગારો સંભળાય છે.

ધ્વનિમંડળ ૧

स्थितप्रज्ञस्य का भाषा
समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत
किमासीत व्रजेत किम् ॥
दुःखेषु अनुद्विग्नमनाः
सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः
स्थितधीर्मुनिरुच्यते ॥

વિવેચન : મહાત્મા ગાંધી એટલે હિંદના ઇતિહાસનાં તેત્રીસ વર્ષ. રાષ્ટ્રસેવકોની મણિમાલાનો એ મેરુમણિ ! હિંદને સ્વરાજ્ય અપાવ્યું એ ગાંધીએ. સને ૧૯૧૫ની સાલ, જ્યારે આફ્રિકાના સત્યાગ્રહી પ્રયોગો હિંદમાં કરવા ગાંધીજી મુંબઈ બંદરે ઊતર્યા.

## દૃશ્ય બીજું

કાઠિયાવાડી ફેંટો, ધોતિયું અને અંગરખું પહેરેલી ગાંધીજીની આકૃતિ દેખાય છે.

ધ્વનિમંડળ ૨

૧ : કોઈ સ્થિતપ્રજ્ઞ આવે છે શું ?

૨ : અરે શું તમે યે તે ? એ તો પેલા મોહનદાસ કરમચંદ ગાંધી !

૧ : આફ્રિકાના સત્યાગ્રહવાળા ! એ જ ને ? એ અહીં આવીને શું કરશે ? ફિરોજશાહ, ગોખલે, તિલક, બેનરજી, બીસેન્ટ : ક્યાં એ પ્રૌઢ યોદ્ધાઓ...

૨ : અને ક્યાં આ ધોતિયું, અંગરખું, કાઠિયાવાડી ફેંટો પહેરેલા આ ગુજરાતી ભાઈ ! નથી રૂપ, નથી રંગ, નથી પ્રભાવ ! સ્વાગત માટે પણ કોઈ આવ્યું દેખાતું નથી ને !

૧ : પણ ગોખલેજીને એમને માટે ભારે માન, હો ! એ તો એમને મહાત્મા જ કહે છે !

૨ : ફરવા દો વરસ દિવસ. જોશે હિન્દ, અને જશે પાછા આફ્રિકા !

વિવેચન : ગાંધીજી આફ્રિકા પાછા જતા નથી. તેમણે સાબરમતી આશ્રમ સ્થાપ્યો, જ્યાંથી રાષ્ટ્રજીવનને પરમ વેગ મળ્યો.

## દૃશ્ય ત્રીજું

સાબરમતી આશ્રમનું આછું દૃશ્ય. રેંટિયો કાંતતાં કેટલાંક યુવક-યુવતી દેખાય છે,

ધ્વનિમંડળ ૩

૧ દરિયો ડહોળી સંતન આવે
સાબરકાંઠે જોગ જગાવે–
દધિચિ એક હતો દરિયાદિલ!
જનતા કાજે હાડ જલાવે–
એક તકે ઊછળે મણિમાણેક!
સામે સંતન ધૂમ્ર ધિકાવે–

૧ : ગાંધીજીએ તો અહીં જ—સાબરકિનારે આશ્રમ સ્થાપ્યો.

૨ : પણ ભાઈ! આશ્રમમાં ઉજળાશ કશી જ નહિ!

૩ : અરે, દળવું, ખાંડવું, માંજવું કાંતવું, પાણી ભરવું : બધું જ હાથે! એ તે કેમ બને?

૪ : નહિ સંગીત; નહિ નૃત્ય; નહિ કવિતા; નહિ કલા! બીજા આશ્રમો કેવા સુંદર લાગે છે! શાન્તિનિકેતન જુઓ. વળી ઉપરથી પાછું બ્રહ્મચર્ય!...અરે ગુરુકુલ કે ઋષિકુલ જેવી પણ જાગૃતિ અહીં દેખાતી નથી.

૫ : ખરું...પણ હિન્દ જેવા ગરીબ દેશને ન મળે બે ટંક જમવા. ન મળે દસ વાર કાપડ દેહ ઢાંકવા! ત્યાં સુધી રંગરાગ, સંસ્કાર અને કલા જીવ-વગરનાં ફિક્કાં લાગે છે!...પેલા સંગીતકાર ખરે કાંઈ ગાય છે ખરા...કાંતતાં કાંત...

---

૧ શ્રીંઝાદી.

[ રઘુપતિ રાઘવ રાજારામની ધૂન સંભળાય છે. ]

૬ : તે આમ પૂણીઓ કાંત્યે સ્વરાજ મળશે ? જરા જોરદાર, લડાયક ખમીર આવે એવું શિક્ષણ તો, કહો ગાંધીજીને, આપે !

૭ : પેલો 'નવજીવન'નો ચમકાર બધાંયને ઊભાં કરી દે છે હો ! સમજાય, ન સમજાય, પણ એ સંતવાણી લાગે છે. સરકારે પણ ગાંધીજી ઉપર તીખી નજર રાખી છે !

વિવેચન : પાંચ વર્ષમાં ગાંધીજીએ હિન્દને હલાવી નાખ્યું. જલિયાનવાલા બાગના હત્યાકાંડે હિન્દના હૃદયમાં આગ ઉપજાવી. આગમાંથી ઉષ્મા અને પ્રકાશ ખેંચતા મહાત્મા ગાંધીએ હજારોનાં ટોળામાં અહિંસક યોદ્ધાઓ સર્જ્યા. સને ઓગણીસ સો એકવીસના સત્યાગ્રહથી દાંડીકૂચ સુધીનો રંગભર્યો પડદો આ રહ્યો !

## દૃશ્ય ચોથું

લાઠી પકડી રહેલો પોલીસ. સામે બેઠેલા સત્યાગ્રહીઓ. મોટા માનવસમુદાયમાંથી ગર્જનાઓ સંભળાય છે: 'વંદે માતરમ્!' પોલીસ લાઠીઓ ઉગામે છે.

ધ્વનિમંડળ ૪

[ મોટા માનવસમુદાયમાંથી ગર્જના સંભળાય છે:
વંદે માતરમ્! વંદે માતરમ્! વંદે માતરમ્! ]

સંગીત

હે......જંગ જામ્યો! જાગજો.
શુભ શાન્તિના સંગ્રામ,
ધરી કેસરભર્યાં પરિધાન,
હે વીર! જાગજો.
નથી શસ્ત્ર કે નથી અસ્ત્રને ઝળકાવવાં,
મૃત્યુ ભયે નથી દુશ્મનો ચમકાવવા;
દુશ્મન વિહોણા યુદ્ધમાં
અર્પી તમારા પ્રાણ!
હે વીર! જાગજો.
હે......જંગ જામ્યો! જાગજો.
સૂકી ગયાં નદ પ્રેમના વહેતા કરો,
સૂકાં રણો મહેરામણે મીઠાં કરો;
કુરબાનીમાં ધરી શિર્ષ
ગજવો ગુર્જરીનું નામ.
હે વીર! જાગજો.
હે......જંગ જામ્યો! જાગજો.

૧ : વંદે માતરમ્!
૨ : મહાત્મા ગાંધીકી જય!
૩ : રૂડો મારો રેંટિયો હો......જી!
૪ : તારી તોપોમાં ઊગશે ઝાડવાં રે!
હજી ચેતી લે ઓ સરકાર...

૫ : પાર્થને કહો ચઢાવે બાણ !

૬ : આહા ! જાણે જ્વાલામુખી ફાટ્યો ! મહાત્મા ગાંધીનો એક બોલ અને હિન્દની રાજસત્તા ડોલી ઊઠી !

૭ : વંદે માતરમ્ ! ઈન્કલાબ......ઝિંદાબાદ !

૧ : લાખો માનવીઓનાં ટોળાં ! માનવસાગર હિલોળે ચઢ્યો ! સ્વરાજ્ય હાથવેંતમાં આવ્યું લાગે છે ! આ પૂરને ખાળવા કોઈની તાકાત નથી. પરદેશી રાજ્ય ચાલ્યું......આ ચાલ્યું !

૨ : થોભો ! પણે ચૌરીચોરામાં શું તોફાન થયું ? પોલીસચોકી આપણા જ લોકોએ બાળી અને પોલીસને કાપ્યા ! આવેશમાં કેટકેટલું ખોટું થઈ જાય છે ?

૩ : અરે, અરે ! મહાત્માજીએ અસહકાર પાછો ખેંચ્યો ! શો એમનો અહિંસાનો આગ્રહ ! થોડું જતું ન કરવું જોઈએ ? આવી મોટી લડત; એમાં આ બાજુ કે સામી બાજુ બસો પાંચસો માણસો મરે એમાં શું ખોટું થયું ? હોય...ભૂલ પણ થાય. પરંતુ મળતો વિજય ખોવો...

૪ : નહિ નહિ, સત્યાગ્રહી હાથે હિંસા ઊતરે જ નહિ ! યાદ છે એ ગાંધીબોલ ? હિંસાથી મળેલું સ્વરાજ્ય પણ મને ન ખપે !

૫ : છૂટકો નથી ! બેસી જાઓ ચૂપ થઈને. અહિંસા ન ગમે તો ય પાળવી રહી ! નહિ તો ગાંધીજી પાછા ઉપવાસે ચઢશે !

૬ : આ લડત બંધ થઈ; તો હવે ધારાસભામાં પાછા જઈએ. એક નહિ તો બીજો મોરચો !...ધારાસભામાં રમઝટ ભારે...બોલની !

૭ : ભલે એ રમકડાં રમવાં હોય તો રમો ! પણ એવી એકલા બોલની પટાબાજીથી કાંઈ ન વળે. તપ, તકલી અને અહિંસા...

વિવેચન : ધારાસભાનો મોહ તો ગાંધીજીને હતો જ નહિ. હિંદુમુસ્લિમ ઐક્ય, હરિજનઉદ્ધાર, કિસાન-મઝદૂરની સેવા, ગ્રામોદ્ધાર: એ ગાંધીમાર્ગ. ઉપરાંત દસકે દસકે અહિંસક સત્યાગ્રહનું પ્રજાશિક્ષણ.

---

૧ જાણીતી ગીતપંક્તિઓ છે.

## દૃશ્ય પાંચમું

દાંડીકૂચનો જરૂરી ભાગ.

ધ્વનિમંડળ ૫

**વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે!**
**પરદુઃખે ઉપકાર કરે તો ય ઉરઅભિમાન ન આણે રે!**

૧ : જુઓ, જુઓ! સાબરમતીથી પેલા એંશી સૈનિકો નીકળ્યા. એ જાય દરિયાકાંઠે...દાંડી ભણી! મોખરે ડોસો...હદ કરી.

૨ : માત્ર એંશી? નહિ નહિ, આઠ હજાર...અરે વધતા ચાલ્યા... આઠ લાખ પણ કોણે કહ્યા?

૩ : હિન્દની માનવતાને કોઈ વિદ્યુત ચાંપ અડી! કોણ આ માનવ-મહેરામણને ખાળશે?

૪ : પોલીસથી પણ નહિ, અને લશ્કરથી પણ નહિ! અરે (સહજ હસી) લાઠીથી તે એ રોકાય? ગોળીબારથી પણ નહિ...

[ લાઠી વીંઝાવાનો અવાજ બાજુએ સંભળાય છે. ]

૫ : શો બાપુના પગમાં તરવરાટ છે? જુવાનો પણ થાકે એવાં એનાં ઉતાવળાં ડગ! જાણે સમુદ્રમંથન કરી સ્વરાજ્યને મેળવવા દોડતા દેવર્ષિ ન હોય!

૬ : તૂટ્યો! તૂટ્યો! નિમકનો કાયદો તૂટ્યો!...કે અમારા હાથે —પગે બાંધેલી જંજીરો તૂટી? આઝાદ!...હિંદ આઝાદ!

૭ : પણ...આ તો...પોલીસે પકડી લીધા બાપુને! મધરાતે!

૧ : મધરાતની કેદમાં કૃષ્ણજન્મ થયો, અને કંસની ભોગળ-સાંકળ આપોઆપ તૂટી!

૨ : એ જ માર્ગ ! ભરી દો એ પરદેશી સરકારનાં કેદખાનાં ! એ કેદના દરવાજા નહિ, પણ આઝાદીનાં દ્વાર ખૂલે છે !

૩ : બહાર રહીને પણ કેદ જ ભોગવવાની છે ને ? આ જ તો આખું હિન્દ બંદીખાનું બની ગયું છે. ભય લાગે છે શું ?

૪ : અરે શાનો ભય ? કડી-સળિયાનો ભય તો ક્યારનો યે ભાગી ગયો !

૫ : ત્યારે હવે કેદખાનાની બહાર રહે એ બેટા !

૬ : ચાલો કેદખાને !

૭ : એ જ માર્ગ !

વિવેચન : પછી ગોળમેજી પરિષદનો ઇતિહાસ તો સહુ જાણે જ છે. હિંદુ-મુસ્લિમ ફાટફૂટ પણ સહુ જાણે છે.

## દૃશ્ય છઠ્ઠું

થોડા અંગ્રેજ મુત્સદ્દીઓ વિચાર કરતા દેખાય છે. એમાં એકાદ હિન્દી પણ છે.

### ધ્વનિમંડળ ૬

૧ : મુત્સદ્દીઓ, બ્રિટનના અને હિંદના! કાંઈ કરો હવે. હિંદનો કનકવો ગિન્નાઈ રહ્યો છે, ગોથાં ખાઈ રહ્યો છે. હાથમાં નહિ રહે. એક પાસ ગાંધીને શેહ પૂરો. અને બીજી પાસ મુસ્લિમ લીગને! પછી એવા પેચ લડાવો કે ગાંધીનો પગ જ લપસે! અરે મુસ્લિમોના પણ...

૨ : હા, હા. જલદી કાંઈ કરો. હજી સાધન છે. હિંદુ, મુસલમાન, હરિજન, શીખ, આદિવાસી, બ્રાહ્મણ, દ્રવિડ, ખ્રિસ્તી : એવા એવા ભૂતભડાકા જલદી સળગાવો. નહિ તો...આભ ફાટ્યું છે હવે!

૩ : પેલા હરિજનોને તો ગાંધીએ ક્યારના અપનાવી લીધા છે... છતાં એ પણ કામ લાગશે. ગોળમેજી પરિષદ ભરીએ. અને હિંદી પ્રજાનાં સર્વ તત્ત્વો અને ઘટકોને ભેગાં કરીએ...હા ...હા...દેવતા અને દારૂ! જુઓ પછી ભારતની આતશબાજી! ગાંધીવાદીઓ અને રડ્યાખડ્યા મુસ્લિમો ભલે પછી એકતાનાં ગીત ગાય! એ મેળ મળવાનો જ નહિ!...દેડકાંની પાંચશેરી! એ જ ઠીક છે.

## દૃશ્ય સાતમું

બેત્રણ મુસ્લિમોને મનાવતા બેત્રણ હિંદુઓ.

ધ્વનિમંડળ ૭

૧ ઊઠે આવાઝ કાબાથી સુણો પંડિત 'યા અલ્લા!
ઊઠે એ શબ્દ કાશીથી સુણો ૐકાર અય મુલ્લા!
અય કાઝી! અહો બ્રાહ્મણ! બતાવો ભેદ ક્યાં ભાળ્યો?
કહો, એ ઈશ કે અલ્લા વસે ક્યાં? ક્યાંઈ નિહાળ્યો?
ચરાચરમાં વસે તેને પુકારી રામ પૂજે છે;
કહેશો કે યવન હૃદયે કદી ના રામ ગુંજે છે?
કહો છો પાક અલ્લાની રહમ દુનિયાં ભરી ફેલે!
પૂછું, કાફર જિગરમાં શું રહમ દરિયાવ ના રેલે!
ન પૂછો પંડિતોને, ના, ન પકડો કાઝીનાં પલ્લા!
મિલાવી હાર ને હૈયાં, પુકારો ઈશ એ અલ્લા!

૧–મુસ્લિમ : શું હિંદુઓની કરામત છે! કહે છે 'ઈશ એ અલ્લા!' પણ 'અલ્લા એ જ ઈશ' એવું તેમનાથી કહેવાતું નથી! એમનો ઈશ પહેલો અને અમારો અલ્લા પછી! એમ?

૨–હિંદુ : અરે બિરાદર! શું આમ વાંકું પાડો છો? જેમાં તેમાં?

૩–મુસ્લિમ : નહિ, નહિ, નહિ! અમે મુસ્લિમ! હિંદુથી જુદા જ! અમારો મઝહબ જુદો...

૪–હિંદુ : હજારો વર્ષથી ભેગાં રહીએ છીએ તો ય?

૫–મુસ્લિમ : હા, હા, હા! અમારી જાત પણ જુદી–પછી ભલે ચોથી પેઢી ઉપર અમારા પૂર્વજો હિંદુ હોય।

---

૧. ગઝલ.

૬ : હિંદુ : ગાંધીજી તમને કોરો ચેક આપે છે. હિંદનું આખું રાજ લખાવી લો !

૭–મુસ્લિમ : નહિ નહિ, હિંદુઓની એ ચાલબાજી નહિ ચાલે.

૮–હિંદુ : પણ કઈ ચાલબાજી ? અરે...ગાંધી સરખો સંત ઘૂંટણિયે પડે છે...જરા શરમ કે લાજ......

૯–મુસ્લિમ : અમે તલવારબહાદુર મુસ્લિમો ! અમને અડધોઅડધ ભાગ—

૧૦–મુસ્લિમ : અરે અડધો નહિ; એથી પણ વધારે ભાગ અમે માગીએ. અમે સંખ્યામાં ઓછા છીએ એમ કહો છો ? અમારી જૂની બાદશાહત યાદ છે?...જોઈ છે અમારી તાકાત ?... બસ, પાકિસ્તાન...

વિવેચન : Divide and rule–ભાગલા પાડો અને રાજ્ય કરો એ નીતિને સફળતા મળવા લાગી અને આવ્યું એટલામાં વિશ્વયુદ્ધ અંક બે !

## દૃશ્ય આઠમું

કવાયત કરતી ટુકડી.

ધ્વનિમંડળ ૮

[ ડંકા અને રણભેરી વાગે છે. એમાંથી એક યુદ્ધ-સંગીત જાગે છે. ]

પ્રલયના વાગી રહ્યા ભણકાર !
ખખડતા ખડગ તણા ખણકાર !
જાગ્યા ભૈરવ જાગી જોગણી
જાગી ત્રિપુરની આંખ;
મોત જાગ્યું પૃથ્વી પાતળે
ઊડે પવનની પાંખ......પલયના૦
ધર્મ ધખ્યો ! માનવતા સળગી !
ભૂત પ્રેતના જાગ;
રાષ્ટવાદ રાક્ષસ બની બાળે
મહા શયતાની આગ......પ્રલયના૦

૧ : એ યુદ્ધને–અરે કોઈ પણ હિંસક યુદ્ધને હિંદનો સાથ ન હો ! માનવીની બુદ્ધિ, સંસ્કૃતિ, અરે માનવતા શું એવી મરી ગઈ છે કે આમ રુધિરના નાયગરા વહાવવા પડે ?

૨ : કોણ ઉચ્ચારે છે એ શબ્દો ? યુદ્ધમાં જે સાથ નહિ આપે તે સરકારનો સાથીદાર નહિ ! એ રાજદ્રોહી !

૩ : એ શબ્દો ઉચ્ચારે છે અમારા મહાત્મા ગાંધી ! માનવતાને હિંસા ન ખપે, જુઠ્ઠાણું ન ખપે, સ્વાર્થ ન ખપે...ગમે તે સરકાર હોય તો ય !

૪ : પણ એ જ હિંસા, જુઠ્ઠાણું અને સ્વાર્થ અમારા ઉપર આક્રમણ કરે છે એનું શું ? જર્મનો જુઠ્ઠા છે એ ન જોયું ?

૫ : પહેલાં તો તમારાં જેટલાં આક્રમણ હોય એ પાછાં ખેંચી લો. પછી અજમાવો એ મહાત્માનો અસહકાર.

૬ : એ કેમ બને ? મારનાર અમને આવી મારી નાખવાનો.

૭ : મારનારને આશીર્વાદ આપો, પણ તમારો આત્મા નહિ. મરી જાઓ, પણ મારો નહિ, અને મારનારની આજ્ઞા માનો નહિ !

૮ : એમાં તો મારનારનો વિજય થવાનો !

૯ : મરેલા દેહ ઉપર વિજય કેવો ? એ તો વિજયનો પડછાયો માત્ર છે. અપરાજિત આત્મા આક્રમણ ઉપર સદા ય વિજયી છે. પૂછો ઈસુ ખ્રિસ્તને ! આજ ઈસુ જીવે છે કે એને મારનારા ?

૧૦ : એમાં અમને કશું સમજાય નહિ. એ સમજે તમારો અર્ધનગ્ન ફકીર કે તમે અર્ધજંગલી હિંદવાસીઓ ! અમને સમજાવતા પહેલાં તમે તમારા જ હિંદુમુસ્લિમ ઝઘડા જ એ રીતે પતાવો ને ?

૧૧ : પરદેશી સત્તાધારીઓ ! એ આપનાં કરતૂત છે. આપ અહીંથી પધારો એટલે અમે અમારું ફોડી લઈશું. Quit India ! જ્યાંથી આવ્યા ત્યાં પાછા પધારો ! આ યુદ્ધ અને આ ઝઘડા એ તમારી આક્રમણનીતિના જ ભડકા છે

૧૨ : અરે, આ જર્મની તમને ખાઈ જશે...જાપાન ખાઈ જશે !

૧૩ : પરોપકારનો સ્વાંગ ભજવવો હવે બસ કરો. તમે પણ અમને ખાધેલા જ છે ને–દોઢસો વર્ષથી ?

૧૪ : એમ ? જોવું છે ? અમે જઈએ પછી સંભાળજો. મુંબઈ–કરાંચીના બારાંમાંથી અમને પાછા ન બોલાવવા પડે !

૧૫ : પાછા જરૂર બોલાવીશું. પણ તે મિત્ર તરીકે; માલિક તરીકે નહિ.

૧૬ : અરે, અરે ! આ ગોરાઓ તો ચાલ્યા...પણ તે હિન્દના ટુકડા કરીને...

૧૭ : વર્ષોની–યુગયુગની પરતંત્રતાનું એટલું કલંક સ્વીકાર્યે જ છૂટકો !...એક ભારતના બે ટુકડા...અરે ! એ કેમ સહ્યું જાય ?

૧૮ : બે ટુકડે–પણ સ્વરાજ્ય તો મળ્યું ! એક મોતી દાણાની બે દાળ. સંબંધ–એકતા તૂટવાનાં નથી...ભૂમિએ એક બનાવ્યા છે...પાછાં ભેગાં થઈશું.

૧૯ : મુસ્લિમ બિરાદરો ! એ વાક્ય પર ધુરકિયું ન કરો !

૨૦ : ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે આપણે સહુ સ્વતંત્ર બન્યા !

૨૧ : હિંદનો સ્વતંત્ર ત્રિરંગી ધ્વજ આજ ઘેર ઘેર લહેરાય છે ! એક નેજા નીચે હિંદુ, મુસ્લિમ, પારસી, શીખ, બૌદ્ધ અને ખ્રિસ્તી આજ એકતા અનુભવે છે ! યુગજૂની જંજીર આજ તૂટે છે !

૨૨ : સંતોની, ઋષિમુનિઓની, ઇલ્મીઉલ્માઓની, સાધુ ફકીરની, કિસાન-મઝદૂરની સંસ્કૃતિને માથે આજ મુગટ ધરાવાય છે ! આનંદો સહુ કોઈ ! પોકારો વંદે માતરમ્ !

[ વંદે માતરમ્નો સામુદાયિક પોકાર સંભળાય છે. અને આછા સંગીતસૂર રેલાય છે ]

**જનગણ મન અધિનાયક જય હે !**
**ભારત-ભાગ્યવિધાતા.........**

વિવેચન : અરે ! પણ પંદરમી ઑગસ્ટે ગાંધીજી આપણી સ્વાતંત્ર્ય-ઉજવણીમાં હાજર નથી. સંતનું એ લક્ષણ ! આઝાદી પછી પણ આપણાં પાપ ધોવા એ સતત તપશ્ચર્યા કરે છે અને હિંદુ-મુસ્લિમ એકતાની વેદિ ઉપર દેહ હોમે છે.

## દૃશ્ય નવમું

[ ફૂલહાર લઈ બે બાલિકાઓ રાહ જોઈ ઊભી છે. ]

ધ્વનિમંડળ

૧ : પણ ક્યાં છે એ આપણો—ભારતનો ભાગ્યવિધાતા ? તપશ્ચર્યા એની અને સ્વરાજ્ય મળ્યું હિંદીઓને ! અરે, એને દુશ્મન લેખતા લીગવાદીમુસ્લિમોને પણ !

૨ : લાવો એ મહાત્માને ! બોલાવો અમારા બાપુને ! એના વગરનો ઉત્સવ આડંબર લાગે છે !

૩ : એને પુષ્પે—અરે ! હીરામોતીથી વધાવીએ ! એની સુવર્ણમૂર્તિઓ ઊભી કરીએ ! એના રજતકીર્તિસ્તંભો રચીએ ! એને માટે દીપાવલિ કરીએ !

૪ : બાપુ ! આવો ! તમને ખભે ઊંચકી અમે નાચીએ ! આવો ! ઉત્સવ માણો !

૫ : હિંદસ્વાતંત્ર્યનો ઉત્સવ એટલે બાપુના ભેખનો, બાપુના પંચાગ્નિનો, બાપુની આજીવન તપશ્ચર્યાનો ઉત્સવ !

૬ : ઉત્સવઘેલા હિંદીઓ ! બાપુ અહીં નથી. આજ એ તો ફરે છે નોઆખલીના કાદવકીચડમાં ! પીડિતોની ઝૂંપડીઓમાં ! હિંદુ-મુસ્લિમ મહોલ્લાઓનાં ખૂની ખંડેરોમાં ! ઝેર અને આગના તાંડવમાં !

૭ : સ્વરાજ્યની ઉષા ટાંકણે આપણે શું આ અઘોર કૃત્ય આદર્યું છે ! ભાઈભાઈને આપણે કાપીએ છીએ ! પાડોશીનાં ઘર બાળીએ છીએ ! આપણી જ મા, બહેન, દીકરીની લાજ લૂંટીએ છીએ ! મન વચન અને કર્મથી આપણે ગોઝારા,

આતતાયી બની ગયા છીએ...અરે...સ્વરાજ્ય આમ ઊગ્યું શું? રુધિરરંગે?

૧ : જુઓ, જુઓ! આપણાં હીરામોતી ઝીલવા નહિ પણ આપણા ખૂની હાથને પાછા ખેંચવા, ધોઈ સ્વચ્છ કરવા પવનપાવડી ઉપર ઊડતા ગાંધીજી પધાર્યા.

૨ : મહાત્મા ગાંધીનો જય!

૩ : સાંભળો, સાંભળો! બાપુ આવીને કાંઈ બોલે છે! શું કહ્યું એમણે?

૩ : આઝાદી પહેલાં અને આઝાદી પછી એનાં એ જ બાપુનાં સૂત્રકથન :

અહિંસા વગર આરો નથી.

જીત પ્રેમની જ હોય.

એક પણ માનવી ભૂખ્યો હોય ત્યાં સુધી બીજા માનવીથી જમાય નહિ.

મરીને જીવો; મારીને નહિ.

યંત્ર નફા માટે નહિ, માનવીની સરળતા માટે હોય.

જે ધર્મ ઝઘડા ઊભો કરે એ ધર્મ અધર્મ બન્યો સમજવો.

૫ : અરે, પણ ગાંધીજી એકલા મુસ્લિમોને જ સાચવવા બેઠા છે શું? આ પચાસ કરોડ રૂપિયા પાકિસ્તાનને પધરાવી દીધા!

૬ : બોલ્યું પાળવું એ આર્યસંસ્કૃતિનો મુદ્રાલેખ. ગાંધીજી એટલે આર્યસંસ્કૃતિનો અર્ક.

૭ : ગાંધીજીનું કામ હવે પૂરું થયું. સ્વરાજ્ય મળ્યું. હવે એ ખસી હિમાલય જાય તો ગંગા નાહ્યા. એમની મુસ્લિમપરસ્તી સહી જતી નથી!

૧ : હિંદનો એકેએક મુસ્લિમ નિર્ભય ન બને ત્યાં સુધી ગાંધીજી હવે ખસે જ નહિ — એમને ખસવા દેવા ય નહિ — દિલ્હીથી.

૨ : કેમ એમ?

૩ : સ્વરાજ્ય તો મળ્યું, પણ હજી એમાંથી રામરાજ્ય ખીલવવું

બાકી છે. રામરાજ્ય એટલે શું ? જે રાજ્યમાં અન્યાય ન હોય – સરખો ન્યાય સહુને મળે એ રામરાજ્ય. જ્યાં શોષણ ન હોય, જ્યાં નફાખોરી ન હોય ત્યાં રામરાજ્ય. સત્તા અને સેવા જે રામરાજ્ય એકાર્થી બને એ રામરાજ્ય...આ તો બધાંયની આંખ, બધાંયના હાથ અને બધાંયના પગ...ખુરશીઓ ભણી ખેંચાવા લાગ્યા !

[ધૂન સંભળાય છે: "રઘુપતિ રાઘવ રાજારામ..." ]

૪ : ખરેખર ! ગાંધીજીને ખસવા ન જ દેવાય. લાખો માનવી એના દંતરહિત ઉચ્ચાર સાંભળવા ટોળે મળે છે. ગોરા ગવર્નર જનરલ અને જવાહર હજી એમની આસપાસ સહકુટુંબ ફર્યા કરે છે. લોખંડી સરદાર એમની જ અહિંસામાંથી લોખંડને પાણીદાર બનાવે છે. એ સત્યાગ્રહી ગાંધીનો દેહ ખસે તો ય એણે પૂરેલા પ્રાણ હિંદમાંથી ન જ ખસે......

૫ : આજ સાંભળીએ ગાંધીજી શું કહે છે તે. વીસમી સદીના એ બુદ્ધ ! પ્રજાની વાણીમાં પ્રજાને એ જે કહે છે તે સાચું જ લાગે છે...

૬ : પણ હજી પ્રાર્થનાસભામાં બાપુ પધાર્યા નહિ...સહજ વાર લાગી...

૭ : આવ્યા, આવ્યા :

૧ : એ આવે જગતના પાપનો ભાર વહન કરી સહજ વળેલી સ્કંધ !

૨ : ચશ્માંની ચમક નીચે સતત સત્ય નિહાળવા તરવરતી એ જ આંખ ! સત્ય સિવાય બીજે એ જુએ જ નહિ...

૩ : માનવજાતનાં દુઃખદારિદ્રયના સતત ચિંતનમાં સ્થિર બની ગયેલી એ જ લલાટ ત્રિવલ્લી ! – ભલે એને કરચલી કહો !

૪ : હાસ્ય અને કરુણા વચ્ચે ઝૂલતું એ જ મુખમંડલ !

૫ : કિસાન મઝદૂરની સહોદરી શોધતું એનું એ જ અર્ધવસ્ત્ર !

૬ : શોષિતોની દાઝે દાઝતાં એ જ રક્ષણ રહિત—પગરખાં રહિત ઉઘાડાં પગલાં !

૭ : અને પેલો સત્યસ્તશોભન દંડ ? એ દેહને ટેકો એક કદરૂપી લાકડીનો ! રામનામનું જાણે પ્રતીક ! એને સોનાની લાકડી ન ખપે.

૧ : નથી સાંભળતો એ જયનાદ ! નથી નિહાળતો એ કોટી કોટી સલામ કે પ્રણામ ! પરવા નથી એને રક્ષણની ! એ માગે તો અબઘડી કોટી માનવીઓ એની આસપાસ વજ્રદીવાલ બની જાય. પણ નહિ ! એનો તો સભર ભર્યા રામનું રખવાળું ! નીચેથી ઊંચે ય ન જુએ ને !

૨ : પ્રભુનો પયગંબર !

૩ : શાંતિનો ફિરસ્તો !

૪ : એ જ મોહનદાસ...મહામૂલો !

૫ : એ જ મોહનદાસ ગાંધી ! માનવજીવનના પુણ્યનો એ પુંજ ! અમારો મહાત્મા !

૬ : હિંદના હૃદય હૃદય ઉપર રમતો અમારો બાપુ !

૭ : કૃષ્ણ પછી ઘેર ઘેર ગવાતો કોઈ હોય તો તે એ જ ! રાષ્ટ્રપિતા...

[ સહજ સૂચક શાન્તિ વ્યાપે છે. ]

૧ : શું થયું ? કોણ એ બાપુની પાસે જાય છે ?

[ એક વાઘમાં ચીસ—આછી ચીસ સંભળાય છે. ત્રણ પિસ્તોલના અવાજ સંભળાય છે. તુરત એક ધીમા, હળવા, ફૂંક સરખા ગાંધીઉદ્ગાર સંભળાય છે. ]

૨ : હે...રામ !

[ એકાએક સ્મશાનવત્ શાંતિ વ્યાપે છે, અને તુરત કોલાહલ મચે છે, ઉતાવળા ઉદ્ગારો સંભળાય છે. ]

૩ : બાપુ પડ્યા !...
૪ : બાપુ ઢળ્યા !...
૫ : બાપુ ગયા !...
૬ : હિંદનો આધાર ગયો !...
૭ : ભારતનાં ભાગ્ય ફૂટ્યાં...

[વધારે વાદ્યો ચીસ પાડી ઊઠે છે. જે શાન્ત પડતાં શાન્ત પણ દુ:ખભર્યા ઉદ્‌ગારો સંભળાય છે.]

૧ : હિંદનાં આંસુ ઠરી ગયાં ! હિંદનો પ્રાણ થીજી ગયો !
૨ : ચરણસ્પર્શને પાત્ર એકનો એક માનવી ! હજાર વર્ષે હાથ લાગ્યો ! એને આપણે સાચવી ન શક્યા !
૩ : યમરાજ ! એક દસકો તો થોભવું હતું ? એના સ્પર્શની તમને યે તાલાવેલી લાગી શું ?
૪ : દસકો આપ્યો હોત તો અમારું સ્વરાજ્ય જરૂર રામરાજ્ય બનત ! હવે તો...
૫ : જ્યાં જ્યાં એની પગલીઓ પડી ત્યાં ત્યાં એની પાવડીઓ પૂજીએ.
૬ : જ્યાં જ્યાં એણે વાણી ઉચ્ચારી ત્યાં ત્યાં શારદાપીઠો સ્થાપીએ !
૭ : જ્યાં જ્યાં એણે ઉપવાસ આદર્યા ત્યાં ત્યાં મણિમંદિરો રચીએ !
૮ : જ્યાં એનો દેહ પડ્યો ત્યાં...
૯ : અરે ! કોણ કહે છે કે બાપુનો દેહ પડ્યો ? બાપુ ગયા કહેનારની જીભ જુઠ્ઠી છે !
૧૦ : ત્યારે આ રાજઘાટની સ્મશાનયાત્રા...
૧૧ : બાપુએ કઈ ક્ષણે પોતાના દેહને પોતાનો ગણ્યો હતો ? બાપુને દેહ હતો જ ક્યારે ? જીવન અને મૃત્યુના ફૂલદડા ઉછાળતો એ મહાત્મા તો એકેએક હિંદવાસીના હૃદયમાં જીવતો છે.
૧૨ : કેમ જીવવું એનું શિક્ષણ આપી કેમ મરવું એ બાપુ જાતે જ શીખવી ગયા ! નહિ ? બાપુનું મૃત્યુ તો મરી ગયું ! ક્યારનું યે !

૧૩ : અને હવે બાપુના ચિરંજીવી આત્માને ખંજર ભોંકવાં હોય તો આપણે હિંસક બનીએ, શોષક બનીએ, ખુરશીઓ ખોળીએ, છબીઓ પડાવીએ, ફૂલહાર ઉધરાવીએ, કાળાં બજાર કરીએ...

૧૪ : બાપુનું અવસાન એટલે માનવતાનું અવસાન! બાપુનું જીવન એટલે માનવતાનું જીવન! એ માત્ર ભારત-ભાગ્યવિધાતા નથી; એ તો આખી માનવજાતનો ભાગ્યવિધાતા છે. બાપુ છે જ! જીવંત છે! આ રહ્યા! ભારતને જ નહિ; આખા વિશ્વને ઉજાળવું છે એ બાપુના જીવન વડે! ...એ જ સ્મિત... દેખાય છે ને? આપણી આંખ અને આપણાં હૈયાં એનાથી જ ભરેલાં છે...

[સમૂહધ્વનિ સંભળાય છે। મહાત્મા ગાંધીની જય!]

[ગીત સાથે દૃશ્ય સમેટાય છે. દૃશ્ય સમેટાતાં બે બાલિકાઓ ગાંધીજીની છબી કે પ્રતિમાને ફૂલહાર અર્પણ કરે છે]

જનગણ મન અધિનાયક જય હે!

ભારત-ભાગ્યવિધાતા...

• •